બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

અહલે સુન્નત વ જમાઅત

એટલે

મસ્લકે આ'લા હઝરત

નું અજોડ મુખપત્ર


# બરકાતે ખ્વાજા (માસિક)

**ઓક્ટોબર-૨૦૨૧**

સફરુલ મુઝફ્ફર-રબીઉલ અવ્વલ

હિજરી સન : ૧૪૪૩

વર્ષ : ૧૮, અંક : ૧૦, સળંગ અંક : ૨૧૩

**સ્થાપક અને પ્રકાશક**

ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા



**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)

C/o. ફયૂઝાને રઝા મંઝિલ, દયાદરા-૩૯૨૦૨૦

તા. જિ. ભરૂચ, ગુજરાત, મો. ૯૬૬૪૫૨૧૪૭૭

9427464411 PhonePe/Paytm/G Pay

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com


**બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ**

A/c. No. 34620100000303

Razvi Kitab Ghar

IFSC Code : BARB0DAYADR

**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂ. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂ. | ૨૩૦/- |
| વિદેશ માટે | રૂ. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂ. | ૨,૨૦૦/- |
| આજીવન | રૂ. | ૫,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂ. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂ. | ૨૦,૦૦૦/- |


: માનદ તંત્રી :

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## ● અનુક્રમણિકા ●



| | | |
|---|---|---|
| 01 | નબી બાઈખ્તિયાર ! સહાબીનો અકીદો, નબી લાચાર ! વહાબીનો અકીદો ! | 04 |
| 02 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન | 09 |
| 03 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત (ભાગ : ૨) | 12 |
| 04 | હદાઈકે બખ્શિશ (ભાગ : ૨) | 14 |
| 05 | અફઝલિયતે સિદ્દીકે અકબર رضی اللہ عنہ પહેલાંથી લઈને હાલના બુઝુર્ગોની દષ્ટિએ | 17 |
| 06 | કાનૂને શરીઅત | 20 |
| 07 | لَيْسَ مِنَّا 'તે અમારો નથી' | 23 |
| 08 | અવામી ગલતફેહમિયાં ઔર ઉનકા શરઈ હલ | 25 |
| 09 | હશ્ત બહિશ્ત (મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત) | 27 |
| 10 | હઝરત બાયઝીદ બુસ્તામી رحمۃ اللہ علیہના હાલાત.... | 29 |
| 11 | ઈર્શાદાતે ઈમામ રબ્બાની મુજદ્દિદ અલ્ફેષાની رحمۃ اللہ علیہ | 32 |
| 12 | હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ رضی اللہ عنہ | 36 |
| 13 | મીલાદુન્નબી صلی اللہ علیہ وسلمની બરકત અને બિદઅતની હકીકત | 41 |
| 14 | હુઝૂર صلی اللہ علیہ وسلمનો વયોવૃધ્ધ લોકો સાથે સદ્વર્તાવ | 45 |
| 15 | બરકાતે ખ્વાજાની ટપાલ | 49 |


## જશ્ને મીલાદ હમ મનાએંગે

જશ્ને મીલાદ હમ મનાએંગે	રબસે સદકા નબીકા પાએંગે
દૂર દિલકી સિયાહી કરનેકો	મેહફિલે નઅત હમ સજાએંગે
આજકી શબ હૈ રહ્મતોંકી શબ	રબકી રહ્મતમેં હમ નહાએંગે
માંગના હૈ તો મદીના માંગો	સદકએ મીલાદ વો બુલાએંગે
દેખકર કબ્રમેં હુઝૂરકો હમ	નઅતે સલ્લિ અલા સુનાએંગે
મુઝકો ઝાલિમ ન સમઝના બેબસ	મેરે આકા મુઝે બચાએંગે
અપની આંખોંકી હિફાઝત કરના	અપના જલ્વા તુમ્હેં દિખાએંગે
અપને કાનોંકી હિફાઝત કરના	મુઝદહ્ બખ્શિશકા વો સુનાએંગે
અપને હાથોંકી હિફાઝત કરના	જામ કૌષરકે વો પિલાએંગે
કાશ ! ફર્મા દેં હશ્રમેં આકા	આ જા **'શાકિર'** તુઝે નિભાએંગે

**અઝ :** અતાએ મુફતીએ આ'ઝમ અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી

હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી રઝવી-મુંબઈ



# નબી બાઈખ્તિયાર ! સહાબીનો અક઼ીદો
# નબી લાચાર વહાબીનો અક઼ીદો !

તંત્રી લેખ..

અલ્લાહના પ્યારા મહબૂબ, આખરી નબી, બાઈખ્તિયાર નબી, ગયબદાં નબી, શાફએ મેહશર, હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺની શાનમાં બેઅદબી કરવી એ વહાબી, દેવબંદી, અહલે હદીષ, મૌદૂદી વગેરેના ધર્મમાં પાયાનો અક઼ીદો છે. જેમ કે વહાબી, દેવબંદી પેશવા મોલ્વી ઈસ્માઈલ દહેલ્વીએ "તક઼વિયતુલ ઈમાન" (એટલે "ઈમાનને મજબૂત કરનારી કિતાબ" પણ હક઼ીકતમાં એ "તફ્વિયતુલ ઈમાન" એટલે "ઈમાનને બર્બાદ કરનાર" કિતાબ છે !)માં ચીતર્યું જેનો ગુજરાતી અનુવાદ "હસન ભડકોદ્રવી"એ કર્યો જેને કંથારીયા ભરૂચના દારુલ ઉલૂમ અરબિય્યહવાળાએ પ્રકાશન નં. ૯૬ રૂપે, પ્રકાશિત કરેલ છે. જેના પેજ નં. ૩૧ પર શિર્કની હક઼ીક઼ત ટાઈટલ સાથે લખેલ છે કે.... *મુસીબત ટાણે એને જ (એટલે ફક્ત અલ્લાહને) પોકારવામાં આવે, તે જ દરેક સ્થળે હાઝિર–નાઝિર છે, અને દરેક પ્રકારનો તસર્રુફ તેમ જ અધિકાર એના કબ્જામાં છે.* ***આ વાતોમાંથી કોઈ જો અલ્લાહ તઆલા સિવાય અન્ય કોઈમાં સાબિત કરવામાં આવે તો એ "શિર્ક" લેખાશે.*** *ચાહે એને ખુદાથી નાનો સમજવામાં આવે અને એને ખુદાની મખ્લૂક઼ તથા એનો બંદો જ માનવામાં આવે. વળી* ***આ બાબતમાં નબી, વલી, જિન્નાત, શયતાન, ભૂત, પલીત અને પરી વગેરે સૌ એક સરખાં છે.*** *(ગુજરાતી તકવિયતુલ ઈમાન, પેજ : ૩૧)*

એ જ કિતાબના પેજ નં. ૩૫ પર દેવબંદીએ લખ્યું છે કે : ***ચાહે તેને ઝાતી–આપબળે મેળવેલું માનવામાં આવે કે અલ્લાહ તઆલાએ અર્પણ કરેલું, દરેક સૂરતમાં આ શિર્કભર્યો અક઼ીદો લેખાશે.***

## ★ વહાબીનો અક઼ીદો : નબી લાચાર બંદા ! ★

એ જ કિતાબના પેજ નં. ૬૬ પર લખ્યું છે કે : ..... *અલ્લાહ તઆલાએ આપને જ હુકમ ફર્માવ્યો કે લોકોની સામે પોતાની વિસાત વર્ણવી દો કે* ***મને કાંઈ જ કુદરત (અખત્યાર) પ્રાપ્ત નથી અને હું ગૈબ પણ જાણતો નથી. મારી કુદરતનો અંદાજો આટલેથી જ લગાડી લો કે, "હું સ્વજાત માટેય નફા–નુકસાનનો માલિક નથી" તો બીજાઓને તો શું લાભ–નુકસાન પહોંચાડી શકવાનો હતો ?*** *(ગુજરાતી તક઼વિયતુલ ઈમાન, પેજ : ૬૬)*

એ જ કિતાબના પેજ નં. ૧૦૯ પર આ અંદાઝમાં લખ્યું છે : ***"જેનું નામ મુહમ્મદ કે અલી છે તે કોઈ ચીજના માલિક અને મુખ્તાર નથી."*** *(શું આ રસૂલના દુશ્મનની બોલી નથી લાગતી ?!)*

આ વહાબી દેવબંદી અક઼ીદો છે કે : **નબી વલી સામાન્ય લોકો જેમ આજિઝ, લાચાર બંદા છે બલ્કે નબી વલીને જિન્નાત, શયતાન, ભૂત, પલીત બરાબર બતાવીને મહાન ગુસ્તાખી પણ કરવામાં આવી.**

## ★ અખત્યાર અને લાચારી કોને કહેવાય ? ★

અલ્લાહે દરેક માણસને કાંઈ ન કાંઈ અખત્યાર આપેલ છે, એ આપણે દુનિયાભરમાં જોઈ રહ્યા છીએ. દા.ત. પોતાના ઘરમાં પુરૂષોના અખત્યારો એ હોય છે કે ઘરના આંત્રિક તથા બાહ્ય મામલાઓમાં જે ચાહે તે

ફૈંસલો કરે, સ્ત્રીઓના અધિકારો ઘરના આંત્રિક મામલાઓમાં હોય છે. કોઈ સ્કૂલ કે કોલેજના પ્રિન્સિપાલ કે ડીનને એના ક્ષેત્રને લગતા અખત્યારો હોય છે. કલેકટરને પૂરી ડિસ્ટ્રીકટના પર હુકમ ચલાવવાના અખત્યારો હોય છે. એ જ પ્રમાણે મિનિસ્ટરને પોતાના મંત્રાલય પૂરતા, ચીફ મિનિસ્ટરને રાજ્ય પૂરતા, વડાપ્રધાનને દેશ પૂરતા અખત્યારો હોય છે. અને સર્વના હાથ નીચેના લોકો એમના હુકમો પર ચાલવા બંધાયેલા અને તેમના હુકમોના પાલન માટે લાચાર હોય છે, કે એમના અખત્યારો સામે એમનું કાંઈ જ ચાલતુ નથી. જેનો હોદ્દો જેટલો મોટો એટલા અધિક તેના અખત્યારો હોય છે.

ઈન્સાન તથા જિન્નાતના આક઼ા તથા મૌલા હુઝૂર સૈયદે આલમ ﷺનો મર્તબો આખી કાઈનાત (સૃષ્ટિ)માં સૌથી ઉચ્ચતમ છે જેથી અહલે સુન્નત વ જમાઅતનો અક઼ીદો છે કે આપણા આક઼ા તથા મૌલા ﷺને અલ્લાહ તબારક વ તઆલાએ સૌથી અધિક અખત્યારો અર્પણ કરેલ છે. આ અખત્યારો કેવળ દુનિયવી બાબતોમાં જ નહીં બલ્કે દીની બાબતોમાં પણ આપને ઉપલબ્ધ છે.

આશ્ચર્યની વાત છે કે આ વહાબી દેવબંદીઓ કલેકટરના તથા મિનિસ્ટરોના અખત્યારોને તો માને છે પણ નબી વલી કે જેઓ અલ્લાહના મહબૂબ બંદાઓ છે તેમને અખત્યારવાળા માનવાને **શિર્ક** કહે છે ! એમની બુદ્ધિમાં સડો લાગી ગયો છે ! આવો, એને દૂર કરવા કોશિશ કરીએ, જો એમના નસીબમાં હશે તો તૌબા કરશે.

## ★ કુર્આનમાં નબીના અખત્યાર વિશે ઉઘાડી આયત ★

એક વાત સમજી લો કે સર્વ મુસલમાન ઉમ્મતનો એ અક઼ીદો છે કે જીવંત કરવું, શિફ઼ા આપવી, તંદુરસ્ત કરવું, આખોની બીનાઈ આપવી....વગેરે કેવળ અને કેવળ અલ્લાહના જ અખત્યારમાં છે. અલ્લાહની જાત સિવાય કોઈનામાં આ વાતોનો **હક઼ીક઼ી** તથા **જાતી (સ્વજાતે)** અખત્યાર નથી. પરંતુ જેને અલ્લાહ ﷻ "ઈઝ્ન" અતા કરે (ઈજાઝત આપે) અને અખત્યાર આપે તે પણ મુડદાં જીવતાં કરી શકે છે, બીમારોને શિફ઼ા આપી શકે છે, આંધળાઓને દષ્ટિ આપી શકે છે. કુર્આન પઢો : હઝરત ઈસા علیہ السلامએ પોતાની ક઼ૌમને ફર્માવ્યું :

اَنِّیْ قَدْ جِئْتُكُمْ بِاٰیَةٍ مِّنْ رَّبِّكُمْ ۙ اَنِّیْۤ اَخْلُقُ لَكُمْ مِّنَ الطِّیْنِ كَهَیْـَٔةِ الطَّیْرِ فَاَنْفُخُ فِیْهِ فَیَكُوْنُ طَیْرًۢا بِاِذْنِ اللّٰهِ ۚ وَ اُبْرِئُ الْاَكْمَهَ وَ الْاَبْرَصَ وَ اُحْیِ الْمَوْتٰى بِاِذْنِ اللّٰهِ ۚ

**"હું તમારી પાસે એક નિશાની લાવ્યો છું તમારા રબની તરફથી કે હું તમારા માટે માટીમાંથી પક્ષી જેવી સૂરત બનાવું છું પછી તેમાં ફૂંક મારું છું તો તરત જ તે પક્ષી બની જાય છે અલ્લાહના હુકમથી, અને હું શિફ઼ા આપુ છું માદરઝાદ આંધળાને અને સફેદ દાગવાળાને અને હું મુડદાં જીવંત કરું છું અલ્લાહના હુકમથી."** *(સૂરએ આલે ઈમરાન, આ. ૪૯)*

અલ્લાહના આપવાથી જ્યારે હઝરત ઈસા علیہ السلامને આ અખત્યારો છે જેનું એલાન કુર્આન કરી રહેલ છે તો પછી હવે શું કહેવું છે વહાબી દેવબંદીનું ? શું રબની અતાથી નબીનો અખત્યાર સાબિત ન થયો ? અને તમે જે કુર્આની આયત قُلْ اِنِّیْ لَاۤ اَمْلِكُ لَكُمْ ضَرًّا وَّ لَا رَشَدًا "તમે ફર્માવો, હું તમારા કોઈ બુરા ભલાનો માલિક નથી." *(સૂરએ જિન,૭૨/૨૧)* રજૂ કરી નબી વલીને બેઈખ્તિયાર સાબિત કર્યા તો એ તમારું ખોટુ અર્થઘટન છે, કેમ કે એ આયત કહેવા માગે છે કે **રબની અતા વિના કોઈને કોઈ અખત્યાર નથી, અને એ તો અમો પણ કહીએ છીએ.** પણ "રબના અર્પણ કરવા છતાં નબી વલીને અખત્યારવાળા માનવું શિર્ક છે" એવો તમારો અક઼ીદો

બાતિલ ગલત છે એનું એલાન કુર્આનની ઉપરોક્ત *સૂરએ આલે ઈમરાન*ની આયત કરી રહી છે. શું કુર્આનમાં વિરોધાભાસી આયતો છે ? હરગિઝ નથી. તો પછી **શું આ આયતો પર તમારું ઈમાન નથી ?** જો છે તો કુર્આનમાં વિરોધાભાસ જણાય તેવો ભાવાર્થ આયતોનો ન બનાવો, અને તૌબા કરો અને ગલત અક઼ીદા ફેલાવી લોકોને પણ તમારી સાથે જહન્નમી ન બનાવો. અન્ય પણ આયતો નબી વલીના અખત્યાર દર્શાવતી છે પણ અહીં આ જ બસ છે.

## ★ શું આ સહીહ હદીષો હુઝૂર علیہ الصلوٰۃ والسلامનો અખત્યાર પુરવાર કરવા પૂરતી નથી ?! ★

એક હદીષમાં છે : ...........બેશક ! હું તમારો સહારો તથા ગવાહ છું. બેશક ! ખુદાની ક઼સમ ! હું મારા હોજને (હૌઝે કૌષર)ને અત્યારે પણ જોઈ રહ્યો છું. બેશક ! મને જમીનના ખજાનાઓની કૂંજીઓ અથવા જમીનની કુંજીઓ આપી દેવામાં આવી. (સહીહ બુખારી, ૨/૯૧) બીજી હદીષમાં છે : હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું : મને જવામિઉલ કલમ (થોડા શબ્દોમાં ખૂબ જ અર્થો સમાયેલ હોય તેવી વાતો)ની સાથે મોકલવામાં આવ્યો છું, અને રોઅફ વડે મારી મદદ કરવામાં આવી છે. **હું સૂઈ રહ્યો હતો એવામાં જમીનના ખજાનાઓનો મને માલિક બનાવવામાં આવ્યો અને કૂંજીઓ મારા હાથમાં રાખી દેવામાં આવી.** *(સહીહ બુખારી, ૪/૫૪)* જો હજી બદઅક઼ીદા વહાબી દેવબંદી કહે કે "જેનું નામ મુહમ્મદ કે અલી છે તે કોઈ ચીજના માલિક તથા મુખ્તાર નથી." એ તેની હઠધર્મી છે જે તેને જહન્નમમાં લઈ જશે.

હુઝૂર ﷺએ ફર્માવ્યું : اِنَّمَا اَنَا قَاسِمٌ وَخَازِنٌ وَاللّٰہُ یُعْطِیْ "હું વહેંચનારો તથા ખજાનચી છું અને અલ્લાહ અર્પણ કરનારો છે." (સહીહ બુખારી, ૪/૮૪) શું આમાં હુઝૂર ﷺના અખત્યારનું વર્ણન નથી ?!

## ★ શું આવો અખત્યાર પણ કોઈને મળ્યો છે ખરો ?! ★

હદીષમાં છે : જ્યારે રસૂલુલ્લાહ ﷺ બીમાર થયા તો આપની બારગાહમાં હઝરત જિબ્રઈલ હાજર થયા અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ અલ્લાહ તબારક વ તઆલાએ મને ખાસ કરીને આપની ઈજ્જત તથા એહતેરામના માટે મોકલ્યો છે જેથી અલ્લાહ તઆલા જો કે આપના હાલાતને આપથી બેહતર જાણનાર છે તેના તરફથી હું આપના મિજાઝ શરીફના બારામાં પૂછું. આપે ફર્માવ્યું, હે જિબ્રઈલ ! હું મને પોતાને ગમઝદા તથા તકલીફમાં જોઉં છું. જિબ્રઈલ علیہ السلام બીજા દિવસે હાજર થયા અને પછી એ જ વાત પૂછી તો આપે પણ એ જ જવાબ આપ્યો, જે પહેલા દિવસે આપ્યો હતો. ત્રીજા દિવસે પણ એ જ જવાબ આપ્યો. પરંતુ આ વખતે એમની સાથે એક એવો ફરિશ્તો પણ આવ્યો જે એવા એક લાખ ફરિશ્તાઓનો સરદાર હતો, જેમનામાંથી દરેક ફરિશ્તો એક એક લાખ ફરિશ્તાઓનો સરદાર હતો. એ ફરિશ્તાએ આપનાથી ઈજાઝત તલબ કરી તો આપે એના બારામાં પૂછયું. હઝરત જિબ્રઈલ علیہ السلامએ અર્ઝ કરી, આ મલકુલ મૌત (મૌતનો ફરિશ્તો) છે આપનાથી ઈજાઝત માગી રહેલ છે. તેણે આપનાથી પહેલાં કોઈની ન ઈજાઝત માગી છે અને ન આપના બાદ કોઈનાથી ઈજાઝત માગશે. આપે તેમને ઈજાઝત આપી દીધી. પછી તે ફરિશ્તાએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ અલ્લાહ તઆલાએ મને આપની પાસે મોકલ્યો છે કે જેથી **આપ મને ઈજાઝત આપો કે હું આપની રૂહ મુબારક ક઼બ્ઝ કરી લઉં.** અને **જો આપે રૂહ ક઼બ્ઝ કરવાની ઈજાઝત ન આપી તો હું રૂહ ક઼બ્ઝ કરીશ નહીં.** આપે ફર્માવ્યું, હે મલકુલ મૌત ! શું તમે એવું જ કરશો જેવું હું કહીશ ?! ફરિશ્તાએ અર્ઝ કરી, મને એનો જ હુકમ થયો છે અને ફર્માવવામાં આવ્યું છે કે આપની આજ્ઞાનુ પાલન કરું. રસૂલુલ્લાહ ﷺએ મલકુલ મૌતને

ફર્માવ્યું કે જે તમને હુકમ આપવામાં આવ્યો છે તેના પર અમલ કરો. જેથી મલકુલ મૌતે આપની રૂહ મુબારક કબ્ઝ કરી લીધી." *(દલાઈલુન્નબુવ્વત લિલ બયહકી, પ્રકાશક દારુલ કુતુબુલ ઈલ્મિયા, ૭/૨૬૭)*

મૌતનો એક સમય દરેકનો નિશ્ચિત છે. રૂહ કબ્ઝ કરવામાં રજમાત્ર મોડુ કે ઢીલ કરવામાં આવતી નથી. પણ ઉપરોક્ત હદીષ વારંવાર વાંચો કે અલ્લાહે હુઝૂર ﷺને કેવો અખત્યાર આપ્યો અને કેટલી ઈજ્જત આપ ﷺને અર્પણ કરી છે. દેવબંદી વહાબી જુએ કે **"જેમનું નામ મુહમ્મદ (ﷺ) છે તેમનો આ અખત્યાર છે !"** અને બદ્‌અકીદગીથી તૌબા કરે.

## ★ આ છે નબીનો અખત્યાર : મૂસા علیہ السلامએ મલકુલ મૌતને તમાચો માર્યો ! ★

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે. નબી કરીમ ﷺએ ફર્માવ્યું : "હઝરત મૂસા علیہ السلامની પાસે મલકુલ મૌત આવ્યા અને આપને અર્ઝ કરી કે આપના રબ તઆલાની પાસે ચાલો ! આ સાંભળીને મૂસા علیہ السلامએ મલકુલ મૌતને એવો તમાચો માર્યો કે તેમની આંખ બહાર નીકળી ગઈ. મલકુલ મૌત અલ્લાહની બારગાહમાં પરત જતા રહ્યા અને અર્ઝ કરી, હે મારા રબ ! તેં મને એવા બંદાની તરફ મોકલ્યો જે મૌતનો ઈરાદો જ નથી ધરાવતો અને એણે મારી આંખ પણ કાઢી નાખી છે. અલ્લાહ તઆલાએ મલકુલ મૌતની આંખ પરત કરી અને ફર્માવ્યું કે જા અને મારા બંદાથી અરજ કર કે શું તમો અધિક જિંદગીનો ઈરાદો ધરાવો છો ? જો ઈરાદો છે તો તમારો હાથ કોઈ બળદની પીઠ પર રાખો અને જેટલા વાળ હાથની નીચે આવે એટલા વરસોની આપને જિંદગી અતા કરવામાં આવશે. હઝરત મૂસા علیہ السلامએ ફર્માવ્યું, ત્યારબાદ પછી શું થશે ? મલકુલ મૌત علیہ السلامએ અર્ઝ કરી, પછી આપને મૌત આવશે. આપે ફર્માવ્યું, હવે તો નજીક જ છે. (તો અત્યારે કેમ નહીં ?!) (સહીહ મુસ્લિમ, ૪/૧૮૩૪, પ્રકાશક : દારુલ હયાઉત્તરાષિલ અરબી, બૈરૂત) કોઈ પણ ફરિશ્તાનું અપમાન સામાન્ય બંદો કરે તો એ કુફ્ર છે. પણ અહીં નબીનો મર્તબો જુઓ કે મલકુત મૌત علیہ السلامને તમાચો માર્યો છતાં રબ તરફથી કોઈ ચેતવણી ન મળી બલ્કે આપને માનભેર એ જ ફરિશ્તાએ આપની ઈચ્છા વિશે પૂછયું કે આપ હજી જીવન ચાહો છો ?! આ રબ તરફથી મળેલ અખત્યાર નથી તો શું છે ?! *(અકાઈદો મા'મૂલાતે અહલે સુન્નત, મુંબઈ)*

## ★ અખત્યારવાળા નબીએ કહ્યું, માગ ! સહાબીએ માગ્યો જન્નતમાં સાથ ! ★

હઝરત રબીઆ બિન કઅબ અસ્લમી رضی اللہ عنہથી મરવી છે. તે ફર્માવે છે : હું રાતમાં રસૂલુલ્લાહ ﷺની સાથે રહ્યા કરતો હતો. એકવાર હું આપના માટે વુઝૂ તથા કઝાએ હાજત માટે પાણી લાવ્યો તો આપે ફર્માવ્યું, "હે રબીઅહ ! માગો !" મેં અર્ઝ કરી, "હું આપનાથી જન્નતમાં આપનો સાથ માગુ છું." રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, "એના ઉપરાંત બીજુ કાંઈ માગવું છે તો તે પણ માગી લો !" મેં અર્ઝ કરી, "મને આ જ પૂરતુ છે." આપે ફર્માવ્યું, "તો પછી અધિક સજદા કરીને તમારા મામલામાં મારી મદદ કરો."

*(સહીહ મુસ્લિમ, ૧/૩૫૩, દારુલ હયાઉત્તરાષિલ અરબી, બૈરૂત)*

આ હદીષથી અંદાઝો કરી શકીએ છીએ કે અલ્લાહ તઆલાએ સૈયદે આલમ ﷺને જન્નતના પણ માલિક બનાવ્યા, એટલા માટે તો હઝરત રબીઆના જન્નત માગવા પર આપે એવું નથી ફર્માવ્યું કે, આ મારા અખત્યારથી બહાર છે બલ્કે તેમની એ ડિમાન્ડને કબૂલ પણ ફર્માવી અને સાથોસાથ એ પણ ફર્માવ્યું કે હજી પણ અધિક કાંઈ માગવાનુ હોય તો માગી લો ! એનાથી જાણવા મળે છે કે અલ્લાહ તઆલાએ આપને એટલા પ્રમાણમાં

અખત્યારો અર્પણ કર્યા છે કે એ વખતે હઝરત રબીઆ જે પણ માગી લેતા આપ તે અતા કરી આપતા.

**શું રસૂલે પાક ﷺને અખત્યારવાળા સમજીને હઝરત રબીઆ رضی اللہ عنہએ જન્નતમાં આપ ﷺનો સાથ માગ્યો તો શિર્ક કર્યું ?!** દેવબંદી વહાબી બતાવે કે શિર્કનું જ્ઞાન સહાબીને વધારે કે વહાબીને ?!

## ★ હુઝૂર ﷺનો અખત્યાર નમાઝની હાલતમાં પણ જુઓ ! ★

શરઈ હુકમ એ છે કે જ્યારે કોઈ શખ્સ નમાઝની હાલતમાં હોય અને નમાઝ દરમિયાન તેને કોઈ બોલાવે તો તેના પર વાજિબ તથા જરૂરી છે કે પ્રથમ તે નમાઝ સંપૂર્ણ કરી લે પછી તેને જવાબ આપે. જો નમાઝ દરમિયાન જવાબ આપ્યો તો નમાઝ ફાસિદ થઈ (તૂટી) જશે, એને ફરી પઢવી પડશે, પણ રસૂલુલ્લાહ ﷺનો અખત્યાર જુઓ : જેવું કે હઝરત સઈદ બિન મુઅલ્લા رضی اللہ عنہથી મરવી છે. આપ કહે છે : હું મસ્જિદમાં નમાઝ અદા કરી રહ્યો હતો એવામાં રસૂલુલ્લાહ ﷺએ મને અવાજ આપ્યો, પરંતું હું જવાબ ન આપી શકયો. પછી નમાઝ સંપૂર્ણ કર્યા બાદ હું ખિદમતમાં હાજર થયો અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ હું નમાઝમાં હતો. આપ ﷺએ ફર્માવ્યું, શું અલ્લાહ તઆલાએ નથી ફર્માવ્યું કે اسْتَجِيبُوا لِلَّهِ وَلِلرَّسُولِ إِذَا دَعَاكُمْ અલ્લાહ તથા તેના રસૂલના બોલાવવા પર હાજર થઈ જાવ જ્યારે તમને બોલાવે. *(મિશ્કાતુલ મસાબીહ, ૧/૬૫૩)*

એટલે કે નમાઝની હાલતમાં પણ રસૂલુલ્લાહ ﷺ બોલાવે તો આપની ખિદમતમાં હાજર થવું એ નમાઝી પર વાજિબ થઈ જાય છે કે પોતાની નમાઝ છોડીને હુઝૂર નબી કરીમ علیہ الصلوٰۃ والسلامની બારગાહમાં હાજર થઈ જાય અને ખિદમત પૂરી કર્યા બાદ જ્યાંથી નમાઝ છોડી હતી ત્યાંથી આગળ પઢવા લાગે. તેની નમાઝ અદા થઈ જશે, ફાસિદ થશે નહીં. આનાથી વધુ અખત્યાર કોને કહેવાતો હશે ?! છતાં વહાબી દેવબંદી જો કહે કે, **"જેનું નામ મુહમ્મદ કે અલી છે તે કોઈ ચીજના માલિક તથા મુખ્તાર નથી !"** તો એઓ પોતાના માટે જહન્નમનો સામાન કરી રહ્યા છે કે નહીં ?!

## ★ દીની હુકમોમાં રસૂલુલ્લાહ ﷺનો અખત્યાર જુઓ ! ★

હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہماથી મરવી છે. ફર્માવે છે : રસૂલુલ્લાહ ﷺએ ખિતાબ ફર્માવ્યો અને કહ્યું, હે લોકો ! તમારા પર હજ્જ ફર્ઝ કરવામાં આવ્યો. એ સાંભળીને હઝરત અક્રઅ બિન હાબિસ ઉભા થઈ ગયા અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! શું દર વર્ષે હજ્જ ફર્ઝ છે ? હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, જો મેં "હા" કહી આપ્યું તો થઈ જશે. અને જો દર વર્ષે ફર્ઝ થઈ ગયો તો તમે એને અદા કરી શકશો નહીં, અને ન તો તમારામાં એની શક્તિ છે. હજ્જ એક જ વાર ફર્ઝ છે, અને જે એનાથી વધુ કરે તે નફ્લ છે. *(મિશ્કાતુલ મસાબીહ, ૨/૭૭૪)*

જાણવા મળ્યું કે હુઝૂર علیہ الصلوٰۃ والسلامને અખત્યાર હાંસલ છે કે જ્યારે ચાહે, જે વખતે ચાહે અને જે મસ્અલા પર ચાહે ફર્ઝ કરી આપે. એ જ પ્રમાણે મિસ્વાક વિશે હુઝૂર ﷺએ ફર્માવ્યું છે કે, "જો મારી ઉમ્મત પર બોજ ન બનત તો દર નમાઝે મિસ્વાક ફર્ઝ કરી આપત." શું આ અખત્યારવાળા નબી હજી નથી જણાતા ? આ સિવાય અન્ય હદીષો હુઝૂર ﷺના અખત્યાર બાબતે છે પણ આટલે જ અટકીએ છીએ. અલ્લાહે જ્યારે પોતાના મહબૂબ ﷺને આટલા અખત્યારો આપ્યા છે તો પછી આ બદ્ અકીદાઓ વિરોધ કરીને, બેઅદબીભર્યા લખાણો લખી પોતાની દુશ્મની જાહેર કરી રહ્યા છે એ પુરવાર કરે છે કે એઓ શૈતાનના ચેલાઓ છે. જેથી એમનાથી બચો. તેમનાથી દોસ્તી, ઉઠક, બેઠક, શાદી વહેવાર વગેરે બંધ કરો, તેમાં જ સૌની દુનિયા તથા આખેરતની ભલાઈ છે. وَمَا تَوْفِيقِي إِلَّا بِاللَّهِ

કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઇનુલ ઈર્ફાન

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

સૂરએ નિસાઅ્ મદીના તય્યિબામાં ઉતરી,
એમાં ૧૭૬ આયતો, ૨૪ રૂકૂઅ છે.

إِنَّآ أَوْحَيْنَآ إِلَيْكَ كَمَآ أَوْحَيْنَآ إِلٰى نُوْحٍ وَّ النَّبِيّٖنَ مِنْۢ
بَعْدِهٖ ۚ وَ أَوْحَيْنَآ إِلٰٓى إِبْرٰهِيْمَ وَ إِسْمٰعِيْلَ وَ إِسْحٰقَ وَ
يَعْقُوْبَ وَ الْأَسْبَاطِ وَ عِيْسٰى وَ أَيُّوْبَ وَ يُوْنُسَ وَ هٰرُوْنَ
وَ سُلَيْمٰنَ ۚ وَ اٰتَيْنَا دَاوٗدَ زَبُوْرًا ﴿١٦٣﴾ وَ رُسُلًا قَدْ قَصَصْنٰهُمْ
عَلَيْكَ مِنْ قَبْلُ وَ رُسُلًا لَّمْ نَقْصُصْهُمْ عَلَيْكَ ۗ وَ كَلَّمَ
اللّٰهُ مُوْسٰى تَكْلِيْمًا ﴿١٦٤﴾ رُسُلًا مُّبَشِّرِيْنَ وَ مُنْذِرِيْنَ لِئَلَّا
يَكُوْنَ لِلنَّاسِ عَلَى اللّٰهِ حُجَّةٌۢ بَعْدَ الرُّسُلِ ۗ وَ كَانَ اللّٰهُ
عَزِيْزًا حَكِيْمًا ﴿١٦٥﴾ لٰكِنِ اللّٰهُ يَشْهَدُ بِمَآ أَنْزَلَ إِلَيْكَ
أَنْزَلَهٗ بِعِلْمِهٖ ۚ وَ الْمَلٰٓئِكَةُ يَشْهَدُوْنَ ۗ وَ كَفٰى بِاللّٰهِ
شَهِيْدًا ﴿١٦٦﴾ إِنَّ الَّذِيْنَ كَفَرُوْا وَ صَدُّوْا عَنْ سَبِيْلِ اللّٰهِ
قَدْ ضَلُّوْا ضَلٰلًاۢ بَعِيْدًا ﴿١٦٧﴾ إِنَّ الَّذِيْنَ كَفَرُوْا وَ ظَلَمُوْا لَمْ
يَكُنِ اللّٰهُ لِيَغْفِرَ لَهُمْ وَ لَا لِيَهْدِيَهُمْ طَرِيْقًا ﴿١٦٨﴾ إِلَّا
طَرِيْقَ جَهَنَّمَ خٰلِدِيْنَ فِيْهَآ أَبَدًا ۗ وَ كَانَ ذٰلِكَ عَلَى اللّٰهِ
يَسِيْرًا ﴿١٦٩﴾ يٰٓأَيُّهَا النَّاسُ قَدْ جَآءَكُمُ الرَّسُوْلُ بِالْحَقِّ
مِنْ رَّبِّكُمْ فَاٰمِنُوْا خَيْرًا لَّكُمْ ۗ وَ إِنْ تَكْفُرُوْا فَإِنَّ لِلّٰهِ
مَا فِي السَّمٰوٰتِ وَ الْأَرْضِ ۗ وَ كَانَ اللّٰهُ عَلِيْمًا حَكِيْمًا ﴿١٧٠﴾

## સૂરએ નિસાઅ્ની તફસીર

બેશક ! હે મહબૂબ ! અમે તમારી તરફ વહી મોકલી, જેમ કે વહી નૂહ અને તેમના પછીના પૈગમ્બરોને મોકલી[૩૫] અને અમે વહી મોકલી ઈબ્રાહીમ અને ઈસ્માઈલ અને ઈસ્હાક અને યાકૂબ અને તેમના પુત્રો અને ઈસા અને ઐયૂબ અને યૂનુસ અને હારૂન અને અને સુલૈમાનને વહી કરી અને અમે દાઊદને ઝબૂર અતા કરી (૧૬૩) (તે) રસૂલોને જેમનો ઉલ્લેખ અમે તમને[૩૬] આગળ કરી ચૂક્યા અને તે રસૂલોને જેમનો ઉલ્લેખ તમને કર્યો નથી[૩૭] અને અલ્લાહે મૂસા સાથે વાસ્તવમાં વાતચીત કરી[૩૮] (૧૬૪) રસૂલ ખૂશખબર દેનાર અને ભય સંભળાવનાર[૩૯] જેથી રસૂલો પછી અલ્લાહ પાસે લોકોને કંઈ બહાનું ન રહે[૪૦] અને અલ્લાહ ચઢિયાતો હિકમતવાળો છે (૧૬૫) પરંતુ હે મહબૂબ ! અલ્લાહ તેનો સાક્ષી છે જે તેણે તમારી તરફ ઉતાર્યું. તે તેણે પોતાના ઈલ્મથી ઉતાર્યું છે. અને ફરિશ્તાઓ સાક્ષી છે. અને અલ્લાહની સાક્ષી પૂરતી (છે) (૧૬૬) તેઓ જેમણે કુફ્ર કર્યુ[૪૧] અને અલ્લાહના માર્ગથી રોક્યા[૪૨] નિશંક ! તેઓ દૂરની ગુમરાહીમાં પડયા (૧૬૭) બેશક ! જેમણે કુફ્ર કર્યું[૪૩] અને હદથી વધ્યા[૪૪] અલ્લાહ કદાપિ તેમને

*માફ નહીં કરે[૪૫] અને ન તેમને કોઈ માર્ગ બતાવે (૧૬૮) પણ જહન્નમનો રસ્તો, તેમાં કાયમ માટે રહેશે. અને એ અલ્લાહને સરળ છે (૧૬૯) હે લોકો ! તમારી પાસે આ રસૂલ[૪૬] સત્ય સાથે તમારા પાલનહાર તરફથી પધાર્યા, તો પોતાના ભલા ખાતર ઈમાન લાવો અને જો તમે કુફ્ર કરો[૪૭] તો બેશક ! અલ્લાહનું જ છે જે કંઈ આસ્માનો અને જમીનમાં છે. અને અલ્લાહ જ્ઞાન અને હિકમતવાળો છે (૧૭૦) હે કિતાબવાળાઓ ! પોતાના ધર્મમાં વધારો ન કરો[૪૮] હે કિતાબવાળાઓ ! પોતાના ધર્મમાં વધારો ન કરો[૪૮] અને અલ્લાહ વિશે સત્ય સિવાય ન કહો[૪૯] મસીહ ઈસા મરયમનો પુત્ર[૫૦] અલ્લાહનો રસૂલ જ છે, અને તેનો એક શબ્દ[૫૧] જે મરયમ તરફ મોકલ્યો, અને તેના ત્યાંની એક રૂહ. તો અલ્લાહ અને તેના રસૂલો પર ઈમાન લાવો[૫૨] અને ત્રણ ન કહો[૫૩] બચતા રહો, પોતાના ભલા ખાતર. અલ્લાહ તો એક જ ખુદા છે[૫૪] તેને પવિત્રતા છે એ વાતથી કે તેને કોઈ બાળક હોય. જે કાંઈ આસ્માનોમાં છે, અને જે કાંઈ જમીનમાં છે તે તેનો માલ છે[૫૫] અને અલ્લાહ પૂરતો કામ કાઢનાર (છે) (૧૭૧)*

## :: સમજૂતી ::

**૩૫ : શાને નુઝૂલ** : યહૂદીઓ અને ખ્રિસ્તીઓએ સૈયદે આલમ ﷺને કહ્યું કે, જો તેમના માટે આકાશમાંથી એક સામટી કિતાબ ઉતારવામાં આવે તો તેઓ આપના પર ઈમાન લઈ આવશે. તે બાબત આ આયતે કરીમા ઉતરી, અને તેમના માટે દલીલ કરવામાં આવી કે હઝરત મૂસા عليه السلام સિવાય ઘણા નબીઓ એવા છે, અને જેમનામાંથી ૧૧ ના નામો આ આયતમાં ઉલ્લેખાયાં છે જેમના પર કિતાબવાળાઓ ઈમાન ધરાવે છે. તો એમનામાં કોઈના ઉપર પણ એક સામટી કિતાબ ઉતરી નથી. જ્યારે એ કારણસર એમની નબુવ્વત માન્ય રાખવામાં કિતાબવાળાઓને કશો વાંધો આવતો નથી, તો પછી સૈયદે આલમ ﷺની નબુવ્વત માની લેવામાં શું બાધ છે ? અને રસૂલો મોકલવાનો હેતુ મખ્લૂકની હિદાયત તથા અલ્લાહની એકતા (એક હોવું) અને ઓળખનો પાઠ આપવાનો અને ઈમાનની પરિપૂર્ણતા તેમજ ઈબાદતના નિયમોની તા'લીમ આપવાનો છે. થોડી થોડી કિતાબ ઉતરવાથી આ હેતુ વધારે સારી રીતે પ્રાપ્ત થાય છે. કારણ કે થોડુ સરળતાથી હૃદયમાં બેસતું જાય છે. આ રહસ્યને ન સમજવું અને વાંધાવચકા કાઢવા મહાન મૂર્ખતા છે.

**૩૬** : કુર્આન શરીફમાં નામો સહિત કરી ચૂક્યા છીએ.

**૩૭** : અને હજુ સુધી જેમનાં નામોની વિગત કુર્આન પાકમાં વર્ણવવામાં આવી નથી.

**૩૮** : તો જે રીતે હઝરત મૂસા عليه السلام સાથે વગર માધ્યમે વાતચીત કરવી બીજા નબીઓ માટે આંચરૂપ નથી, જેમની સાથે એ રીતે વાતચીત કરવામાં આવી નથી. તો એ જ રીતે મૂસા عليه السلام પર એક સામટી કિતાબ ઉતરવી બીજા નબીઓની નબુવ્વતને જરા પણ નુકસાનકારક નથી થઈ શકતું.

**૩૯** : ઈમાન લાવનારાઓને સવાબની ખુશખબર અને કાફિરોને અઝાબનો ભય સંભળાવનાર.

**૪૦** : અને એવું કહેવાની તક ન મળે કે જો અમારી પાસે રસૂલ આવત તો અમે તેમના હુકમ માનત અને અલ્લાહના કહ્યાગરા અને આજ્ઞાંકિત બનત.

આ આયતથી એ મસ્અલો જણાય છે કે અલ્લાહ તઆલા રસૂલ મોકલતા પહેલાં મખ્લૂક પર અઝાબ મોકલતો નથી. જેમ કે બીજી જગ્યાએ ફર્માવ્યું, وَمَا كُنَّا مُعَذِّبِيْنَ حَتّٰى نَبْعَثَ رَسُوْلًا ﴿١٥﴾ (રસૂલ મોકલતા

પહેલાં અમે અઝાબ મોકલતા નથી. *સૂરએ બની ઈસ્રાઈલ,૧૭/૧૪*) અને એ મસ્અલો પણ પુરવાર થયો કે અલ્લાહની ઓળખ ધર્મ શાસ્ત્રના વર્ણન અને નબીઓની ઝબાનથી જ પ્રાપ્ત થાય છે, માત્ર બુદ્ધિથી એ મંઝિલ સુધી પહોંચી શકાતુ નથી.

**૪૧** : સૈયદે આલમ ﷺની નુબુવ્વતને નકારીને.

**૪૨** : હુઝૂર ﷺના વખાણ અને ગુણો સંતાડીને, અને લોકના હૃદયોમાં શંકા જગાડીને. આ હાલત યહૂદીઓની છે.

**૪૩** : અલ્લાહ સાથે.

**૪૪** : અલ્લાહની કિતાબ (તવરાત અને ઈન્જીલ)માં હુઝૂરના ઓળખ ચિન્હોમાં ફેરફાર કરીને, અને આપની નબુવ્વતને નકારીને.

**૪૫** : જ્યાં સુધી તેઓ કુફ્ર પર રહે, અથવા કુફ્રની હાલતમાં મરે.

**૪૬** : સૈયદે અંબિયા મુહમ્મદ મુસ્તફા ﷺની રિસાલતનો નકાર કરો.

**૪૭** : અને સૈયદે અંબિયા મુહમ્મદ મુસ્તફા ﷺની રિસાલતનો નકાર કરો, તો એમાં તેમનું કશું નુકસાન નથી. અને અલ્લાહ તમારા ઈમાનનો ઓશિયાળો નથી.

**૪૮. શાને નુઝૂલ** : આ આયત નસરાનીઓ બાબત ઉતરી, જેમના કંઈ કેટલાય ફાંટાઓ થઈ ગયા હતા. અને દરકે હઝરત ઈસા علیہ السلام વિશે અલગ કુફ્રી માન્યતા ધરાવતો હતો. નસ્તુરી (નામનું પાંખિયું) આપને ખુદાના પુત્ર કહેતું હતું. મરકુશી (લોકો)નું કહેવું એ છે કે તેઓ ત્રણમાંના ત્રીજા છે. અને આ શબ્દના ખુલાસાઓમાં પણ મતભેદ હતા. અમુક લોકો ત્રણ અનુક્રમ માનતા હતા, અને કહેતા હતા કે પિતા, પુત્ર અને રૂહુલ કુદ્સ. પિતા એટલે ઝાત, પુત્ર એટલે ઈસા, અને રૂહુલ કુદસ એટલે તેમનામાં પ્રવેશ કરનાર જીવન. એ મુજબ તેમની માન્યતા અનુસાર ખુદા ત્રણ હતા, અને એ ત્રણેને એક કહેતા હતા. ત્રણમાં એક અને એકમાં ત્રણના ચક્કરમાં સપડાયેલા હતા. અમુક કહેતા હતા કે ઈસા માનવ શરીર અને ખુદાનું એકીકરણ રૂપ છે, મા તરફથી તેમનામાં માનવ ખોળિયું આવ્યું. અને બાપ તરફથી અલ્લાહપણુ. તેઓ જે કંઈ કહે છે તેનાથી અલ્લાહ ખૂબ જ ઉચ્ચ છે. આ ફાંટાબાજી ખ્રિસ્તીઓમાં એક યહૂદીએ જ જન્માવી હતી, જેનું નામ બુલસ હતું. તેણે તેમને ખોટા માર્ગે ચઢાવવા આવી માન્યતાઓની તા'લીમ આપી. આ આયતમાં કિતાબવાળાઓને સતમાર્ગ દેખાડવામાં આવ્યો છે કે, તેઓ હઝરત ઈસા علیہ السلام બાબત અતિશયોક્તિથી અને કમી કરવાથી બચે, તેમને ખુદા અથવા ખુદાના પુત્ર ન કહે, અને તેમના મોભાને ઘટાડે પણ નહીં.

**૪૯** : કોઈને અલ્લાહના પુત્ર અને ભાગીદાર ન બનાવો અને પ્રવેશ તથા અકીકરણની એબ પણ ન લગાડો, અને આ સાચી માન્યતા પર રહો કે,

**૫૦** : છે. અને એ આબરૂદાર વ્યક્તિ માટે એના સિવાય બીજો કોઈ વંશ નથી.

**૫૧** : કે 'કુન' કહ્યું અને તેઓ બાપ અને વિર્ય વગર માત્ર અલ્લાહના હુકમથી જન્મ્યા.

**૫૨** : અને સત્ય માનો કે અલ્લાહ એક છે, પુત્ર અને ઔલાદથી પાક છે. અને તના રસૂલોને સાચા જાણો અને એ વાતની પણ કે હઝરત ઈસા علیہ السلام અલ્લાહના રસૂલોમાંથી છે.

**૫૩** : જેવી માન્યતા ખ્રિસ્તીઓની છે, જે ચોખ્ખુ કુફ્ર છે.

**૫૪** : કોઈ તેનો ભાગીદાર નથી.

**૫૫** : અને તે સર્વનો માલિક છે, અને જે માલિક હોય તે બાપ નથી હોતો. *(ક્રમશઃ)*

## દર્સે હદીષે પાક

## મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ એટલે મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત (ભાગ-૨)

**અઝ :** હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની علیہ الرحمۃ والرضوان

*"હઝરત તલ્હા ઈબ્ને અબ્દુલ્લાહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે નબી صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે જ્યારે તમારામાંથી કોઈ પોતાના કાઠલાને પીઠની તરફ રાખી લે, તો નમાઝ પઢતો રહે અને સામેથી પસાર થનારાઓની પરવા ન કરે[૧]." (મુસ્લિમ)*

**૧.** એટલે કે એ સુતરાની પાછળથી પસાર થાય એની પરવા ન કરે. યાદ રાખશો કે જો નમાઝીની આગળ સુતરો ન હોય તો એટલી દૂરી પર સામેથી પસાર થવું નાજાઈઝ છે જ્યાંની ચીજ નમાઝીને સજદાની જગાએ નજર રાખવા છતાં મહેસૂસ થઈ જાય.

*"હઝરત અબૂ જુહૈમથી રિવાયત છે[૧] ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, જો નમાઝીની સામેથી પસાર થનારો જાણી લેતો કે એના પર શો ગુનોહ છે તો એને ચાલીસ સુધી રોકાવું સામેથી પસાર થવા કરતાં બેહતર હોતું. અબૂ નઝર કહે છે કે મને ખબર નથી કે ચાલીસ દિવસ કહ્યા અથવા મહિના કે વરસ[૨]." (મુસ્લિમ, બુખારી)*

**૧.** આપ સહાબી છે. ઉબય ઈબ્ને કઅબના ભાણીયા છે. આપનું નામ અબ્દુલ્લાહ ઈબ્ને હારિષ ઈબ્ને સુમ્અહ અન્સારી છે. અમીર મુઆવિયહ رضی اللہ عنہ ના જમાનામાં વફાત પામ્યા.

**૨.** જાહેર એ છે કે ૪૦ વરસ ફર્માવ્યું હશે જેવું કે અમુક રિવાયતોમાં છે. મતલબ એનો જાહેર છે કે ૪૦ની સંખ્યા એટલા માટે ફર્માવી કે માણસનો દરેક હાલ ચાલીસ પર જ બદલાય છે. માના પેટમાં ચાલીસ દિવસ સુધી વિર્ય, પછી ચાલીસ દિવસ સુધી લોહી, પછી ચાલીસ દિવસ સુધી જામેલી બોટી. પેદાઈશના ચાલીસ દિવસ બાદ ચાલીસ દિવસ સુધી માને નિફ઼ાસ (સુવાવડનું લોહી વહેવું), પછી ચાલીસ વરસો સુધી ઉમરની પુખ્તગી. એટલા માટે વફ઼ાત પછી ચાલીસ દિવસ સુધી સતત ફ઼ાતિહા કરવામાં આવે છે, પછી ચાલીસમાની ફ઼ાતિહા વ્યવસ્થાપૂર્વક થાય છે.

*'અબૂ સઈદ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે જ્યારે તમારામાંથી કોઈ એવી ચીજની તરફ નમાઝ પઢે જે એને લોકોથી છુપાવી લે[૧], પછી કોઈ એની સામેથી પસાર થવા ચાહે તો નમાઝી તેને દૂર કરે[૨]. પછી જો ન માને તો તેની સાથે જંગ કરે કે તે શૈતાન છે[૩]. આ બુખારીના શબ્દો છે, મુસ્લિમમાં એના અર્થમાં છે."*

**૧.** એટલે કે એની તથા લોકોની વચ્ચે આડ બની જાય, આખુ છુપાવું મુરાદ નથી. કેમ કે હાથનો સુતરો આખા શરીરને નથી છુપાવી શકતો.

**૨.** એટલે અમલે ક઼લીલ વડે તેને હટાવી દે, પસાર થવા ન દે. જાહેર એ છે કે "અહ઼દ"માં બાળક તથા પાગલ પણ સામેલ છે, તેમને પણ પસાર થવાથી રોકવામાં આવે. અહીં સામેથી પસાર થવાનું મુરાદ છે. સુતરા તથા નમાઝીની વચ્ચેથી પસાર થવું કે એ જ મના છે.

**૩.** એટલે કે સખ્તીપૂર્વક તેને રોકે. અહીં લડવું, કત્લ કરવું મુરાદ નથી. મિર્કાતે ફર્માવ્યું છે કે જો કોઈ જાહિલ નમાઝી તેને કત્લ કરી દે તો જાણી જોઈને કત્લ કરવાના સબબે કેસાસ વાજિબ થશે, અને ખતામાં દિયત. યાદ રાખશો કે જો નમાઝી સુતરા વિના રસ્તામાં નમાઝ પઢી રહ્યો છે તો તેને પસાર થનારાઓને રોકવાનો હક્ક રહેશે નહીં, કેમ કે એમાં વાંક નમાઝીનો છે. એટલા માટે અહીં સુતરાની કેદ (શર્ત) લગાડી. શૈતાનથી મુરાદ ક્યાં તો ઉર્ફમાં બોલાતો શૈતાન છે એટલે જિન્નાતનો પ્રથમ વડવો. ત્યારે તો એ મતલબ થશે કે એને શૈતાન બહેકાવીને આ તરફ લાવી રહ્યો છે અને એના પર શૈતાન સવાર છે. અને ક્યાં તો શૈતાનથી ઈન્સાનોનો શૈતાન મુરાદ છે, જે શૈતાનો જેવું કામ કરે તો શૈતાન જ હોય છે. કુર્આને કરીમે પણ શૈતાની કામ કરનારા માણસોને "ખન્નાસ" કહેલ છે.

ઈર્શાદ ફર્માવ્યો : الَّذِیْ یُوَسْوِسُ فِیْ صُدُوْرِ النَّاسِ ۙ مِنَ الْجِنَّةِ وَ النَّاسِ ۠ "તે જેઓ લોકોના દિલોમાં વસવસા નાખે છે જિન તથા માણસ." *(સૂ. નાસ, ૧૧૪/૫,૬)*

આ હદીષથી બે મસ્અલા સાબિત થયા, એક એ કે દીની કામોમાં ખલેલ પાડનાર સખત મુજરિમ છે જેથી જે લોકો મસ્જિદોની પાસે શોર મચાવે, રેડિયોનાં ગાયનો વગાડે તેઓ આના પરથી બોધ ગ્રહણ કરે કે નમાઝીની આગળથી પસાર થનારો એટલા માટે મુજરિમ છે કે નમાઝીનું ધ્યાન ભંગ કરે છે. બીજુ એ કે જો કોઈ મુજરિમ નરમીથી ન માને તો તેને સખ્તીથી રોકવામાં આવે. આ સખ્તી પણ તબ્લીગનો એક પ્રકાર છે.

એ છુપાવનારી ચીજ દીવાલ હોય અથવા થાંભલો કે લાકડી વગેરે કે કોઈ સામે બેઠેલા માણસ હોય અથવા ઊંટ વગેરે જાનવર એ સૌ સુતરામાં સામેલ છે.

*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી[૧]થી રિવાયત છે. ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે કે નમાઝને સ્ત્રી તથા ગધેડુ તથા કૂતરુ તોડી નાખે છે[૧] અને કાઠલાની પુશ્તી (બેઠક) જેટલી ચીજ એને બચાવી લે છે[૨]."*

**૧.** એટલે કે જો નમાઝીની સામે થઈને એમાંથી કોઈ પસાર થાય તો ધ્યાનભંગ થશે અને નમાઝનો ખુશૂઅ તથા ખુઝૂઅ જતો રહેશે. અહીં નમાઝ તૂટવાથી મુરાદ નમાઝનું બાતિલ થવું નથી. ખુલાસો એ છે કે જે નમાઝીથી આગળથી પસાર થવાનો વબાલ બંને પર પડે છે, પસાર થનારો સખત ગુનેહગાર થાય છે અને નમાઝીનું દિલ હાજર નથી રહેતું. આ ત્રણના ઉલ્લેખની હિકમત અલ્લાહ અને રસૂલુલ્લાહ ﷺ જ જાણે છે.

**૨.** એટલે કે સુતરાની બરકતથી તેની નમાઝ સુરક્ષિત રહેશે અને પસાર થનારો ગુનેહગાર થશે નહીં. બંનેને એનો ફાયદો પહોંચશે.

*"હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે ફર્માવે છે કે નબી કરીમ ﷺ રાતમાં નમાઝ પઢતા હતા જ્યારે કે હું આપની દરમિયાન એવી રીતે સૂતેલી હતી જેવી રીતે જનાઝો રાખવામાં આવે છે[૧]. (મુસ્લિમ, બુખારી)*

**૧.** હુજરા શરીફ નાનો હતો જેમાં નવાફિલ માટે અલગ જગા બની શકતી ન હતી. એટલા માટે હુઝૂર ﷺની તહજ્જુદની કેફિયત આ પ્રમાણે હતી. આ હદીષથી જાણવા મળ્યું કે સ્ત્રીનું નમાઝીની આગળથી પસાર થવું અલગ છે અને આગળ રહેવું કાંઈ અલગ છે. પસાર થવું મના છે આગળ હોવું મના નથી. નિર્દેશ રૂપે એ પણ જાણવા મળ્યું કે સ્ત્રીના પસાર થવાથી પણ નમાઝ તૂટશે નહીં. આ હદીષ પાછલી હદીષની જાણે તફસીર છે.

# હદાઈકે બખ્શિશ

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ
:: શરહકર્તા ::
મૌલાના ગુલામહસન કાદરી (લાહોર)
:: અનુવાદક તથા સંપાદક ::
પટેલ શબ્બીર અલી રઝવી

**જાઉં કહાં પુકારું કિસે કિસકા મુંહ તકું**
**ક્યા પુરસિશ ઔર જા ભી સગે બેહુનરકી હૈ**

**અર્થાત :** હે મારા પ્યારા નબી ! ﷺ હું આપનો દરે અક઼દસ છોડીને કયા દરવાજા પર જાઉં ? ભલા આપના સિવાય કોણ મને મોં આપે ? અને આપને યા રસૂલલ્લાહ ! યા રસૂલલ્લાહ ! ﷺ કહી કહીને ન પુકારું તો અન્ય કોને પુકારું ? અને આપનો રૂખે વદુહા ન જોઉં તો અન્ય કોને જોઉં ?! *અબ મેરી નિગાહોં પે જચતા નહીં કોઈ*

હું આપને છોડીને કોઈ અન્ય જગાએ જો જઈશ તો મારા જેવા સગે બેહુનરનો કોઈ હાલ પૂછશે નહીં. મારી અરજ ક઼બૂલ કરી લો અને કરમની ભીખ અતા કરો.

**બાબે અતા તો યહ હૈ, જો બહકા ઈધર ઉધર**
**કૈસી ખરાબી ઈસ નુધરે દર બદરકી હૈ** *(નુધર = નકામા)*

**અર્થાત :** હે મારા આક઼ા ! બખ્શિશ તથા અતાનો દરવાજો તો આપનો જ છે જે બદનસીબ આપનો દરે અક઼દસ છોડીને આમ તેમ ભટકતો રહ્યો તે બદબખ્ત નકામો દર બદરની ઠોકરો ખાયને જરૂર પોતાની આખેરત બર્બાદ કરી બેસશે.

**આબાદ એક દર હૈ તેરા ઔર તેરે સિવા**
**જો બારગાહ દેખીએ ગૈરત ખંડર કી હૈ**

**અર્થાત :** હે મારા આક઼ા ! મેં મારી આંખો વડે દુનિયાદારોના મોટા મોટા દરબાર જોયા છે અને તમામે તમામ ઉજડેલા જોયા છે. વિરાન તથા નિર્જન ખંડેર પણ તેમને જોઈને શરમાય છે કે આ તો અમારા કરતાં પણ વધુ વિરાન છે. જો કાઈનાતમાં કોઈ બારગાહ અને આસ્તાનો આબાદ છે તો કેવળ આપનો જ મુબારક આસ્તાનો મદીના મુનવ્વરા છે, અને આપથી અરજ પણ એ જ છે કે જ્યારે હું પરત થાઉં તો જ્યાં પણ જાઉં :–

*ગુંબદે ખદ્‌રા મીનાર તસવ્વુરમેં રહે–આરઝૂ હર ઘડી વો મન્ઝર સુહાને માંગે*
*દિલ હૈ ક્યા સાદા વ નાદાં કે બસ અપની ધુનમેં–ફિર વહી બઝ્મે રિસાલતકે ઝમાને માંગે*

ચર્ચા હેઠળના શેઅરની શરહ હદાઈકે બખ્શિશમાં આ પ્રમાણે કરવામાં આવી છે : ''અવલિયાએ કિરામની બારગાહો હુઝૂરની જ બારગાહો છે. કેમ કે હુઝૂર ﷺની જ ગુલામીથી તેઓ અવલિયા બન્યા અને વાસ્તો તથા વસીલો બન્યા, ત્યાં સુધી કે અંબિયા પણ હુઝૂર ﷺના જ તુફૈલી અને ફૈઝ અતા કરવામાં હુઝૂરના જ નાયબ છે.

**લબ વા હૈં, આંખેં બંદ હૈં ફૈલી હૈં જોલિયાં**
**કિતને મઝેકી ભીક તેરે પાક દરકી હૈ**

*(લબ = હોઠ. વા = ઉઘાડા)*

**અર્થાત :** સુબ્હાનલ્લાહ ! હે મારા કરીમ આક઼ા ! ﷺ મેં આપના દરબારમાં જે દશ્યો જોયાં એમાંથી એ મન્ઝર પણ મેં જોયો છે કે આપની બારગાહથી માગવાવાળાઓના હોઠ ખુલેલા છે, આંખો બંધ કરીને જોલીઓ ફેલાવીને ઉભેલા છે. યા રસૂલલ્લાહ ! ﷺ આપના દરે અક઼દસ (પવિત્ર દરવાજા)ની ભીખ કેટલી મઝેદાર છે કે આપ આપવાથી નથી થાકતા અને માગવાવાળા માગવાથી નથી હટતા.

**ઘેરા અંધેરિયોંને ઢાઈ હૈ ચાંદ કી**
**તન્હા હૂં કાલી રાત હૈ મન્ઝર ખતરકી હૈ**

*(ઢાઈ = ફરિયાદ)*

**અર્થાત :** મને ચો તરફથી અંધારાંઓએ ઘેરી રાખ્યો છે. એક તો એકલો છું, બીજુ રાત કાળી સિયાહ છે અને મંઝિલ ખતરાઓ, આફતો તથા મુસીબતોથી ભરેલી છે. હે તયબહના ચાંદ ! મહબૂબે ખુદા ! ﷺ આપની જ બારગાહમાં ફરિયાદ છે, એક જ જલ્વાથી સર્વ અંધારાંઓને દૂર કરી આપો.

**કિ઼સ્મતમેં લાખ પેચ હોં, સો બલ, હઝાર કુજ**
**યહ સારી ગુથ્થી એક તેરી સીધી નઝરકી હૈ**

*(પેચ = ગુંચવણો, બલ = ચક્કર, કુજ = ટેઢાપણુ, ગુથ્થી = ઉલઝન)*

**અર્થાત :** હે મારા પ્યારા આક઼ા ! ﷺ અમારી કિસ્મતમાં સો પ્રકારની ગુંચો, લાખો ચક્કર તથા હજારો ટેઢાપણાઓ ભલે હોય, પણ આપની નિગાહે કરમની સામે તો એ કોઈ સમસ્યા જ નથી ! આપની સીધી નિગાહે કરમથી અમારી કિ઼સ્મતનાં સર્વ ટેઢાપણાં દૂર થઈ જશે.

*કરમકી એક નઝર હમ પર ખુદારા યા રસૂલલ્લાહ ! ﷺ*
*હૂં તુમ્હારા મૈં, તુમ્હારા, તુમ્હારા યા રસૂલલ્લાહ ! ﷺ*

**ઐસે બંધે નસીબ ખુલે મુશ્કિલેં ખુલી**
**દોનોં જહાંમેં ધૂમ તુમ્હારે કરમકી હૈ**

**અર્થાત :** હુઝૂર ! અમને ખબર છે કે આપની બારગાહમાં જો કોઈ બદનસીબ આવ્યો છે ખુશનસીબ બનીને પરત થયો છે. કોઈ કેટલીય મુશ્કેલીઓમાં ફસાયેલો આવ્યો છે તેની મુશ્કેલીઓ હલ થઈ ગઈ છે. હે મારા આક઼ા ! ﷺ બેસહારાને ટેકો કરવો અને મુસીબતના માર્યાઓની મદદ, બેકસો તથા લાચારોની સહાય કરવી આપનું જ કામ છે, જેની ધૂમ બંનેવ જહાનોમાં મચેલી છે.

**જન્નત ન દેં, ન દેં તેરી રૂયત હો ખૈર સે**
**ઈસ ગુલ કે આગે કિસકો હવસ બર્ગો બરકી હૈ**

*(બર્ગોબર = પાંદડાં તથા ફૂલો, રૂયત = દીદાર)*

**અર્થાત :** આ શેઅરનો ખુલાસો હદાઈક઼ે બખ્શિશના હાશિયામાં આ પ્રમાણે છે : જાહેરી રીતે જોતાં જન્નતથી જાણે નિઃઆકર્ષણ જાહેર કર્યું પણ એ શર્ત પર કે હુઝૂરે અક઼દસ ﷺનો દીદાર ખૈરની સાથે થાય. અને

યકીનન ! માલૂમ છે કે જેને હુઝૂર ﷺનો દીદાર ખૈરથી થશે, જન્નત તેના કદમોથી લાગેલી છે. પછી અશક્ય છે કે તેને જન્નત ન આપે. તદ્ઉપરાંત આશિકો કદાપિ પોતાના મહબૂબના સિવાય ગુલ તથા બુલબુલ, મધ તથા દૂધની તરફ ધ્યાન નથી કરતા.

**શરબત ન દેં, ન દેં, તો કરે બાત લુત્ફસે**
**યહ શહદ હો તો ફિર કિસે પરવા શકરકી હૈ**

**અર્થાત** : હે મારા આકા ! ﷺ ચાલો ! મને તરસ છીપાવવા શરબત મળે કે ન મળે કોઈ વાંધો નહીં, પણ આપના મીઠા વેણોથી અને પ્યારી મીઠી મીઠી વાતોની લિજ્જતથી તો મેહરૂમ ન ફર્માવો. જો આપની વાતોની લિજ્જત નસીબ થતી રહે તો પછી ભલા શહદ (મધ)ની હાજરીમાં ખાંડની કોણ પરવા કરશે !

**મૈં ખાનાઝાદ કુહના હૂં સૂરત લિખી હૂઈ**
**બંદો કનીઝોંમેં મેરે માદર પિદર કી હૈ**

*(ખાનાઝાદ = ઘરમાં પેદા થનારો (ગુલામ). કુહના = પૂરાણો. બંદો = ગુલામો. કનીઝોં = લોંડીઓ)*

**અર્થાત** : હુઝૂર ! હું તો આપનો ખાનાઝાદ તથા પૂરાણો ગુલામ છું. બલ્કે હુઝૂર ! મારાં માબાપનું નામ પણ આપના ગુલામો તથા બાંદીઓમાં લખેલું છે. જેથી આપની બાંદી તથા આપના ગુલામનો પુત્ર થઈને આપનો ખાનઝાદ ગુલામ ઠર્યો. તો પછી હું આપની દુહાઈ ન આપુ તો પછી કોની સામે ફરિયાદ કરું !

**મંગતા કા હાથ ઉઠતે હી દાતા કી દૈન થી**
**દૂરી કુબૂલો અર્ઝ મેં બસ હાથભરકી હૈ**

**અર્થાત** : અને હે ગુલામાને મુસ્તફા ! ﷺ આપણા આકાનો દરવાજો તો તે છે કે જેવો માગનારો હાથ પણ ઉઠાવે છે તો તેની જોલી ભરી દેવામાં આવે છે. બસ, માગવા તથા આપવામાં આ જ એક હાથભર (હાથ ઉઠવા)ના જેટલી વાર લાગે છે.

હઝરત ઈમામ હસન رضی اللہ عنہની પાસે એક સવાલી આવ્યો. તેણે કાંઈક માગ્યું તો આપે તેને માગવાથી અધિક આપ્યું અને માફી પણ માગી કે જો મને જાણ થઈ જાત તો હું તને માગવાથી પહેલાં આપી દેતો અને તારે માગવાની ઝિલ્લત તથા તકલીફ કરવી ન પડતી. એ જ હાલ હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہનો પણ હતો. કોઈકે શું સરસ કહ્યું છે : *સિબ્તૈન કી જબ હશ્રમેં આયેગી સવારી–ગુલ હોગા કે વો આતે હૈં ખૂબાને મદીના*

**સુનકી વો દેખ બાદે શફાઅત કે દે હવા**
**યહ આબરૂએ 'રઝા' તેરે દામાને તરકી હૈ**

*(સુનકી = જુનૂની. બાદ = હવા. આબરૂ = ઈજ્જત. દામાને તર = ખૂબ અધિક ગુનાહ મુરાદ છે)*

**અર્થાત** : હે પાગલ, દીવાના તથા સૌદાઈ (ગદાએ દરે ખૈરુલ વરા અટલે ઈમામે અહલે સુન્નત પ્યારા !) અહમદ રઝા ! તારું રૂદન તથા પોકાર સાંભળીને જો શફાઅતની હવા ચાલી પડી છે અને وَاسْتَغْفَرَ لَهُمُ الرَّسُوْلُની કાર્યવાહી શરૂ થઈ ગઈ છે. અને આ સર્વ કાંઈ હે રઝા ! તારા ગુનાહોની અધિકતાનો ઈલાજ કરવા માટે થઈ રહ્યું છે. હાશિયા હદાઈકે બખ્શિશમાં છે : "કોઈના દામનને સૂકવવા માટે હવા આપવામાં આવે છે અને તર દામની ઈસ્તેઆરા છે ગુનાહોથી, એટલે કે તારા તર (ભીના) દામનને હવા આપવા માટે આ જો શફાઅતની હવા ચાલી !"

# અફઝલિયતે સિદ્દીકે અકબર رضی اللہ عنہ

## પહેલાંથી લઈને હાલના બુઝુર્ગોની દૃષ્ટિએ

હપ્તો : છેલ્લો

### ચેતવણી

અહલે સુન્નત વ જમાઅતની નિશાની એ હોવી જોઈએ કે જે દીની બુઝુર્ગના ફઝાઈલ વર્ણન કરવા હોય તે જેવુ હોય એવું વર્ણન કરવામાં આવે. તેમને વર્ણન કરતી વખતે કોઈ અન્ય માનનીય દીની હસ્તીની તરફ ટીપ્પણી ન કરવામાં આવે કે દૂરનો પણ તૌહીનનો અણસાર પેદા થાય. કેમ કે આપણા માટે સર્વ દીનની અગ્રગણ્ય હસ્તીઓ સન્માનને પાત્ર છે. સૌ આપણા માટે અક઼ીદતનું કેન્દ્ર છે, સૌથી મહોબ્બત અને સૌની તા'ઝીમ આપણા ઈમાનનો તકાઝો છે. જેમ કે ઈમામે અહલે સુન્નત ઈમામ અહમદ રઝા ક઼ાદરી رحمۃ اللہ علیہ લખે છે :

كَيْفَ وَ لَيْسَ حُبُّ الصَّحَابَةِ لِذَوَاتِهِمْ وَ لَاحُبُّ اَهْلِ الْبَيْتِ لِاَنْفُسِهِمْ، بَلْ حُبُّهُمْ جَمِيْعًا لِوُصْلَتِهِمْ بِرَسُوْلِ اللّٰهِ ﷺ، فَمَنْ اَحَبَّ رَسُوْلَ اللّٰهِ ﷺ، وَجَبَ اَنْ يُّحِبَّهُمْ جَمِيْعًا، وَ مَنْ اَبْغَضَ بَعْضَهُمْ ثَبَتَ اَنَّهٗ لَا يُحِبُّ رَسُوْلَ اللّٰهِ ﷺ، فَلَا نُفَرِّقُ بَيْنَ اَحَدٍ مِّنْهُمْ كَمَا لَا نُفَرِّقُ بَيْنَ رُسُلِ رَبِّنَا صَلَوَاتُ اللّٰهِ وَ سَلَامُهٗ عَلَيْهِمْ، وَ مَنْ اَحَبَّ اَبَا بَكْرٍ وَ لَمْ يُحِبَّ عَلِيًّا كَالنَّوَاصِبِ وَالْخَوَارِجِ عُلِمَ اَنَّهٗ اِنَّمَا يُحِبُّ ابْنَ اَبِىْ قُحَافَةَ، لَا خَلِيْفَةَ رَسُوْلِ اللّٰهِ ﷺ وَ حَبِيْبَهٗ وَ صَاحِبَهٗ وَمَنْ اَحَبَّ عَلِيًّا وَ لَمْ يُحِبَّ اَبَا بَكْرٍ كَالرَّوَافِضِ، عُلِمَ اَنَّهٗ اِنَّمَا يُحِبُّ ابْنَ اَبِىْ طَالِبٍ، لَا اَخَا رَسُوْلِ اللّٰهِ وَوَلِيَّهٗ وَنَائِبَهٗ وَ هٰذَا مَعْنٰى قَوْلِ الْمَوْلَوِىّ

(અનુવાદ) : "એવું કેમ ન થયું અને સહાબાની મહોબ્બત એમની જાતના સબબે નથી, અને ન અહલે બયતની મહોબ્બત તેમની જાતના સબબે છે, બલ્કે એ સૌની મહોબ્બત રસૂલુલ્લાહ ﷺના સંબંધ તથા નિસ્બતના લીધે છે. તો જે રસૂલુલ્લાહ ﷺથી મહોબ્બત કરે તેના પર લાઝિમ છે કે એ સૌની સાથે મહોબ્બત કરે. અને એમનામાંથી કોઈ એકથી પણ અદાવત રાખે તો લાઝિમ ઠરશે કે તેને અલ્લાહના રસૂલથી મહોબ્બત નથી. તો આપણે (મહોબ્બત તથા તા'ઝીમ કરવામાં) તેમનામાંથી કોઈ એકની સાથે પણ તફાવત નથી કરતા. જેમ કે આપણે આપણા રબના સર્વ રસૂલો صَلَوَاتُ اللّٰهِ وَسَلَامُهٗ عَلَيْهِمْના બારામાં (ઈમાન લાવવામાં અને તા'ઝીમ કરવામાં) કોઈ ફરક નથી રાખતા. અને નાસબીઓ તથા ખારજીઓની જેમ જેણે અબૂ બક્ર સાથે મહોબ્બત કરી અને અલીથી મહોબ્બત ન કરી તો તે ફક્ત ઈબ્ને અબૂ કુહાફા (અબૂ કુહાફાના પુત્ર)થી મહોબ્બત કરે છે, ન કે રસૂલુલ્લાહ ﷺના ખલીફા, આપના હબીબ તથા આપના સહાબીથી કરે છે. અને (એ જ પ્રમાણે) જેણે રાફઝીઓની જેમ અલીથી મહોબ્બત કરી અને અબૂબક્રથી મહોબ્બત ન કરી, તો જાણવા મળ્યું કે તે કેવળ અબૂ તાલિબના પુત્ર અલીથી મહોબ્બત કરે છે, રસૂલુલ્લાહ ﷺના (કાકાના પુત્ર) ભાઈ, આપના વલી તથા આપના નાયબથી મહોબ્બત નથી કરતો. મૌલાના રૂમના શેઅરોનો આ જ અર્થ છે કે :–

اے گرفتارِ ابوبکر و علی! ۔ تو چہ دانی سرِ حق کہ غافلی

(અર્થ) : "હે અબૂ બક્ર તથા અલીની ઝાતી મહોબ્બતના કેદી ! તું હક્ક઼ના રાઝને શું જાણે કે તું છે. (એટલે કે અબૂબક્ર તથા અલી رضی اللہ عنہماની ઝાતી મહોબ્બત શરીઅતનો હેતુ નથી બલ્કે તે મહોબ્બત

❑ સંપાદક : મુફ્તી મુનીબુર્રહમાન સાહબ ❑ અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી

દરકાર છે જે રસૂલુલ્લાહ ﷺની નિસ્બતના માનમાં દરજા પ્રમાણે કરવામાં આવે.")

*(હવાલો : اَلْمُعْتَمَدُ الْمُسْتَنَد بِنَاءَ نَجَاةِ الْاَبد حَاشِيَةُ الْمُعْتَقد الْمُنْتَقَد , પેજ : ૨૬૪, ૨૬૫, દારુલ અહલિસ્સુન્નહ)*

જેમ કે ઈમામ મુહમ્મદ ઈબ્ને સીરીન ફર્માવે છે :

مَا اَظُنُّ رَجُلًا يَنْتَقِصُ اَبَا بَكْرٍ وَّ عُمَرَ يُحِبُّ النَّبِيَّ ﷺ

"જે શખ્સ હઝરત અબૂબક્ર તથા ઉમરની તૌહીન કરે છે તો હું નથી સમજતો કે તે (હક઼ીક઼તમાં) નબી ﷺથી મહોબ્બત કરે છે." *(સુનને તિર્મિઝી, ૩૬૯૪)*

## ઈમામ માલિકના મઝહબનો ખુલાસો

અમુક હઝરાતે નેઅમતુલ બારી શરહે સહીહ બુખારી, અલ્લામા ગુલામ રસૂલ સઈદી رحمۃ اللہ علیہની એક ઈબારત (લખાણ)નો હવાલો આપ્યો છે જે તેમણે રૂહુલ મઆનીના હવાલાથી ઈમામ માલિકનો મૌક઼ફ વર્ણવતાં લખ્યું કે, "ઈમામ માલિક સૈયદા ફાતિમતુઝ્ ઝહરા رضی اللہ عنہાને સર્વ સહાબાથી અફઝલ માને છે. તો આપ હઝરાતે હઝરત સિદ્દીકે઼ અકબર رضی اللہ عنہની અફઝલિયતના મુન્કિર પર જે હુકમ લગાડયો છે, તે શું ઈમામ માલિક પર પણ લાગશે ?"

તેના જવાબમાં અર્ઝ છે કે આ બેકાર બહષ છે. આપણી ચર્ચા હઝરત અબૂબક્ર رضی اللہ عنہની મુત્લક઼ અફઝલિયતના બારામાં છે, અને અમે સ્પષ્ટ કરી ચૂક્યા છીએ કે એ અમુક અન્ય સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین હઝરત સૈયદા ફાતિમા ઝ્હરા رضی اللہ عنہا સહીતની ખાસ ફઝીલતની વિરુદ્ધ નથી. તેની વિગત નીચે પ્રમાણે છે :–

અલ્લામા મુહમ્મદ આલૂસી હનફી કુર્આને કરીમની આયત : يٰنِسَآءَ النَّبِيِّ لَسْتُنَّ كَاَحَدٍ مِّنَ النِّسَآءِ ના હેઠળ લખે છે :–

"એના પર એ વાંધો ઉઠાવવામાં આવે છે કે એનાથી એ લાઝિમ થશે કે અઝવાજે મુતહ્હરાત (હુઝૂરની પાક બીવીઓ) સૈયદતેના ફાતિમતુઝ્ ઝહ્રા رضی اللہ عنہاથી પણ અફઝલ હોય. જ્યારે કે એવું નથી." આ વાંધાનો એ જવાબ આપવામાં આવ્યો છે કે બેશક ! (નબી ﷺની) અઝવાજે મુતહ્હરાત તથા ઉમ્મહાતુલ મો'મિનીન હોવાની હૈષિયતથી તેઓ સૈયદતેના ફાતિમા رضی اللہ عنہاથી અફઝલ છે. પરંતુ સર્વ હૈષિયતના લેહાઝથી તેમનાથી અફઝલ નથી. અને એમાં કોઈ વાંધો નથી કે અન્ય હૈષિયતના લેહાઝથી હઝરત ફાતિમા તેમનાથી અફઝલ હોય. બલ્કે એ હૈષિયત કે સૈયદતેના ફાતિમા رضی اللہ عنہا નબી ﷺના શરીર મુબારકનો ભાગ છે. આ હૈષિયતથી તો તેણી તમામ ચારેવ ખલીફાઓ رضوان اللہ تعالیٰ علیہم اجمعینથી પણ અફઝલ છે." *(રૂહુલ મઆની, ૧૧/૧૮૫)*

આ લખાણમાં કુલ્લી અથવા સર્વ હૈષિયતોથી અફઝલ હોવાની વાત નથી, બલ્કે જુઝવી (આંશિક) તથા અમુક હૈષિયતોથી અફઝલ હોવાની વાત છે. એટલા માટે એ આપણા મૌક઼ફ (એટલે હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہની મુત્લક઼ અફઝલિયત)ની વિરુદ્ધ નથી, અને એના પર કોઈને વાંધો પણ નથી. કેમ કે જે શરફ (બુઝુર્ગી) હઝરત ફાતિમા ઝહ્રા رضی اللہ عنہاને રસૂલુલ્લાહ ﷺના શરીરનો હિસ્સો હોવાની હૈષિયતથી હાંસલ છે તે અઝવાજે મુતહ્હરાત તથા ચારેવ ખલીફામાંથી કોઈને પણ હાંસલ નથી, અને આ એંગલથી (એતબારથી) તેણી અફઝલ છે. ઈમામ માલિકની તરફ સંબંધિત છે કે તેમણે ફર્માવ્યું, وَلَا أُفَضِّلُ أَحَدًا عَلٰى بَضْعَةِ رَسُوْلِ اللّٰهِ ﷺ "હું રસૂલુલ્લાહ ﷺના શરીરના ટુકડા પર કોઈને ફઝીલત નથી આપતો."

*(મિર્ક઼ાતુલ મફાતીહ઼, ૯/૩૯૬૫)*

તેમનો આ ક઼ૌલ જુઝવી (આંશિક) ફઝીલતના એતબારથી છે. એટલા માટે ઈમામ માલિકની માન્યતા પણ એ જ છે કે નબી કરીમ ﷺ પછી મુત્લક઼ અફઝલિયતના મર્તબા પર હઝરત સિદ્દીકે઼ અકબર

અલ્લામા સખાવી (વફાત : ૯૦૨) લખે છે : ઈમામ માલિકને પૂછવામાં આવ્યું : أَيُّ النَّاسِ أَفْضَلُ بَعْدَ نَبِيِّهِمْ. فَقَالَ: أَبُو بَكْرٍ "નબી ﷺ પછી લોકોમાં સૌથી અફઝલ કોણ છે ? ઈમામ માલિકે જવાબ આપ્યો : અબૂબક્ર." *(ફતહુલ મુગીષ, ૪/૧૧૬)*

ઉપરોક્ત હવાલાઓથી સ્પષ્ટ થયું કે ઈમામ માલિકનું સૈયદા ફાતિમા ઝહ્‌રા رضی اللہ عنہا ની ફઝીલતના બારામાં આ બયાન : "........હું નબી ﷺના શરીરના હિસ્સા પર કોઈને ફઝીલત નથી આપતો." તે હઝરત સૈયદા رضی اللہ عنہاની જુઝવી તથા વિશિષ્ટ ફઝીલતના બારામાં છે, એમાં કોઈ મુસલમાનને શક નથી, દરેક ઈમાનવાળો તેને દિલો જાનથી સ્વીકારે છે.

આ તે લોકોની ઈલ્મી ખયાનત છે કે તેઓ અલ્લામા સઈદી સાહબ رحمۃ اللہ علیہનો હવાલો આપીને દલીલ રૂપે નકલ કરી રહ્યા છે, પણ ઈમામ માલિક તથા અલ્લામા આલૂસીના ક઼ૌલથી વિરોધીઓ જે પુરવાર કરવા ચાહે છે તેનો રદ અલ્લામા સાહબે આ લખાણના પછી તરત જ કર્યો છે. આપ લખે છે :–

"હું કહું છું : આના આધાર પર રસૂલુલ્લાહ ﷺની તમામ ઔલાદનો પણ એ જ હુકમ હોવો જોઈએ. અને મુસલમાનોનો એના પર ઈજમાઅ છે કે અંબિયા علیہم السلام પછી અફઝલુલ બશર હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ છે, પછી હઝરત ઉમર છે, પછી હઝરત ઉષ્માન છે, પછી હઝરત અલી رضوان اللہ تعالیٰ علیہم اجمعین છે. *(નેઅમતુલ બારી, ૧/૧૨૫)* ❑❑❑

رضی اللہ عنہ બિરાજેલ છે. ઈમામ માલિક رحمۃ اللہ علیہ પણ અફઝલિયતે સિદ્દીકે અકબરના મસ્અલામાં ક઼તઈય્યતના કાઈલ (માનનારા) છે.

એ જ પ્રમાણે ઈમામ અહમદ બિન સાલિમ સફારીની હંબલી رحمۃ اللہ علیہ ઈમામ માલિકના હવાલાથી લખે છે : ઈમામ માલિકને સવાલ કરવામાં આવ્યો:

أَيُّ النَّاسِ أَفْضَلُ بَعْدَ نَبِيِّهِمْ. فَقَالَ : أَبُوْ بَكْرٍ، ثُمَّ عُمَرُ، ثُمَّ قَالَ : أَوَفِيْ ذٰلِكَ شَكٌّ

"નબી કરીમ ﷺના પછી સૌથી અફઝલ કોણ છે ? આપે ફર્માવ્યું, હઝરત અબૂબક્ર પછી ઉમર. પછી ફર્માવ્યું, શું એમાં કોઈ શક છે ?!"

وَهُوَ الْمَشْهُوْرُ عَنِ الْإِمَامِ مَالِكٍ رَضِيَ اللّٰهُ عَنْهُمْ أَنَّ الْاَفْضَلَ بَعْدَ أَبِيْ بَكْرٍ وَ عُمَرَ رَضِيَ اللّٰهُ عَنْهُمَا عُثْمَانُ بْنُ عَفَّانَ. ثُمَّ عَلِيُّ بْنُ أَبِيْ طَالِبٍ رَضِيَ اللّٰهُ عَنْهُمَا

"હઝરત ઈમામ માલિકનો મશહૂર ક઼ૌલ એ છે કે હઝરત અબૂબક્ર તથા ઉમર رضی اللہ عنہماના પછી હઝરત ઉષ્માન رضی اللہ عنہ અને પછી હઝરત અલી ઈબ્ને અબી તાલિબ رضی اللہ عنہ છે."

*(લવામિઉલ અન્વારિલ બહિય્યહ્‌, ૨/૩૫૫)*

ઈમામ હારિષ બિન મિસ્કીન رحمۃ اللہ علیہ ફર્માવે છે, મેં ઈમામ માલિક رحمۃ اللہ علیہથી તફઝીલે શયખૈન (અબૂબક્ર ઉમરની અફઝલિયત)ના વિશે સવાલ કર્યો તો આપે ફર્માવ્યું : لَيْسَ فِيْ أَبِيْ بَكْرٍ وَّ عُمَرَ شَكٌّ. "અબૂ બક્ર ઉમર رضی اللہ عنہماના અફઝલ હોવામાં કોઈ શંકા નથી."

*(શરહે ઉસૂલે એઅ્તેક઼ાદ અહલે સુન્નત લિલ્અલ્કલાઈ, ૨૬૧૨)*

**મૂએ મુબારકની બરકત**

મક઼ામે હુદૈબિયહ્‌માં આપ હઝરત ﷺએ હજામત બનાવીને બધા વાળ એક લીલા ઝાડ પર ફેંકી દીધા. બધા સહાબીઓ એ ઝાડની નીચે ભેગા થઈ ગયા અને એ વાળોને એકબીજા પાસેથી પડાવી લેવા લાગ્યા ! હઝરત ઉમ્મે અમ્મારા કહે છે કે મેં પણ થોડાક વાળ મેળવી લીધા. આપ હઝરત ﷺના પછી જ્યારે કોઈ બીમાર થતું તો હું એ મુબારક વાળોને પાણીમાં ડૂબાડીને તે પાણી બીમારને પીવડાવતી તો રબ્બુલ ઈઝ્ઝત એને તંદુરસ્તી આપી દેતો. *(શવાહેદુન્નબુવ્વત–૧૪૮)*

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ



# ક઼ાનૂને શરીઅત

**લેખક** : **અલ્લામા શમ્સુદીન જોનપૂરી** رحمۃ اللہ علیہ

**અનુવાદક** : **જનાબ ઈબ્રાહીમ માસ્તર વેમી ઝંઘારવી**

## કિતાબુલ બુયૂઅ એટલે ખરીદ વેચાણનું બયાન

**મસ્અલા** : જે ચીજ પર અલગ રીતે વાત કરવી લાગુ પડી શકતી હોય તેને અલગ કરીને કોલ કરાર (વાતચીત) કરવી સહીહ છે અને કોઈ ચીજ એવી હોય કે એકલી તેને માટે વાત કરવાની જરૂર નથી તો તેને અલગ કરવી સહીહ નથી. આ એક કાયદો છે. એવી એનું દષ્ટાંત જુઓ, જેમ કે અનાજનો એક ઢગલો છે એમાંથી દસ શેર કે ઓછું વત્તું ખરીદી શકાય છે એ રીતે દસ શેર સિવાય પૂરો ઢગલો પણ ખરીદી શકાય છે. બકરીઓના ટોળામાંથી એક બકરી ખરીદી શકાય એ રીતે એક બકરી નક્કી કરી તેને અલગ કરીને આખું ટોળું પણ ખરીદી શકાય છે અને નક્કી કર્યા વગરની બકરીને ન ખરીદી શકાશે ન તેને અલગ કરી શકાશે. ઝાડ પર ફળો લાગ્યાં હોય તેમાંથી અમુક હિસ્સો ખરીદી શકાય છે અને એ હિસ્સાને અલગ પણ કરી શકાય છે. પરંતુ જરૂરી એ છે કે જે ભાગને અલગ કરવામાં આવે તે ભાગ એટલો ન હોવો જોઈએ કે જેના અલગ કરવાથી વેચાણનો (વેચેલા માલનો) જથ્થો જ પૂરો થઈ જાય. એટલે કે પૂરેપૂરું યકીન હોય કે હિસ્સો અલગ કરવાથી પછીથી વેચાણનો જથ્થો હજુ બાકી રહેશે. અને જો શક હોય તો દુરસ્ત નથી. બાગ ખરીદ્યો અને તેમાંથી એક ઝાડ નક્કી કરી અલગ પાડયું તો એ અલગ કરવું સહીહ ગણાશે. બકરીને વેચી અને એના પેટમાંના બચ્ચાને અલગ કર્યું તો એ અલગ કરવું સહીહ નથી. એટલા માટે કે એને એકલું ખરીદી શકાતું નથી. જાનવરનું માથુ, પગ, (મૂંડી પાયા) દુમ્બાની ચકતીને અલગ કરી શકાશે. નહીં ન એને એકલાં ખરીદી શકાશે એટલે કે જાનવરનાં અંગોને નક્કી કરીને અલગ કરી શકાશે નહીં. અને જો એ રીતે અલગ કરવામાં આવ્યાં તો વેચાણ ફાસિદ થશે. જાનવરનાં અંગ દા.ત. અડધા કે ચોથા ભાગને ખરીદી શકાય છે તથા અલગ કરી શકાય છે. એવી હાલતમાં એ જાનવર બન્નેની ભાગીદારીનું ગણાશે. (આલમગીરી, દુર્રે મુખ્તાર, રદ્દુલ્ મુહ્તાર) મકાન તોડવા માટે ખરીદ્યું તો એનાં લાકડાં, ઈંટોને અલગ કરવાં સહીહ ગણાશે. *(આલમગીરી)*

**મસ્અલા** : વેચાણના માલનું માપ, તોલ, ગણતરી કરવાનું મહેનતાણુ આપવું પડે તો ખરીદનારના શિરે રહેશે. એટલા માટે કે પૂરેપૂરી અને ખરી કિંમત આપવી ખરીદનારનું કામ છે. હા! જો વેચનારે જોયા પારખ્યા વિના કિંમત પર કબજો કરી લીધો અને કહે છે કે રૂપિયા સારા નથી અને પાછા આપવા માગે છે તો જોયા પારખ્યા વગર કઈ રીતે કહેવામાં આવે કે ખોટા છે, પાછા આપી દેવામાં આવે. એવી હાલતમાં પારખવાનું મહેનતાણુ વેચનારે આપવું પડશે. કર્જના રૂપિયા પારખવાનું મહેનતાણુ આપવું કરજદારની જિમ્મેદારી છે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : ઝાડ પરનાં ફળો અંદાજે કિંમત નક્કી કરીને ખરીદી લીધાં. એ રીતે ખેતીના પાકમાંનું લસણ, પ્યાજ અંદાજે ખરીદ્યું અથવા નાવડીમાંનું સારું અનાજ વગેરે માલ અંદાજે ખરીદ્યો. તો ફળ

તોડવાનું તથા લસણ, પ્યાજ ખોદવાનું તેમજ નાવડીમાંનો માલ બહાર લાવવાનું મહેનતાણું ખરીદનારે આપવું પડશે. જ્યારે કે ખરીદનારને વેચનારે એમ કહી દીધું હોય કે ફળો તોડી જાવ, આ ચીજો બહાર કઢાવી લો. *(દુર્રેમુખ્તાર, રદ્દુલ્ મુહ્તાર)*

**મસ્અલા** : દલાલની દલાલી વેચનારના શિરે છે. જ્યારે કે દલાલે માલિકની રજાથી સામાન વેચ્યો હોય, અને જો દલાલે વેચનારની ફકત તરફદારી કરી હોય, માલ વેચ્યો ન હોય અને માલ તો વેચનારે પોતે વેચ્યો હોય તો ત્યાં રિવાજ હોય એટલે કે આવા સંજોગોમાં ત્યાં જો વેચનારના જિમ્મે દલાલી આપવાનો રિવાજ હોય તો વેચનારે આપવી અને જો ખરીદનારના શિરે દલાલી આપવાનો રિવાજ હોય તો ખરીદનાર આપે અને બન્નેના શિરે હોય તો બન્ને આપે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ્ મુહ્તાર)*

**મસ્અલા** : રૂપિયા, અશરફીઓ, પૈસા વગેરે હાજર માલનું વેચાણ થયું અને માલ (વેચાણનો માલ) ત્યાં હાજર જ છે અને કિંમત રોકડ આપવાની હોય તો ખરીદનાર વાયદો કરી શકશે નહીં. આવી હાલતમાં પ્રથમ પૈસા ચૂકવી પછીથી માલનો કબ્જો મેળવી શકાશે. અર્થાત વેચનારને હક્ક છે તે આવા સંજોગોમાં માલને રોકી રાખે, ખરીદનારને ન આપે. બલ્કે જ્યાં સુધી પૂરેપૂરી કિંમત અદા ન કરે ત્યાં સુધી માલને રોકી શકે છે. અને જો ત્યાં માલ હાજર ન હોય તો જ્યાં સુધી વેચનાર માલ હાજર ન કરે ત્યાં સુધી કિંમત માગી શકતો નથી. જો વેચાણમાં બન્ને બાજુ માલ હોય, જેમ કે કિતાબને કપડાના બદલામાં ખરીદી અથવા બન્ને તરફ કિંમત (પૈસા) હોય જેમ કે રૂપિયા અથવા અશરફીઓથી સોનું, ચાંદી ખરીદી તો બન્નેએ એ જ બેઠકમાં એક સાથે અદા કરવું પડશે. *(હિદાયા, દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : ખરીદનારે જો કોઈ એવું બહાનું ઊભુ કર્યું જેના કારણે કબ્જો (માલ લેવો) જરૂરી ન બનતો હોય તો એ બહાનું નાજાઈઝ છે, અને જો એવું બહાનું બતાવ્યું કે એવી વાત ઉભી કરી જેનાથી કબ્જો જરૂરી બનતો હોય તો એ જાઈઝ છે. જેમ કે ખરીદનારે માલને ખૈરાત કરી દીધો અને એ માલ પર બીજાએ કબ્જો કરી લીધો તો એનો કબ્જો ખરીદનારનો કબ્જો ગણાશે. અને જો ખરીદનારે માલ કબ્જામાં લેતા પહેલાં જ વેચાણ કરી દીધો તો એ નાજાઈઝ છે. *(રદ્દુલ્ મુહ્તાર)*

**મસ્અલા** : ખરીદનારે માલ કોઈને અમાનત આપ્યો અથવા કોઈને કર્ઝે આપ્યો કે પછી વેચનારને કહ્યું કે ફલાણાને આ માલ સુપરત કરી આપે અને તેણે કહ્યા પ્રમાણે માલ સુપરત કરી આપ્યો તો આવા સંજોગોમાં ખરીદનારનો કબ્જો થઈ ગયો અને જો વેચનાર પાસે જ અમાનત રાખી અથવા ઉધાર આપે કે ભાડે આપે અથવા વેચનારને થોડી કિંમત આપી એમ કહે કે બાકીના પૈસાના બદલામાં તારી પાસે ગીરવી રાખુ છું તો આવી હાલતમાં (ખરીદનારનો) કબ્જો ગણાશે નહીં. *(રદ્દુલ્ મુહ્તાર)*

**મસ્અલા** : તેલ ખરીદ્યું અને વેચનારને બોટલ આપીને કહ્યું કે મારા માણસ સાથે આ બોટલ મારા ઘેર પહોંચાડી આપજો. પછી રસ્તામાં એ બોટલ તૂટી ગઈ અને તેલ ઢોળાઈ ગયું તો ખરીદનારનું નુકસાન ગણાશે અને જો એવું કહ્યું હોય કે આ બોટલ તમારા માણસ સાથે મારા ત્યાં મોકલી આપજો તો વેચનારનું નુકસાન ગણાશે. *(આલમગીરી)*

**મસ્અલા** : કોઈ વસ્તુ ખરીદી વેચનારને ત્યાં મૂકી રાખી અને એમ કહ્યું કે કાલે લઈ જઈશ, નુકસાન થશે તો મારું થશે. હવે માની લો કે એ ચીજ જાનવર હતું જે રાતમાં મરી ગયું તો વેચનારનુ નુકસાન થયું ખરીદનારનું (નુકસાન મારા શિરે) તે કહેવું બેકાર છે, એટલા માટે કે જ્યાં સુધી

ખરીદનારનો કબ્જો ન થાય ત્યાં સુધી ખરીદનારને નુકસાન સાથે કોઈ સંબંધ રહેતો નથી. *(ખાનિયા)*

**મસ્અલા** : કોઈ ચીજ વેચી પણ એની કિંમત વસૂલ થઈ નથી અને તેને કોઈ ત્રીજી વ્યકિત પાસે રાખીને કહયું કે ખરીદનાર પૈસા આપીને આને (ચીજને) લઈ જશે અને તે ત્રીજી વ્યક્તિને ત્યાં મૂકેલી વસ્તુ બરબાદ થઈ ગઈ તો નુકસાન વેચનારનું થશે, અને જો તે ત્રીજી વ્યકિતએ થોડી કિંમત લઈને તે ચીજ ખરીદનારને આપી દીધી જેની વેચનારને ખબર ન પડી તો વેચનાર એ ચીજને ખરીદનાર પાસેથી પાછી મેળવી શકે છે. *(આલમગીરી)*

**મસ્અલા** : કાપડ ખરીદ્યું એની કિંમત ચૂકવી નથી. એટલે કબ્જામાં ન લીધુ અને કહ્યું કે કોઈની પાસે રાખી મૂકજો, હું પૈસા આપી લઈ જઈશ. વેચનારે એને (બીજા પાસે) મૂકી રાખ્યું અને ત્યાં કપડું નાશ પામ્યું તો વેચનારનું નુકસાન થશે, એટલા માટે એ ત્રીજી વ્યકિતનો કબ્જો વેચનારનો કહેવાશે જેથી નુકસાન પણ વેચનારનું થશે. *(આલમગીરી)*

**મસ્અલા** : વેચેલો માલ હજુ વેચનારના કબ્જામાં હતો અને ખરીદનારે તેને નષ્ટ કરી નાખ્યો અથવા એમાં નુકસાની પેદા કરી દીધી અથવા તો વેચનારે ખરીદનારના કહેવાથી એમાં નુકસાની પેદા કરી તો એ ખરીદનારનો કબ્જો થઈ ગયો. ઘઉં ખરીદ્યા અને વેચનારને કહયું કે આને દળી આપો. તેણે દળી આપ્યા તો ખરીદનારનો કબ્જો થયો કહેવાશે. લોટ ખરીદનારનો ગણાશે. (આલમગીરી) ખરીદનારે માલનો કબ્જો લેતાં પહેલાં વેચનારને કહ્યું કે માલ ફલાણા માણસને બખ્શિશ આપી દે. તેણે બખ્શિશ આપી દીધો અને લેનારે તેને કબ્જામાં લઈ લીધો તો એ ખેરાત જાઈઝ છે અને ખરીદનારનો કબ્જો ગણાશે. એ રીતે એણે વેચનારને કહયું કે એને ભાડેથી આપી દે. એણે આપી દીધો તો જાઈઝ છે અને ઠેકેદારનો કબ્જો પહેલા ખરીદનાર માટે હશે પછીથી પોતાના માટે. *(આલમગીરી)*

**મસ્અલા** : ખરીદનારે વેચનારને માલનું એવું કરવા કહ્યું જેનાથી માલમાં કોઈ કમી પેદા થઈ શકે એમ નથી. જેમ કે કોરું કાપડ હતું તેને ધોવડાવ્યું તો ખરીદનારનો કબ્જો ગણાશે નહીં. મહેનતાણુ આપી ધોવડાવ્યું હશે તો મહેનતાણુ આપવાની જવાબદારી ખરીદનારની છે, નહીંતર નહીં. અને જો તે કામ એવું છે જેનાથી કમી પેદા થઈ જાય તો ખરીદનારનો કબ્જો ગણાશે. *(આલમગીરી)* *(ક્રમશઃ)*

## મીલાદુન્નબી ﷺમાં શું જાઈઝ શું નાજાઈઝ ?!

મારી મારા સુન્ની ભાઈઓને એક નમ્ર વિનંતિ સાથે અપીલ છે કે જે તરીકો મીલાદુન્નબી ﷺમાં ખુશી મનાવવાનો આપણા બુઝુર્ગોએ વર્ણવ્યો તેના પર અમલ કરી બરકતો તથા સવાબ અને ખુદા વ રસૂલની ખુશ્નુદી પ્રાપ્ત કરે, જેમ કે ઝિક્રની, દુરૂદની, હુઝૂર ﷺની વિલાદત વિશે, મોજિઝાઓ વિશે વગેરે બયાનની, લોકોને શીરીની કે ખાણુ ખવડાવીને, ગરીબોને બેવાઓ, યતીમોને મદદ કરીને, રોઝા રાખીને, તિલાવત ઈબાદત કરીને ખુશી પ્રદર્શિત કરે, નઅતની સલામની મેહફિલો, જુલૂસો કાઢીને, ઘરો મહોલ્લાઓને રોશની કરી સજાવીને ખુશી પ્રદર્શિત કરે. પણ **જે ચીજો ઈસ્લામમાં સ્પષ્ટ નાજાઈઝ તથા હરામ છે તે કામો કે બેન્ડ બાજા, વાજિંત્રો, ઢોલ, ત્રાંસા ન વગાડે, ગૈરો જેમ ફટાકડા ફોડી કે હવાઈઓ ઉડાડી ફુઝૂલ ખર્ચીનું હરામ કામ ન કરે, નઅત વગેરે સાથે મ્યુઝિક કે ડાન્સ ન રચે કે જે કાફિરો ફાસિકોનો તરીકો છે તેનાથી દૂર રહે, જુલૂસોમાં સ્ત્રીઓની ભેળસેળ ન થવા દે, બલ્કે ઔરતો પર્દામાં રહે અને આવા પવિત્ર જુલૂસમાં શરીઅતના હુકમો પર ચાલીને તેની હુર્મતને જાળવે.** બસ ! અલ્લાહ આપણને જે હેતુ માટે નબી ﷺનું દુનિયામાં આગમન થયું તેના પર એટલે શરીઅતની પાબંદી કરવા તથા શરીઅત પર ચાલવાની અને જીવનની દરેક પળોમાં હરામ કામોથી બચવાની તૌફીક બખ્શે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

لَيْسَ مِنَّا

# 'તે અમારો નથી'

હપ્તો છેલ્લો

અઝ : દાઈએ કબીર મૌલાના **મુહમ્મદશાકિર નૂરી**
**અનુવાદક : મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી**

## વિવિધ બુરી આદતો

અગાઉના પેજોમાં એ વાતોની વિગતો વર્ણન કરવામાં આવી જેમને અપનાવવાવાળાઓ વિશે સૈયદે કોનૈન ﷺએ ઈર્શાદ ફર્માવ્યો કે તે અમારામાંથી નથી. "તે અમારામાંથી નથી"નો સરળ અર્થ વર્ણન થઈ ચૂક્યો કે તેનાથી મુરાદ એ છે કે તે અમારા તરીક઼ા પર નથી. અલ્બત્ત જે આદતો વર્ણન થઈ તેમનામાંથી અમુકને કરવું હરામ પણ છે, અમુક મકરૂહ તથા મના પણ છે. અને અમુક કોઈ સુન્નત વિરુદ્ધ અને અયોગ્ય પણ છે. સારાંશ કે દરેક તે કામ જે શરીઅ઼તે મુતહ્હરાની નજરમાં નાપસંદીદા હોય તે તરીક઼એ રસૂલના વિરુદ્ધ છે અને તેનાથી બચવું જરૂરી છે.

પાછળના પેજોમાં જે વાતો વર્ણન કરવામાં આવી તે એવી વાતો છે જેમાં લોકો સામાન્યતઃ સપડાયેલા છે. એટલે તેમને થોડાક વિસ્તારથી વર્ણન કરવાની કોશિશ કરવામાં આવી, જેથી તેમના સંબંધિત જરૂરી વાતો માલૂમ થઈ જાય.

અમુક અન્ય હદીષો છે જેમાં વિવિધ આદતો અને અમલોવાળા લોકો વિશે આક઼ાએ કોનૈન ﷺએ 'લૈસ મિન્ના' **(એ અમારામાંથી નથી)** ફર્માવ્યું છે.

### ★ જાલિમ હાકિમોની મદદ ન કરો ! ★

હાકિમ જો ન્યાય તથા ઈન્સાફવાળો છે તો તેની દરેક રીતે મદદ કરવામાં આવે, પરંતુ જો જુલ્મ અને અત્યાચારથી કામ લે છે તો તેની મદદ કરવી જાઈઝ નથી, એટલા માટે કે જુલ્મ પર મદદ કરનાર પણ જાલિમ જ ગણવામાં આવે છે. પ્રજાસત્તાક દેશોમાં કોઈ જાલિમ હાકિમ અથવા પાર્ટીથી થોડાક પૈસા લઈ તેને વોટ આપવા પણ આ જ શ્રેણીમાં ગણવામાં આવશે. કારણ કે જાલિમ સત્તાધારી અથવા પાર્ટીને વોટ આપી તેને વિજયી બનાવવું એ જુલ્મ પર મદદ કરવું જ છે. તેનું પરિણામ શું છે તે વિશે હદીષ શરીફમાં જુઓ :

હઝરત કઅ઼બ બિન ઉ઼જરહ رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર સૈયદે આ઼લમ ﷺએ ફર્માવ્યું, હે કઅ઼બ બિન ઉ઼જરહ ! મારા પછી એવા હાકિમો થશે જેમના ગુણોમાં જુલ્મ અને બરબરિયત હશે. તો જેણે તેમના જૂઠને સાચુ કહ્યું અને તેમના ફિસ્કો ફુજૂર (ગુનાહો) પર તેમની મદદ કરી તેનો મારાથી કોઈ સંબંધ નથી અને ન મારો તેની સાથે કોઈ સંબંધ છે અને તે હૌઝે કૌષરથી તૃપ્ત પણ નહીં થાય.

*(મોઅજમુસ્સગ઼ીર તબ્રાની, ૧/૨૬૨)*

જાલિમ હાકિમોની સૌથી મોટી હાર એ છે કે આમ લોકો તેમનો સાથ છોડી દે, એટલા માટે કે આમ લોકોનું સંગઠન જ એવી શક્તિ હોય છે જેના કારણે એક હુકૂમત કરનારની હુકૂમત બાકી રહી શકે છે. પછી કોઈએ જાણી જોઈને કોઈ જાલિમ હાકિમની મદદ કરી તો તેણે તેના જુલ્મ પર તેની મદદ કરી અને તે સૈયદે આ઼લમ ﷺની નઝરે ઈનાયત અને હૌઝે કૌષરના પાણી પીવાથી વંચિત થઈ જશે.

### ★ મૂછો મોટી રાખવી મના છે ★

**દાઢી એક મુઠ્ઠી રાખવી અને મૂછો ઓછી રાખવી ઈસ્લામની નિશાની અને સુન્નતે રસૂલ છે.** આ જમાનામાં આ બાબતે પણ માહોલ એકદમ બદલાય ચૂક્યો છે. અધિકતમ્ લોકો ક્યાં તો દાઢી અને મૂછો બિલ્કુલ જ મૂંડાવી દે છે અથવા તો દાઢી મૂંડાવી દે છે અને મૂછો મોટી મોટી રાખવામાં ગર્વ

અનુભવે છે. જ્યારે કે મૂછો બાબતે સુન્નત એ છે કે તેમને કમસે કમ એટલી કાપવામાં આવે કે હોટના લાલ ભાગથી ઉપર રહે. તેનાથી વિરુદ્ધ કરનાર પણ તરીક઼એ રસૂલથી વિરુદ્ધ કરનાર છે.

હઝરત ઝૈદ બિન અરક઼મ رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર સૈયદે આ઼લમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :

"જેણે મૂછો નાની ન કરી તે અમારામાંથી નથી." *(શોઅબુલ ઈમાન, ૮/૪૨૦)*

કારણ કે મૂછો મોટી રાખવી મજૂસીઓ (અગ્નિપૂજકો)નો તરીક઼ો છે અને તેને પસ્ત કરવી એ દસ ચીજોમાંથી છે જેમના કરવાનો અલ્લાહ તઆ઼લાએ હઝરત ઈબ્રાહીમ علیہ السلامને હુકમ આપ્યો હતો. એટલે આ હઝરત ઈબ્રાહીમ علیہ السلامની પણ સુન્નતે મુબારકા છે. માટે એક મો'મિનની જવાબદારી છે કે તે મજૂસીઓનો તરીક઼ો છોડી અંબિયાએ કિરામ علیہم السلامનો તરીક઼ો અપનાવે.

**★ નાભી નીચેના વાળ મૂંડાવવા અને નખ કાપવા જરૂરી છે ★**

નાભી નીચેનાવાળ મૂંડવા એ હુકમોમાંથી છે જેમના દ્વારા અલ્લાહ તઆ઼લાએ હઝરત ઈબ્રાહીમ علیہ السلامને અજમાવ્યા હતા. આ હઝરત ઈબ્રાહીમ علیہ السلام પર ફર્ઝ હતું અને આપણા માટે સુન્નત છે. ચાલીસ દિવસથી પહેલાં નાભી નીચેના વાળ મૂંડી લેવા, એનાથી મોડુ કરવું મકરૂહ છે. એ જ રીતે સુન્નત છે કે દરેક જુમ્આ઼ના દિવસે જુમ્આ઼ની નમાઝ પછી નખ કાપવામાં આવે, તેને પણ ચાલીસ દિવસથી અધિક સુધી ન કાપવા મકરૂહ છે. ઘણા બધા લોકો સુસ્તીના કારણે નાભી નીચેના વાળ અને નખ ઘણા દિવસો સુધી નથી કાપતા તેમને હુઝૂર સૈયદે આ઼લમ علیہ السلامએ પોતાના તરીક઼ાથી વિરુદ્ધ કરનાર દર્શાવ્યા છે.

ક઼બીલએ બનૂ ગિ઼ફારના એક સહાબીએ રસૂલથી રિવાયત છે કે રસૂલુલ્લાહ علیہ السلامએ ફર્માવ્યું : "જે નાભી નીચેના વાળ ન મૂંડે, નખ ન કાપે અને મૂછો આછી ન કરે તો અમારામાંથી નથી."

*(મુસ્નદે અહમદ, ૩૮/૪૬૪)*

**★ નસબંદી કરાવવું અત્યંત બુરો અમલ છે ★**

નિકાહ અને સંભોગ ઈન્સાનની સ્વભાવિક જરૂરત છે પરંતુ તેનું પરિણામ ઔલાદ રૂપે જાહેર થાય છે. બલ્કે અલ્લાહ તઆ઼લાએ પુરૂષનું સ્ત્રી તરફ અને સ્ત્રીનું પુરૂષ તરફ સ્વભાવિક આકર્ષણ એટલા જ માટે રાખ્યું છે કે વંશવેલો વધે. ઘણા લોકો બર્થ કંટ્રોલ કરવા માટે નસબંદી કરાવી લે છે. ઈસ્લામી દષ્ટિએ એ હરામ છે અને આવું કરનાર (રબના) ગઝબના પાત્ર છે.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અ઼બ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે : એક વ્યક્તિએ હુઝૂર સૈયદે આ઼લમ ﷺની બારગાહમાં અર્ઝ કરી કે મારામાં શાદી કરવાની શક્તિ નથી તો શું હું નસબંદી કરાવી શકું છું ? આક઼ાએ કોનૈન ﷺએ ફર્માવ્યું : "નહીં ! એ જાઈઝ નથી, નસબંદી કરનાર અને કરાવનાર અમારામાંથી નથી." *(મોઅ઼જમે કબીર, તબ્રાની, ૧૧/૧૪૪)*

કુટુંબ નિયોજન માટે નસબંદી કરાવવી હરામ છે. કોઈ ખાસ મસ્લેહત અથવા મજબૂરીના કારણે "અ઼ઝ્લ" કરવું એટલે સંભોગ વેળા વિર્ય સ્ખલનના સમયે અંગને બહાર કાઢી લેવું જાઈઝ છે. હઝરત જાબિર رضی اللہ عنہ ફર્માવે છે : "અમે અ઼ઝલ કરતા હતા જ્યારે કે તે સમયે કુર્આન નાઝિલ થતું હતું."

*(સહીહ બુખારી, ૭/૩૩)*

એટલે કુર્આનની આયતો નાઝિલ થવાનો જમાનો હતો અને અમે ત્યારે પણ અઝ્લ કરતા હતા, પરંતુ તેનાથી મનાઈની કોઈ આયત નાઝિલ ન થઈ, માટે મજબૂરીના કારણે એ જાઈઝ છે.

અલ્હમ્દુલિલ્લાહિ વસ્સલાતુ વસ્સલામુ અલા રસૂલિલ્લાહ ﷺ. *(સંપૂર્ણ)*

# અવામી ગલતફેહમિયાં ઔર ઉનકા શરઈ હલ

હપ્તો : ૦૯

**૨૮. ક્યા રુકૂઅ યા સજદેસે ઉઠને કે બા'દ કુર્તે યા ટી શર્ટ કો પીછે સે દોનોં હાથોં સે સીધા કરને મેં કોઈ હરજ નહીં ?**

કુછ લોગોં કો યે અમલ કરતે હૂએ દેખા જાતા હૈ કે જબ વોહ રુકૂઅ યા સજદે સે ખળે હોતે હૈં તો પીછે સે કુર્તે યા ટી શર્ટ યા શર્ટ કો દોનોં હાથોં સે સીધા કરતે હૈં ઔર સમજતે હૈં કે ઈસ મેં કોઈ હરજ નહીં, જબ કે ઈસ તરહ કરને સે નમાઝ ''મકરૂહે તેહરીમી'' હોતી હૈ, જિસ સે દોબારા સહીહ તરીકે સે પળહના વાજિબ હોતા હૈ. જૈસા કે ''મો'મિન કી નમાઝ'' કિતાબ મેં હૈ :–

''બા'ઝ લોગ હાલતે નમાઝ મેં સજદે મેં જાતે વક્ત દોનોં હાથોં સે પાજામા ઉપર કી તરફ ખીંચતે હૈં યા કઅદે મેં બેઠતે વક્ત કુર્તા યા કમીસ કા દામન દોનોં હાથોં સે સીધા કર કે બિછાતે હૈં. ઈસ હર્કત સે નમાઝ ફાસિદ હોને કા અંદેશા હૈ. ક્યૂં કે યે ફેઅ્લ દોનોં હાથોં સે કિયા જાતા હૈ ઔર અમલે કષીર મેં શુમાર હોને કા ઈમ્કાન હૈ લિહાઝા ઈસ સે બચના લાઝમી ઔર ઝરૂરી હૈ. ક્યૂં કે નમાઝ મકરૂહે તેહરીમી તો ઝરૂર હોતી હૈ ઔર જો નમાઝ મકરૂહે તેહરીમી હો ઉસ કા ઈઆદા લાઝિમ હૈ. (તો જૈસે દોનોં હાથોં સે યે કામ કરને કી વજહ સે નમાઝ મકરૂહે તેહરીમી હોતી હૈ વેસે હી ઉપરવાલે મસ્અલે મેં દોનોં હાથોં સે કુર્તા યા ટી શર્ટ, યા શર્ટ કો સીધા કરને કી વજહ સે ભી નમાઝ મકરૂહે તેહરીમી હોગી.)

*(મો'મિન કી નમાઝ, સફહા : ૧૫૪,૧૫૫)*

યાદ રહે કે અગર એક એક હાથ સે કુર્તા યા ટી શર્ટ કો પીછે સે સીધા કરતા હૈ તો ઈસ સૂરત મેં નમાઝ મકરૂહે તંઝીહી હોગી, જિસ કા મતલબ યે હૈ કે ઈસ તરહ કરના બેહતર નહીં, લેકિન ! નમાઝ કો ફિર સે દોહરાના વાજિબ ન હોગા.

**૨૯. ક્યા સજદે મેં જાતે વક્ત દોનોં હાથોં સે પેન્ટ યા પાઈજામે કે પાઈચે ઉપર ખીંચને મેં કોઈ હરજ નહીં ?**

સજદે મેં જાતે વક્ત બા'ઝ લોગોં કી આદત હોતી હૈ, ખાસ તોર સે ઉન કી જો ટાઈટ પેન્ટ પહેન્તે હૈં કે વોહ દોનોં હાથોં સે પાઈચે ઉપર ખીંચતે હૈં. યાદ રહે કે શરીઅત કે એ'તેબાર સે ઐસા કરના મકરૂહે તેહરીમી હૈ, જિસ કી વજહ સે નમાઝ દોબારા સહીહ તરહ પળહના વાજિબ હો જાતા હૈ. ઐસા હી ફતાવા રઝવિય્યહ, જિલ્દ : ૭, સફહા : ૨૯૭ પર હૈ.

**30. નમાઝી કે પીછે અગર જાનદાર (સજીવ) કી તસ્વીર હો તો ક્યા નમાઝ મકરૂહે તેહરીમી નહીં હોગી ?**

કુછ અવામ મેં યે ગલતફહમી પાઈ પાઈ જાતી હૈ કે અગર નમાઝી કે પીછે કિસી જાનદાર કી તસ્વીર હો તો ઈસ સૂરત મેં કોઈ કરાહત નહીં ઔર નમાઝ મકરૂહે તેહરીમી નહીં હોગી. હાલાં કે શરઅન ઐસા નહીં, બલ્કે જિસ તરહ આગે, દાએં, બાએં, ઉપર જાનદાર કી તસ્વીર હોને કી સૂરત મેં નમાઝ મકરૂહે તેહરમી હોતી હૈ વૈસે હી પીછે જાનદાર કી તસ્વીર હોને કી સૂરત મેં ભી નમાઝ મકરૂહે તેહરીમી હોગી, અગરચે ઉપર કી સૂરતોં કે મુકાબિલ ઈસમેં કરાહત કુછ કમ હોગી.

''આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ખાન رحمۃ اللہ علیہ સે સવાલ કિયા ગયા કે, અગર પીઠ પીછે તસ્વીરેં હોં ઔર ઈસી હાલતમેં નમાઝ પળહ લી જાએ

➻ અઝ : હઝરત મુફ્તી સાબિર નજમી મિસ્બાહી (સદર મજલિસે કઝા ઈદારા શરઈય્યહ–ભરૂચ, C/o. દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ, જિ. ભરૂચ)

"હુઝૂર સદરુશ્શરીઅહ્ મુફતી અમજદ અલી આ'ઝમી رحمۃ اللہ علیہ સે સવાલ કિયા ગયા કે હિરન કે ચમળે પર નમાઝ પળ્હતે હૈં, સજદા ઉસ ચમળે કે દુમ કે હિસ્સે કી તરફ કરના ચાહિયે યા સર કે હિસ્સે કી તરફ ?"

તો આપને જવાબ મેં ઈર્શાદ ફર્માયા કે :–

"ઈખ્તિયાર હૈ સર કે હિસ્સે કી તરફ સજદા હો યા ઉસ કા ઉલટા."

*(ફતાવા અમજદિયા, જિલ્દ : ૧, સફહા : ૧૯૩)*

દૂસરી જગહ તેહરીર ફર્માતે હૈં :–

"અગર ઘળી ચમળે કે તસ્મે યા ફીતે (પટ્ટે) સે બંધી હો તો બાંધકર નમાઝ પળ્હને મેં કોઈ હરજ નહીં." *(ફતાવા અમજદિયા, જિલ્દ : ૧, સફહા : ૧૯૭)*

"બહારે શરીઅત"મેં હે : "સુવ્વર કે સિવા હર જાનવર હલાલ હો યા હરામ જબ કે ઝબહ કે કાબિલ હો ઔર બિસ્મિલ્લાહ કેહ કર ઝબહ કિયા ગયા તો ઉસ કા ગોશ્ત ઔર ખાલ પાક હે કે નમાઝી કે પાસ અગર વોહ ગોશ્ત હૈ યા ઉસ કી ખાલ પર નમાઝ પળ્હી તો નમાઝ હો જાએગી મગર હરામ જાનવર ઝબહ સે હલાલ ન હોગા, હરામ હી રહેગા."

*(બહારે શરીઅત, જિલ્દ : ૧, હિસ્સા : ૨, સફહા : ૪૦૨)*

"ફત્હુલ કદીર"મેં હે : "આદમી કે બાલ ઔર હડ્ડી વગૈરા કિસી ચીઝ કા બેચના નાજાઈઝ હૈ ઔર અપને કિસી કામ મેં લાના ભી દુરુસ્ત નહીં."

*(ફત્હુલ કદીર, જિલ્દ : ૬, સફહા : ૩૭૦)*

તો ક્યા નમાઝ હો જાએગી યા નમાઝ મેં કોઈ ખરાબી પૈદા હો જાએગી ?"

તો ઈસ કે જવાબ મેં આપને તેહરીર ફર્માયા :

"જાનદાર કી ઈતની બળી તસ્વીર કે ઉસે ઝમીન પર રખ કર ખળે હોકર દેખેં તો આ'ઝા (જિસ્મ કે હિસ્સે) બિત્તફસીલ નઝર આએં બશર્તે કે ન સરબુરીદા હો, (યા'ની સર કટા હુવા ન હો) ન ચહેરા મહવ કરદા, (યા'ની મિટાયા હુવા) ન પાઉં કે નીચે, ન ફર્શપા અંદાઝ મેં, (યા'ની ન ઝમીન પર હો) ન મખ્ફી પોશીદા, જિસ કમરે મેં હો, ઉસ મેં નમાઝ મુત્લકન મકરૂહ હૈ ખાહ આગે હો યા પીછે યા દહને યા બાએં યા ઉપર યા સજદે કી જગહ ઔર ઉન સબ મેં બદ્તર જાએ સુજૂદ યા જાનિબે કિબ્લા હોના હે ફિર ઉપર ફિર દહને બાએં ફિર પીછે."

*(ફતાવા રઝવિય્યહ્, જિલ્દ : ૭, સફહા : ૩૮૮, ૩૮૯)*

ઔર "બહારે શરીઅત" હિસ્સા : ૩, સફહા : ૬૨૭ પર ભી ઐસા હી હે.

### ૩૧. ક્યા ચમળે કા બેલ્ટ પેહનકર નમાઝ પળ્હના મના હૈ ?

અવામ મેં યે ગલત ખયાલ પાયા જાતા હે કે ચમળે કા બેલ્ટ પેહનકર નમાઝ પળ્હના મના હે. શરીઅત કા હુકમ તો યે હે કે ચમળે કા બેલ્ટ હો યા ચમળે કી પટ્ટીવાલી ઘળી દોનોં કો પેહનકર નમાઝ પળ્હના જાઈઝ હે. બસ ઈત્ના લિહાઝ રખના હે કે ચમળા સુવ્વર યા ઈન્સાન કા ન હો.


**કાનૂને શરીઅત**

(ભાગ–૧ તથા ભાગ–૨) (કુલ–૭૪૦ પેજીસ)

લેખક : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::

હાફેઝ મૂસા વેમી / ઈબ્રાહીમભાઈ વેમી

હદિયો : એક સેટના રૂા. ૨૫૦/–

જેમાં અકીદા, તહારત, નમાઝ, રોઝા, હજ, ઝકાત, કુર્બાની, તલાક, અખ્લાકિયાત સંબંધી મસાઈલ દર્શાવેલા છે. ઈલ્મે દીન શીખવું ફર્ઝ છે અને આ કિતાબમાં તદન જરૂરી મસાઈલો જ છે જેથી મુસલમાનના ઘર ઘરમાં આ કિતાબ હોવી જોઈએ. જેથી પુરૂષ, સ્ત્રીઓ, બાળકો સર્વે ઘર બેઠાં ઈલ્મ પ્રાપ્ત કરી શકે. કુર્આન તથા હદીષના પરથી ઉત્તમ જીવન બંધારણ રજૂ કરતી આ કિતાબનો અભ્યાસ અવશ્ય કરશો. મૌલા તઆલા સૌને નેક તૌફીક આપે. આમીન.

**પ્રકાશક**

સુન્ની દા'વતે ઈસ્લામી–દયાદરા

મુ. પો. દયાદરા, તા. જિ. ભરૂચ

મો. ૯૪૨૭૪૬૪૪૧૧

# અસ્રારુલ અવલિયા

હપ્તો ૧૯

## હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

(રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન)

મલ્ફૂઝાતે ઝાહિદુલ અલ્ફિયા, સિરાજુલ અવલિયા હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજશકર મસઊદ અજોધની (પાકપટ્ટની) ચિશ્તી رحمۃ اللہ علیہ

**સંપાદક** : હઝરત ખ્વાજા બદર ઈસ્હાક઼ رحمۃ اللہ علیہ

**અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

### ઈશ્ક઼ની હક઼ીક઼ત

હઝરત શૈખુલ ઈસ્લામ قُدِّسَ سِرَّہُ الْعَزِیْز એ ઈશ્ક઼ની હક઼ીક઼ત બયાન કરતાં કહ્યું કે ઈશ્ક઼ની તેહરીક માશૂક઼ના મુશાહિદાથી શરૂ થાય છે. જ્યારે જ્યારે લોકો મુજાહિદામાં અતિશયોક્તિ કરે છે તો તે મુજાહિદો મુકાશફા બની જાય છે અને જ્યારે મુકાશફા મુશાહિદા બને છે તો આશિક઼ પોતે પોતાને માશૂક઼ની બારગાહમાં હાજર પામે છે. તેના ઈશ્ક઼નો જઝબો પ્રગતિ કરતો થઈ જાય છે. ક્રમે ક્રમે ઈરફાનની મંઝિલો પાર કરતો જાય છે. હિજાબો દરમ્યાનમાંથી ઉઠતા જાય છે. એક મક઼ામે પહોંચે છે તો તેને ક઼રાર (રાહત) આવી જાય છે, જાણે કે તે આલમે તહૈયૂરમાં પડી ગયો. આ મક઼ામ પર હઝરત رحمۃ اللہ علیہએ રડતાં રડતાં ફર્માવ્યું, મેં શૈખુલ ઈસ્લામ હઝરત ખ્વાજા કુત્બુદ્દીન બખ્તિયાર અવશી رحمۃ اللہ علیہને વારંવાર આ રૂબાઈ પઢતાં સાંભળ્યા :–

**(અર્થાત)** : *"આશિક઼ીનો આધાર મુશાહિદા પર છે. એ નજરોની જરૂરત છે જે આ કામ અંજામ આપી શકે. મુસીબતની જાળમાં પક્ષીઓ ખૂબ જ અધિક પ્રમાણમાં નથી ફસાતાં બલ્કે પરવાનો આગમાં નૂરની ચાહતમાં જ આવે છે."*

માશૂક઼ે અઝલ જો દિવસમાં દરેક ક્ષણે અને દરેક ઘડીએ હજારવાર ઈશ્ક઼ના અન્વાર તથા અસ્રારની જલ્વારેઝી પણ કરે, તેમ છતાં પણ તે આશિક઼ે ઝારની સૈરી (તૃપ્તિ) નથી થતી. બલ્કે هَلْ مِنْ مَّزِیْد (કોઈ અન્ય છે) તો અવાજ લગાડતો રહે છે, અને એ અવાજ ત્યાં સુધી ઓછો નથી થતો જ્યાં સુધી મુશાહિદાની મુરાદો તેના દામનમાં નાખી દેવામાં નથી આવતી. તો આ આશિક઼ોનો ગિરોહ દરેક પળે દોસ્તના મુશાહિદામાં ડૂબેલા રહે છે.

ક઼ાઝી હમીદુદ્દીન નાગોરી رحمۃ اللہ علیہથી મેં એક મષ્નવી સાંભળી જેનો એક શેઅર આ પ્રમાણે છે :–

**(અર્થાત)** : "જ્યાં સુધી અમારા દિલબર મહબૂબના હુસ્નો જમાલને સંબંધ છે, અમો તેના નિયાઝમંદ છીએ, તેને અમારાથી કોઈ ગરજ નથી."

આશિક઼ના માટે માશૂક઼નો દરેક હુકમ પાલન કરવો વાજિબ હોય છે, ભલે તેને પોતાની ગલીમાં પ્રવેશ કરવાથી જ રોકી દે. આ કમાલની ઈતાઅત ઈશ્તિયાક઼ (આતુરતા)ના કમાલના કારણે જ છે. એકવાર મજનૂં (કૈસ આમિરી) કેટલાય દિવસોથી ભૂખ્યો હતો. એક હરણ તેની જાળમાં આવી ગયું. મજનૂંએ તેને ઈજ્જતભેર છોડી આપ્યું અને કહ્યું, એ કેવી રીતે થઈ શકે છે કે હું આ હરણને ઈજા પહોંચાડું

જ્યારે કે તેની આંખો લયલા જેવી છે !

હે દુરવેશ ! કામિલ આશિકે હક્ક તે છે કે મહબૂબના મુશાહિદાની શરૂઆતમાં કૈફ તથા જઝ્બ તથા મસ્તીમાં બેખુદ થઈ જાય. એનો સબબ એ છે કે જ્યારે તે યારના જમાલમાં ગુમ થઈ જાય છે તો અનિવાર્યપણે બેખુદ થઈ જાય છે. જેમ કે કાઝી હમીદુદ્દીન નાગોરી رحمۃ اللہ علیہએ ઈશ્કના ગલ્બામાં એક જગાએ લખ્યું છે કે મજનૂંના કબીલાવાળાઓએ એકવાર લયલાના કબીલાવાળાઓને દરખાસ્ત કરી કે આ (મજનૂં) ઈશ્કની સખ્તીથી મરી જશે. એમાં શું વાંધો છે કે તે ઈજાઝત આપે તો એકવાર લયલાના ચહેરાને જોઈ લે. તેમણે કહ્યું કે અમને એના પર કોઈ જ વાંધો નથી, પરંતું આ કામ મજનૂં માટે સહનશક્તિ બહારનું છે. જ્યારે કબીલાવાળાઓનો આગ્રહ વધ્યો તો મજનૂંને લઈ આવ્યા અને લયલાના હરમમાં લઈ ગયા અને પર્દો ઉઠાવ્યો. હજી લૈલાનો સાયો પણ જાહેર થયો ન હતો એવામાં મજનૂં બેહોશ થઈને જમીન પર તડપવા લાગ્યો. તેમણે કહ્યું કે અમે ન કહેતા હતા કે તે ઈશ્કની સખ્તીને લીધે દીદારની તાબ લાવી શકશે નહીં. આ મોકા પર હઝરતે નારો માર્યો અને બેહોશ થઈ ગયા. જ્યારે હોશમાં આવ્યા તો ઝબાન મુબારક પર આ શેઅર ચાલુ હતો :–

**(અર્થાત)** : "હે મહબૂબ ! જો કે તારા વિરહમાં મુલાકાતની ઉમ્મીદ નથી, તેમ છતાં પણ તારી ગલીની ખાકથી મારો સંબંધ યથાવત છે."

આ સ્થળે હઝરત શૈખુલ ઈસ્લામે વર્ણવ્યું, મારા ભાઈ મૌલાના બહાઉદ્દીન ઝકરિયા મુલ્તાની رحمۃ اللہ علیہ એકવાર શૌક તથા મસ્તીના દરિયામાં ડૂબેલા હતા. દરેક વખતે ઈશ્કની એક નવી હાલત અને અજબની હૈરત પેદા થઈ રહી હતી, આંખો અશ્રુમય હતી, દિલ રડતુ હતું, આ શેઅર ઝબાને મુબારક પર ચાલુ હતા અને બેહોશ થઈ જ્યા કરતા હતા. જેમ કે સાત દિવસ રાત દુનિયા તથા તેમાં જે કાંઈ છે સૌથી બેનિયાઝ થઈને આ બે શેઅરોની કૈફિયતોમાં જ ડૂબેલા રહ્યા :

**(અર્થાત)** : *"હે આશિક ! દર્દની આદત પાડ કેમ કે તારી દવા હું છું. કોઈ અન્યની તરફ નજર ઉઠાવીને ન જો, કેમ કે તારો મહબૂબ તો હું છું. જો મારી મહોબ્બતમાં તું માર્યો ગયો છે તો શુક્રાના અદા કર, એટલા માટે કે તારો ખૂંબહા પણ તો હું છું."*

હે દુરવેશ ! તને શું ખબર કે કયા કયા રહસ્યો અને ઈશ્કના અન્વાર તેમના દિલ પર નાઝિલ થઈ રહ્યા હતા ?! તે વારંવાર બેખુદ થઈને એમનામાં ડૂબતો જઈ રહ્યો હતો, આ શેઅરોનો ઝબાન પર વિર્દ ચાલુ હતો. આ કૈફિયતને આશિક જ જાણે છે અથવા માશૂક કે એમના વચ્ચે શું મામલો ચાલી રહ્યો છે.

હઝરતે ફર્માવ્યું, મૈં અસ્રારુલ આરિફીનમાં લખેલું જોયું છે કે એક બુઝુર્ગ ચાલીસ વરસો સુધી દુનિયાવાળાઓથી અલિપ્ત રહ્યા. એકાંતની જિંદગી અપનાવી. મખ્લૂકમાંથી ખૂબ જ ઓછા લોકોએ તેમનાથી મુલાકાત કરી. જેમ કે એક દિવસે પૂછવામાં આવ્યું કે હઝરત આપની આટલી લાંબી કિનારા કશી (લોકોથી અલિપ્ત રહેવાનું) તથા એકાંતવાસનો સબબ શું છે ? ફર્માવ્યું, અઝીઝો ! જ્યારે તસવ્વુફવાળા દુનિયામાં (લોકોમાં) વ્યસ્ત થઈ જાય તો ખાલિકથી તેમનો કુર્બ ઘટી જાય છે. જેથી મૈં ચાલીસ વરસથી એકાંતવાસ કર્યો છે અને દુનિયાની ખ્વાહિશો તથા લિજ્જતોથી બચી રહ્યો છું.

જ્યારે તકરીર મુબારક આ જગાએ પહોંચી તો અઝાન થઈ ગઈ. હઝરતે અકદસ ઉઠીને દૌલત કદા આલિયામાં તશરીફ લઈ ગયા અને અમો નિયાઝમંદ ખાદિમો પરત ઘરોએ આવી ગયા. اَلْحَمْدُ لِلّٰهِ عَلٰى ذٰلِكَ (ક્રમશઃ)

## તઝકેરતુલ અવલિયા

## હઝરત બાયઝીદ બોસ્તામી رحمۃ اللہ علیہ ના હાલાત તથા ખૂબીઓ

### હપ્તો ૩૮

એકવાર અલ્લાહના ખૌફથી આપ કાંપી રહ્યા હતા એવામાં કોઈ મુરીદે સવાલ કરી નાખ્યો કે આપની આ શું હાલત છે ? ફર્માવ્યું કે જે ત્રીસ વરસ રિયાઝત તથા નફ્સકુશી પછી હાંસલ થાય છે તે અત્યારે તારી સમજથી બહાર છે. જે વખતે રોમના જંગમાં ઈસ્લામી લશ્કર પાછુ પડયું તો કોઈ લશ્કરીના મોંથી નીકળ્યું કે હે બાયઝીદ ! ઈનાયત ફર્માવો ! જેથી એ જ સમયે એક આગ જાહેર થઈ જેના ખૌફથી કાફિરોનું લશ્કર નાસી છૂટયું અને મુસલમાનોને ફતહ હાંસલ થઈ.

કોઈ બુઝુર્ગે મુરાકેબા બાદ સવાલ કર્યો કે અત્યારે આપ ક્યાં હતા ? ફર્માવ્યું કે બારગાહે ખુદાવંદીમાં. તે વખતે તેમણે કહ્યું કે હું પણ ત્યાં હતો પણ મેં આપને નથી જોયા. આપે ફર્માવ્યું કે તારી અને અલ્લાહ વચ્ચે એક હિજાબ હતો અને હું ઝાતે બારીના એકદમ સામે હતો એના કારણે આપ મને ન જોઈ શક્યા. પછી ફર્માવ્યું કે **જે શખ્સ સુન્નતની પયરવી વિના પોતાને તરીકતવાળો કહે છે તે જૂઠો છે, કેમ કે શરીઅતની પયરવી વિના, તરીકતની પ્રાપ્તિ અશક્ય છે.**

કોઈએ અર્ઝ કરી કે થોડીક વાર માટે જો આપ ખુલૂસ દિલ સાથે મારી તરફ ધ્યાનિત થઈ જાવ તો હું કાંઈક અર્ઝ કરું. ફર્માવ્યું કે હું તો ત્રીસ વરસથી અલ્લાહ તઆલાથી ખુલૂસ દિલનો તાલિબ છું પરંતું આજ સુધી હાંસલ ન થઈ શક્યું. જેથી જ્યારે મારું દિલ જ ઈખ્લાસ તથા સફાથી ખાલી છે તો પછી હું તમારી તરફ કેવી રીતે ધ્યાનિત થઈ શકુ છું ?! પછી ફર્માવ્યું કે લોકો એ ખયાલ કરે છે કે હક્કની રાહ રોશન ચાંદની જેમ રોશન છે, જો કે તે એક એવો રસ્તો છે કે હું વરસોથી સોયના નાકા બરાબર કાણુ શોધી રહ્યો છું પણ નથી મળતું. અને જ્યારે આપને કોઈ પરેશાની લાગુ થતી તો ફર્માવતા કે, હે અલ્લાહ ! રોટી તો આપી દીધી સાલન (શાક) પણ આપી દે કે જેથી સારી રીતે ખાય શકું. એટલે કે તારી જ અર્પણ કરેલી પરેશાની છે અને તું જ સબ્ર આપવાવાળો છે. એકવાર હઝરત અબૂ મૂસાએ સવાલ કર્યો કે આપની રાતો કેવી પસાર થાય છે ? ફર્માવ્યું કે યાદે ઈલાહીમાં મને સવાર સાંજની ખબર જ નથી રહેતી.

આપ ફર્માવ્યા કરતા હતા કે મને ઈલ્હામના ઝરીયાથી અલ્લાહ તઆલાએ ફર્માવ્યું કે ઈબાદત તથા ખિદમત તો ઘણી છે, પરંતું જો તું અમારી મુલાકાતની તમન્ના ધરાવે છે તો અમારી બારગાહમાં એ ચીજ શફાઅતના માટે મોકલ જે અમારા ખજાનામાં ન હોય. આપે સવાલ કર્યો કે તે કઈ ચીજ છે ? ફર્માવવામાં આવ્યું કે આજીજી તથા ઈન્કેસારી અને ઝિલ્લત તથા ગમ હાંસલ કર, કેમ કે અમારો ખજાનો એ ચીજોથી ખાલી છે, અને એને હાંસલ કરનારા અમારો કુર્બ હાંસલ કરી લે છે.

આપ ફર્માવ્યા કરતા હતા કે એકવાર જંગલમાં મારા ઉપર મહોબ્બતની એવા વર્ષા થઈ કે પૂરી જમીન બરફની જેમ જામી ગઈ અને હું એમાં ગરદન સુધી ગરક થઈ ગયો. પછી ફર્માવ્યું કે મેં નમાઝના થકી અડગતા અને રોઝાના થકી ભૂખ્યા રહેવા સિવાય અન્ય કાંઈ હાંસલ નથી કર્યું અને જે કાંઈ મળ્યું એ સૌ

❑ *અઝ : હઝરત શયખ ફરીદુદ્દીન અત્તાર* رحمۃ اللہ علیہ ❑ **અનુવાદક :** *પટેલ શબ્બીર અલી રઝવી–દયાદરવી*

ખુદાના ફઝ્લથી હાંસલ થયું અને પોતાની કોશિશથી કાંઈ નથી મળી શકતું. પછી ફર્માવ્યું કે બંનેવ આલમની દૌલતથી એ વાત બેહતર છે કે માણસ ખુદાના ફઝ્લથી હટીને પોતાની જાતી કોશિશથી કાંઈ પણ હાંસલ નથી કરી શકતો, છતાં પણ માણસને કોશિશ કરવાનો હુકમ આપવામાં આવ્યો છે એટલા માટે કોશિશ ખૂબ જ જરૂરી છે, પરંતું **કોશિશ પછી જે કોઈ હાંસલ થાય તેને કેવળ ખુદાનો ફઝ્લ ખયાલ કરવામાં આવે.**

જે વખતે આપ સિફાતે ખુદાવંદી વર્ણન કરતા તો પોતાની અસલી હાલતમાં રહેતા પણ જ્યારે ખુદાની જાત ચર્ચાનો વિષય હોતી તો બેખુદીના આલમમાં એવું કહેતા રહેતા કે હું માથાભેર આવી રહ્યો છું, અલ્લાહ મારાથી ખૂબ જ નજીક છે. એકવાર કોઈ મુરીદે કહ્યું કે મને એના પર આશ્ચર્ય થાય છે કે જે ખુદાને જાણવા છતાં પણ ઈબાદત નથી કરતો. આપે ફર્માવ્યું કે મને એ બંદા પર આશ્ચર્ય થાય છે જે ખુદાને પહેચાન્યા પછી ઈબાદત કરે છે. એટલે કે એ આશ્ચર્ય થાય છે કે ખુદાની પહેચાન કર્યા પછી હોશમાં કેવી રીતે રહે છે !

આપ ફર્માવ્યા કરતા હતા કે જ્યારે મેં પહેલીવાર હજ કરી તો કા'બાની ઝિયારત કરી અને બીજીવાર કા'બા અને સાહિબે કા'બા બંનેવની ઝિયારતથી મુશર્રફ થયો. અને ત્રીજીવાર કાંઈ પણ નજર ન આવ્યું. કેમ કે યાદે ઈલાહીમાં વધારો થતો ગયો. અને એનો અંદાઝો આ બનાવ પરથી પણ લગાડી શકાય છે કે કોઈએ દરવાજા પર અવાજ આપ્યો તો આપે પૂછયું કોની તલાશ છે ? જવાબ મળ્યો કે બાયઝીદની ! ફર્માવ્યું કે હું તો ત્રીસ વરસથી એની તલાશમાં છું પણ આજ સુધી નથી મળ્યો ! અને જે વખતે આ બનાવ હઝરત ઝુન્નૂનની સામે વર્ણવવામાં આવ્યો તો ફર્માવ્યું કે તે ખાસાને ખુદાની જેમ ખુદામાં ગુમ થઈ ગયા હતા.

જ્યારે લોકોએ આપના મુજાહિદાઓના સંબંધે સવાલ કર્યો તો ફર્માવ્યું કે જો હું આ'લા મુજાહિદાઓનો ઉલ્લેખ કરું તો તમારી સમજથી બહારનું છે. પરંતું મારો મામૂલી મુજાહિદો એ છે કે એક દિવસ મેં મારા નફ્સને ઈબાદતના માટે તૈયાર કરવા ચાહ્યું તો તે ફરી ગયું. પરંતું મેં પણ એ સજામાં પૂરા એક વરસ સુધી તેને પાણીથી મેહરૂમ રાખ્યો. અને કહ્યું, ક્યાં તો ઈબાદત માટે તૈયાર થઈ જા, નહીં તો તને આ રીતે તરસથી તડપાવતો રહીશ. આપ એટલા પ્રમાણમાં મુસ્તગરક (યાદે ઈલાહીમાં લીન) રહેતા હતા કે એક ઈરાદતમંદ (મુરીદ) જે ત્રીસ વરસથી આપનો ખાદિમ બનેલો હતો તે જ્યારે પણ સામે આવતો તો આપ પૂછતા, તારું શું નામ છે ?! એકવાર તેણે અર્ઝ કર્યું કે આપ મારી સાથે મઝાક કરો છો ! જ્યારે પણ સામે આવું છું તો આપ નામ પૂછો છો ?! ફર્માવ્યું કે હું મઝાક નથી કરતો બલ્કે મારા દિલ તથા રૂહમાં એ રીતે અલ્લાહનું નામ જારી તથા ચાલુ છે કે એના નામ સિવાય મને કોઈનું નામ યાદ નથી રહેતું.

જ્યારે લોકોએ આપને એવું પૂછયું કે આ'લા મર્તબા આપને કેવી રીતે હાંસલ થયા ? ફર્માવ્યું કે એકવાર બચપનમાં ચાંદની રાત હતી અને હું શહેરની બહાર નીકળી ગયો. ત્યાં મને એવો દરબાર જોવા મળ્યો કે જેની સરખામણીમાં આખી દુનિયા તુચ્છ લાગવા માંડી. એ વખતે મેં ખુદાથી અર્ઝ કર્યું કે આવો અજોડ દરબાર દુનિયાની નિગાહોની નિગાહોથી કેમ છુપો છે ? નિદા આવી કે આ દરબારમાં તે જ આવી શકે છે જે એના પાત્ર હોય. કેમ કે અહીં અપાત્ર લોકોની પહોંચ શક્ય નથી. એ વખતે મને એ ખયાલ આવ્યો કે હું સર્વ આલમની શફાઅત તલબ કરું જેથી તેઓ પણ આ દરબારને પાત્ર બની જાય. પરંતું એ ખયાલથી ખામોશ થઈ ગયો કે શફાઅત તો હુઝૂર ﷺના માટે જ ખાસ છે. પછી નિદા આવી કે તેં અમારા હબીબના અદબનો લેહાઝ કર્યો એના

બદલામાં અમે તને એ મર્તબો અતા કરીએ છીએ જેથી હશ્ર સુધી તારું નામ "સુલ્તાનુલ આરિફીન બાયઝીદ" સર્વ મખ્લૂકની ઝબાન પર રહે. અને જે વખતે આ બનાવ હઝરત અબૂ નસ્ર કુશૈરીની સામે વર્ણન કરવામાં આવ્યો તો ફર્માવ્યું કે હકીકતમાં આ એવા જ જમાનામાં લોકપ્રિય હતા અને જેટલા મર્તબા તેમને અતા થયા તે સૌ તેમની ઉચ્ચ હિંમત (ઉલૂ હિંમતી)ના કારણે હતા.

આપ ઈશાની ચાર રકાત પઢીને સલામ ફેરવતાં ફર્માવતા કે આ નમાઝ કબૂલને પાત્ર નથી, આવું કહીને ફરી ચાર રકાત નમાઝ અદા કરતા અને ફરી એવું જ ફર્માવતા કે આ પણ કબૂલને પાત્ર નથી, ત્યાં સુધી કે એ રીતે રાત ખત્મ થઈ જતી અને સવારે અલ્લાહ તઆલાથી અર્ઝ કરતા કે મેં તારી બારગાહને લાયક નમાઝની ખૂબ જ કોશિશ કરી પણ મેહરૂમ રહ્યો, કેમ કે જેવો હું પોતે છું તેવી જ મારી નમાઝ છે, જેથી મને તારા બેનમાઝી બંદાઓમાં ગણી લે.

એક શખ્સ આપના સવારના મામૂલાત (રોજનીશી) જોવા થોભી ગયો. તો તેણે જોયું કે આપે અલ્લાહની એક ઝર્બ લગાડી અને એટલા જોરથી જમીન પર પડયા કે માથામાં સખત ચોટ આવી ગઈ અને લોકોના સવાલ કરવા પર બતાવ્યું કે જ્યારે હું અર્શે ખુદાવંદીની પાસે પહોંચ્યો અને પૂછયું કે અલ્લાહ ક્યાં છે ? જવાબ મળ્યો કે એને જમીનવાળાઓના તૂટેલા દિલોમાં તલાશ કરો કેમ કે આસ્માનવાળાઓ પણ તેને ત્યાં જ તલાશ કર્યા કરે છે. અને જે વખતે હું મકામે કુર્બમાં દાખલ થઈ ગયો તો સવાલ કરવામાં આવ્યો કે શું ચાહો છો ? મેં અર્ઝ કરી કે જે કાંઈ પણ હોય તે જ આપી દે. હુકમ થયો કે અમારી કાયમી કુર્બત (નઝદીકી)ના માટે ખુદને ફના કરી દો અને મેં તેને મંજૂર કરી લીધું. પછી મેં અર્ઝ કરી કે ફયઝ તથા બરકતની પ્રાપ્તિ વગર હું અહીંથી નથી જઈ શકતો. પછી સવાલ થયો કે બીજુ શું ચાહો છો ? મેં પૂરી મખ્લૂકની મગફિરત તલબ કરી. હુકમ થયો કે ધ્યાનથી જુઓ. અને જ્યારે મેં ધ્યાનથી જોયું તો દરેક મખ્લૂકની સાથે એક શફીઅ મૌજૂદ હતો, પરંતુ અલ્લાહની સૌથી વધુ નઝરે કરમ મારા પર હતી. પછી મેં ખામોશ રહ્યા પછી અર્ઝ કરી કે ઈબ્લીસ પર પણ રહમ ફર્માવી દે. જવાબ મળ્યો કે તે આગ છે, અને આગના માટે આગ જ મુનાસિબ છે. પરંતુ તમે આગથી બચવાની કોશિશ કરતા રહો. ત્યારબાદ અલ્લાહે મારી સમક્ષ બે મકામ પેશ કર્યા પરંતું મેં એમાંથી એકને પણ કબૂલ ન કર્યો. પછી સવાલ થયો કે હજી શું ચાહો છો ? મેં અર્ઝ કરી કે તલબ વિના જે કાંઈ પણ મળી જાય.

**સાચી પયરવી** : જ્યારે લોકો આપને દુઆ માટે અર્ઝ કરતા તો આપ ખુદાને કહેતા કે મખ્લૂક મને વાસ્તો બનાવીને તારાથી માગી રહી છે અને તું તેમની તલબથી પણ સારી રીતે વાકેફ છે. આ પ્રમાણે કહેવાથી લોકોની મુરાદો બર આવી. એકવાર ક્યાંક તશરીફ લઈ જઈ રહ્યા હતા કે એક ઈરાદતમંદ (મુરીદ) આપના કદમના નકશ પર કદમ પછી એ જ મુરીદે આગ્રહ કર્યો કે મને તમારા ચામડાના કોટનો એક ટુકડો ઈનાયત કરી દો કે જેથી મને પણ બરકત હાંસલ થઈ શકે આપે ફર્માવ્યું કે તે સમય સુધી મારી દો કે જેથી મને પણ બરકત હાંસલ થઈ શકે. આપે ફર્માવ્યું કે તે સમય સુધી મારી ચામડી પણ ફાયદામંદ ન થશે જયં સુધી મારા જેવો અમલ ન હોય. *(ક્રમશઃ)*

**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૪૦૦/–** (ટપાલ ખર્ચ ૫૦/– રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુા.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

# ઈર્શાદાતે ઈમામ રબ્બાની મુજદ્દિદ અલ્ફેષાની رضی اللہ عنہ

**રજૂકર્તા** : મર્હૂમ ઈસ્માઈલ હાફેઝ નબીપુરી

*આપણે દરેક નમાઝમાં સૂરએ ફાતિહા પઢીને રબથી દુઆ કરીએ છીએ કે, (હે અલ્લાહ !) ''અમને સીધા રસ્તે ચલાવ. રસ્તો તેમનો જેમના પર તેં એહસાન કર્યું. ન તેમનો જેમના પર ગઝબ થયો અને ન ભટકેલાઓનો.'' એહસાન (ઈનામ) પામનારાઓના રસ્તે એટલે નબીઓ, સિદ્દીક઼ો, શહીદો તથા વલીઓ (સાલેહીન)ના રસ્તે ચલાવ. તો આજે અલ્લાહના એક મહાન વલી* **હઝરત મુજદ્દિદ અલ્ફેષાની શેખ અહમદ સરહિંદી** رحمۃ اللہ علیہ *ના કથનો જેના પર તેમણે પોતે અમલ કર્યો અને આપણને તેના પર ચાલવા તાકીદ કરી રહ્યા છે, તે મુબારક કથનોને વાંચો અને એ ઈમાનવાળાઓના માર્ગને અપનાવી લો તો આપણો બેડો બંને જહાનમાં પાર છે. –તંત્રી*

**૦૧.** આખેરતમાં નજાત (મુક્તિ) પ્રાપ્ત થવી એ માત્ર એના પર અવલંબિત છે કે બધા જ કાર્યો, કથનોમાં, પાયા સહિત **અહલે સુન્નત વ જમાઅત** (અલ્લાહ તઆલા તેમાં વૃદ્ધિ કરે)ની તાબેદારી કરવામાં આવે અને માત્ર એ જ ફિર્ક઼ો જન્નતી છે. અહલે સુન્નત વ જમાઅત સિવાયના જેટલા ફિર્ક઼ા છે તે બધા જ જહન્નમી છે. આજે આ વાત કોઈ જાણે કે ન જાણે કાલે ક઼યામતના દિવસે દરેક શખ્સ આ વાતને જાણી લેશે પરંતુ તે વખતની જાણકારી કોઈ લાભદાયી નહીં હશે.

*(મક્તૂબ નંબર ૬૯ , ૧/૮૬)*

**૦૨.** ફક્ત ઝબાનથી કલ્મએ શહાદત પઢી લેવો, મુસલમાન થવા માટે હરગિઝ પૂરતો નથી. બધા જ જરૂરિયાતે દીનને સાચા માને અને કુફ્ર તથા કુફ્ફારોની સાથે નફરત બેઝારી રાખ્યાથી આદમી મુસલમાન થશે.

*(મક્તૂબ નંબર ૨૬૬, ભાગ–૧ પા . ૩૨૩)*

**૦૩.** જે શખ્સ બધા જરૂરીયાતે દીન પર ઈમાન રાખવાનો દાવો કરે પરંતુ કુફ્ર અને કુફ્ફારો સાથે નફરત બેઝારી ન રાખે તે હક઼ીક઼તમાં મુર્તદ છે. તેનો હુકમ મુનાફિકનો હુકમ છે.

*(મક્તૂબ નંબર : ૨૬૬, ૧/૩૨૫)*

**૦૪.** જ્યાં સુધી ખુદા અને રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَ ના દુશ્મનોની સાથે દુશ્મની રાખવામાં ન આવે, ત્યાં સુધી ખુદા અને રસૂલની સાથે મહોબ્બત થઈ શકતી નથી. *(હવાલો ઉપર મુજબ)*

**૦૫.** મારી નજરે અલ્લાહ તબારક વ તઆલાના દુશ્મનોની સાથે નફરત, અદાવત રાખવા બરાબર તેને (અલ્લાહને) રાજી રાખવા બરાબર કોઈ અમલ નથી. *(મક્તૂબ નં. ૨૬૬, ૧/૩૨૬)*

**૦૬.** ગયબનો જે ઈલ્મ અલ્લાહ તઆલા સાથે ખાસ છે તેના પર તે (અલ્લાહ તઆલા) પોતાના રસૂલોને ખબરદાર ફર્માવી દે છે.

*(મક્તૂબ નં. ૩૧૦, ૧/૪૪૬)*

**૦૭.** હદીષે કુદસીમાં છે કે, હુઝૂર સૈયદે આલમ, મુહમ્મદ રસૂલુલ્લાહ ﷺ એ અલ્લાહ તબારક વ તઆલાથી અર્ઝ કરી કે, ''હે અલ્લાહ ! તું છે અને હું છું તથા તારા વિના જે કાંઈ છે બધાને મેં તારા માટે છોડી દીધું. ત્યારે અલ્લાહ તઆલાએ પોતાના મહબૂબને ﷺ ફર્માવ્યું, ''હે મહબૂબ ! હું છું અને તું છે અને તારા વિના જે કાંઈ છે બધાને મેં તારા જ માટે પેદા કર્યું.)

*(મક્તૂબ નં. ૮, ૨/૧૮)*

**૦૮.** અલ્લાહ ﷻ એ પોતાના મહબૂબે અકરમ ﷺ થી ઈર્શાદ ફર્માવ્યો, ''હે મહબૂબ ! જો તમને પયદા કરવા મંજૂર ન હોત, તો હું આસ્માનોને

પયદા કરત નહીં. મને તમને પયદા કરવા મકસૂદ ન હોત તો હું મારુ રબ હોવું પણ જાહેર ન કરત. *(મક્તૂબ નં. ૧૨૨, ૩/૨૩૨)*

૦૯. બધા જ ઉમ્મતી નબી ﷺના ખાદિમ, મિલ્કત અને ગુલામ છે. *(મક્તૂબ નંબર : ૬૪, ૩/૧૬૯)*

૧૦. હુઝૂરે અક્દસ ﷺની પૈદાઈશ કોઈ ઈન્સાનની પૈદાઈશ જેમ નથી, બલ્કે અસ્તિત્વ જગતની કોઈ ચીજ પણ હુઝૂરે અકરમ ﷺ સાથે કશી સમાનતા ધરાવતી નથી. કેમ કે અલ્લાહે હુઝૂર ﷺને પોતાના નૂરથી પૈદા ફર્માવ્યા છે.

*(મક્તૂબ નંબર : ૧૦૦, ૩/૧૮૭)*

૧૧. મને અલ્લાહ તબારક વ તઆલા સાથે એટલા માટે મહોબ્બત છે કે તે મુહમ્મદ મુસ્તફા ﷺનો રબ છે. *(મક્તૂબ નંબર : ૨૨૧, ૩/૨૨૪)*

૧૨. અસ્તિત્વ જગતને (જેણે ધરતીના છેલ્લા ભાગથી અર્શ સુધીના બધા જ મૌજૂદાત, કાઈનાતને ઘેર્યા છે.) જ્યારે પણ સમયની નજરે જોવામાં આવે છે (ત્યારે) હુઝૂરે અન્વર ﷺનું વજૂદ તેમાં દેખાતું નથી. હુઝૂર ﷺ આ અસ્તિત્વ જગતથી ઘણા ઉચ્ચ છે. એટલે જ આપનો સાયો ન હતો.

*(મક્તૂબ નંબર : ૧૦૦, ૩/૧૮૭)*

૧૩. હુઝૂરે અક્દસ ﷺના 'અહલે બયત'ની સાથે મહોબ્બતનું ફર્ઝ હોવું નસ્સે કતઈ (કુર્આન કરીમ)થી સાબિત છે. અલ્લાહ તઆલાએ પોતાના હબીબ ﷺની હક્ક દા'વત તથા તબ્લીગે ઈસ્લામનો બદલો ઉમ્મત પર એ જ ઠરાવ્યો છે કે, હુઝૂર علیہ الصلوٰۃ والسلامના કરાબતદારો (અહલે બયત) સાથે મહોબ્બત કરવામાં આવે.

قُلْ لَّآ اَسْـَٔلُكُمْ عَلَيْهِ اَجْرًا اِلَّا الْمَوَدَّةَ فِى الْقُرْبٰى

"તમે ફર્માવો, એના પર તમારી પાસે કોઈ ઉઝરત નથી માગતો પણ અહલે બયતની મહોબ્બત." –*સૂરએ શુરા, ૪૨/૨૩*

*(મક્તૂબ નંબર : ૨૬૬, ૧/૨૨૬)*

૧૪. હુઝૂરે અકરમ ﷺના બધા જ સહાબીઓ رضوان اللہ تعالیٰ علیہم اجمعینને નેકીની સાથે યાદ કરવા જોઈએ અને હુઝૂર علیہ الصلوٰۃ والسلامના જ કારણે તેમની સાથે મહોબ્બત રાખવી જોઈએ. તેમની સાથેની મહોબ્બત હુઝૂર ﷺની સાથેની જ મહોબ્બત છે, એવી જ રીતે તેમની સાથેની દુશ્મની હુઝૂર ﷺની જ સાથેની દુશ્મની છે. *(મક્તૂબ નંબર : ૨૬૬, ૧/૨૨૬)*

૧૫. બધા જ સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعینમાં સૌથી અફઝલ તથા આ'લા સૈયદના અબૂબક્ર છે. એમના પછી સૌથી અફઝલ સૈયદના ઉમર ફારૂક رضی اللہ عنہ છે. આ બંને પર ઉમ્મત સર્વ સંમત છે. ઉપરાંત ચારે મુજતહિદ ઈમામો : (૧) ઈમામે આ'ઝમ અબૂ હનીફા (૨) ઈમામ શાફઈ (૩) ઈમામ માલિક અને (૪) ઈમામ અહમદ બિન હંબલ (رضوان اللہ تعالیٰ علیہم اجمعین) છે. વધુ પડતા ઉલ્માએ અહલે સુન્નતનો આ જ મઝહબ છે કે હઝરત ઉમર પછી બધા સહાબામાં સૌથી અફઝલ સૈયદના ઉષ્માન ગની رضی اللہ عنہ અને એ પછી તમામ ઉમ્મતોમાં સૌથી અફઝલ મૌલા અલી کرم اللہ وجہہ الکریم છે. *(મક્તૂબ નંબર : ૨૬૬, ૧/૩૩૦)*

૧૬. હઝરત મૌલા અલી رضی اللہ عنہની સાથે હઝરત ઉમ્મુલ મો'મિનીન આયશા સિદ્દીકા رضی اللہ عنہا અને સૈયદના તલ્હા, ઝુબૈર, મુઆવિયહ, અમ્ર બિન આસની (رضوان اللہ تعالیٰ علیہم اجمعین) લડાઈઓ થઈ. એ બધામાં મૌલા અલી کرم اللہ وجہہ الکریم હક્ક પર હતા અને ઉપરોક્ત હઝરાત ખતા (ભૂલ) પર. છતાં આ ખતા દુશ્મનીની ખતા ન હતી, પરંતુ ખતાએ ઈજતેહાદી હતી. મુજતહિદને ઈજતેહાદી ખતા (ભૂલ) પર પણ સવાબ મળે છે. **આપણને તમામ સહાબાએ કિરામ સાથે મહોબ્બત રાખવા, તે બધાની તા'ઝીમ કરવાનો હુકમ છે. જે કોઈ કોઈપણ સહાબી સાથે અદાવત દુશ્મન રાખે તે બદ્મઝહબ છે.**

*(મક્તૂબ નંબર : ૫૪, ૧/૩૭૧)*

**૧૭.** જે લોકો કલ્મો પઢી પોતાને મુસલમાન કહે છે છતાં સહાબાએ કિરામની સાથે દુશ્મની રાખે છે, (તેમને) અલ્લાહ તઆલાએ કુર્આન મજીદમાં કાફિર કહ્યા છે. لِيَغِيظَ بِهِمُ الْكُفَّارَ "કે જેથી તેમનાથી કાફિરોના દિલ જલે." –*સૂરએ ફતહ, ૪૮/૨૯ (મક્તૂબ નંબર : ૫૪, ૧/૭૧)*

**૧૮.** અંબિયા, અવલિયાની પાક રૂહોને અર્શથી ફર્શ સુધી (આકાશથી ધરતી) સુધી દરેક જગાએ બરાબર સંબંધ છે. તેમનાથી (નજરોથી) કોઈ ચીજ દૂર નઝદીક નથી. (આઘી પાછી)

*(મક્તૂબ નંબર : ૨૮૯, ૧/૩૭૧)*

**૧૯.** ઘણા જ કામિલ ઔલિયા અલ્લાહને અલ્લાહ તબારક વ તઆલાએ એ શક્તિ અતા ફર્માવી છે કે તેઓ એક જ સમયે ઘણા સ્થળોએ તશરીફ લઈ જાય છે. *(મક્તૂબ નંબર : ૫૮, ૨/૧૧૫)*

**૨૦.** હુઝૂરે અક્દસ ﷺની ઉમ્મતના ઔલિયાએ કિરામ તવાફ કરવા માટે કા'બા મુઅઝ્ઝમામાં હાજર થાય છે અને તેમનાથી બરકતો મેળવે છે. *(મક્તૂબ નંબર : ૨૦૯, ૨/૨૧૧)*

**૨૧.** આરિફ એવા દરજ્જે પહોંચી જાય છે કે, લંબાઈ હોય કે પહોળાઈ, આકાશનો છેડો હોય કે, ધરતીનું ઊંડાણ સમગ્ર મખ્લૂકાત તથા મૌજૂદાતના રજકણોમાંના એકે એક રજકણ તેના માટે ગૈબુલ ગયબનો દરવાજો બંધ થઈ જાય છે અને પ્રત્યેક રજકણ બારગાહે ઈલાહીથી તેના માટે માર્ગ બની જાય છે.

*(મક્તૂબ નંબર : ૧૧૦, ૩/૨૧૦)*

**૨૨.** હુઝૂર પુરનૂર સૈયદના ગૌષે આ'ઝમ મોહ્યુદ્દીન અબ્દુલ કાદિર જીલાની رضي الله عنهને અલ્લાહ તબારક વ તઆલાએ એ કુદરત (શક્તિ) અતા કરી છે કે, જે કઝા લોહે મહેફૂઝ પર અનમીટના રૂપમાં લખેલી હોય અને તેનો સંબંધ ફક્ત અલ્લાહ તઆલાની જ જાણમાં હોય એવી કઝા પર પણ અલ્લાહની રજાથી તેઓ અધિકાર ધરાવી શકે છે. *(મક્તૂબ નંબર : ૨૧૭, ૧/૨૨૪)*

**૨૩.** હુઝૂર પુરનૂર સૈયદના ગૌષે આ'ઝમ رضي الله عنهના જમાનાથી કયામત સુધી જેટલા ઔલિયા, અબ્દાલ, અકતાબ, અવતાદ, નુકબા, નુજબા, ગૌષ કે મુજદ્દિદ (આ બધા વિલાયતના દરજ્જા છે) થશે, એ બધા વિલાયતનો ફૈઝ અને તરીકત હાંસલ કરવામાં હુઝૂર ગૌષે આ'ઝમ رضي الله عنهના મોહતાજ હશે. એમના વાસ્તા, વસીલા વગર કયામત સુધી કોઈ શખ્સ વલી થઈ શકશે નહીં.

*(મક્તૂબ નંબર : ૧૨૩, ૩/૨૪૮)*

**૨૪.** મુજદ્દિદે અલ્ફેષાની પણ હુઝૂર ગૌષે આ'ઝમ رضي الله عنهના નાયબ છે, જે રીતે સૂર્યનો પ્રકાશ પડતાં ચંદ્ર પ્રકાશમાન થાય છે. એ રીતે મુજદ્દિદે અલ્ફેષાની પર પણ ગૌષ પાક رضي الله عنهની બારગાહના બધા ફૈઝ અને બરકતો ઉતરી રહ્યાં છે. *(મક્તૂબાત : ૧૨૩, ૩/૨૪૮)*

**૨૫.** અંબિયા عَلَيْهِمُ السَّلَام (બદઉલ ખલ્ક) અર્શ, કુર્સી, લોહે મહેફૂઝ, જન્નત, દોઝખ, ફરિશ્તા, મુરસલીન, પૂર્વજ, ગુજરેલી ઉમ્મતો, કયામત, સૂરનો અવાજ (કયામતમાં ફૂકનાર), હિસાબ કિતાબ, મીઝાન, હોઝે કૌષર વગેરે વીતેલા અકસ્માતો, સાદર થનાર પ્રસંગોની ખબરો આપી છે. તેમાં અટકળો કરી, પોતાની બુદ્ધિ પ્રમાણે કરી લેવું નબુવ્વતની શાનનો ઈન્કાર છે.

*(મક્તૂબ નંબર : ૨૬૬, ૧/૩૨૩)*

**૨૬.** મુકલ્લિદ (તકલીદ અનુસરણ કરનાર)ને એ જાઈઝ નથી કે પોતાના ઈમામના મત વિરુદ્ધ કુર્આને અઝીમ, હદીષ શરીફથી શરઈ અહકામો પોતે કાઢી તેમના પર અમલ કરવા માડે. મુકલ્લિદો માટે એ જ જરૂરી છે કે, જે ઈમામની તકલીદ (અનુસરણ) કરી રહ્યા છે, તે જ મઝહબનો અધિકૃત કૌલ (કથન) જાણી તેના પર અમલ કરે. *(મક્તૂબ નંબર : ૨૬૬, ૧/૩૮૫)*

૨૭. જેટલા મસ્અલાઓમાં અહલે સુન્નતના ઉલ્મા અને તરીકતની વ્યવસ્થાના સૂફિયાએ કિરામ દરમિયાન મતભેદો છે જ્યારે તેમને ધ્યાનપૂર્વક જોવામાં આવે છે ત્યારે એ બધા મસાઈલોમાં ઉલ્માએ કિરામ તરફ હક્ક દેખાય છે.

*(મક્તૂબ નંબર : ૨૬૬, ૧/૩૨૫)*

૨૮. જે શખ્સ હરામ કાર્યોને (કે જે જરૂરિયાતે દીનથી હરામ છે) સારા સમજે તે મુસલમાન રહેતો નથી, બલ્કે મુર્તદ થઈ જાય છે.

*(મક્તૂબ નંબર : ૨૬૬, ૧/૩૨૫)*

૨૯. મીલાદ શરીફની મજલિસમાં કુર્આને પાકની તિલાવત જો સારા અવાજે કરવામાં આવે તથા હુઝૂરે અક્દસ ﷺની નઅત શરીફ સહાબાએ કિરામ, અહલે બયતે ઈઝામ, અવલિયાએ કિરામની મન્કબત (પ્રશંસા)ના કસીદા પઢવામાં આવે તો તેમાં શું વાંધો છે ? નાજાઈઝ વાત તો તે છે કે, કુર્આને અઝીમના હુરૂફોમાં ફેરફાર કરી દેવામાં આવે, તેમજ કસીદાઓ પઢવામાં રાગ રાગણી અને સંગીતના કાનૂનોની પાબંદી કરાય તથા તાળીઓ બજાવવામાં આવે. મીલાદે મુબારકની જે મજલિસમાં આ બધી (ઉપરોક્ત) નાજાઈઝ વાતો ન હોય તેના નાજાઈઝ હોવાનું શું કારણ હોય શકે ?! હા ! જ્યાં સુધી રાગણી અને તાલૂસ સાથે ગાવાનો તેમજ તાળીઓ બજાવવાનો દરવાજો સદંતર બંધ કરવામાં આવશે નહીં ત્યાં સુધી આ ઈચ્છા પરસ્ત લોકો બાઝ નહીં આવે. જો આ ગૈરશરઈ વાતોની સહેજ પણ રજા આપવામાં આવશે તો તેનું પરિણામ ઘણુ જ ખરાબ નીકળશે. *(મક્તૂબ નંબર : ૭૨, ૩/૧૧૬)*

૩૦. કુફ્રવાળાઓ સાથે દુશ્મની રાખવી ઈસ્લામની દૌલત પ્રાપ્ત થયાની નિશાની છે.

*(મક્તૂબ નંબર : ૧૬૩, ૧/૧૬૩)*

૩૧. અલ્લાહ રસૂલના દુશ્મનો સાથે (દિલી) મેળમેળાપ ઘણો મોટો ગુનોહ છે. ખુદા રસૂલના દુશ્મનોની સાથે મૈત્રી, મેળ મેળાપ ખુદા રસૂલની દુશ્મની તથા અદાવત સુધી પહોંચાડી દે છે. (عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ)

*(મક્તૂબ નંબર : ૧૬૨, ૧/૧૬૬)*

૩૨. હુઝૂરે અક્દસ ﷺની સાથે સંપૂર્ણ મહોબ્બતની નિશાની એ છે કે, હુઝૂર ﷺના દુશ્મનોની સાથે સંપૂર્ણ દુશ્મની રાખે, તેમની (અબદકરાર આકાની) શરીઅતના દુશ્મનોની સાથે દુશ્મનીની જાહેરાત કરે. *(મક્તૂબ નંબર : ૧૬૫, ૧/૧૬૮)*

૩૩. મહોબ્બતમાં ચાપલૂસી, પોલીસી જાઈઝ નથી. કેમ કે મોહિબ્બ પોતાના મહબૂબનો દીવાનો હોય છે. તે એ વાત સહન કરી શક્તો નથી કે તેના મહબૂબની વિરુદ્ધતા કરવામાં આવે. તે પોતાના મહબૂબના દુશ્મનોની સાથે કોઈ રીતે પણ સુલેહ પસંદ નથી કરતો. *(મક્તૂબ : ૧૬૫, ૧/૧૬૮)*

૩૪. બે મહોબ્બતો જે આપસમાં એકબીજાની વિરુદ્ધ હોય (તે) એક હૃદયમાં એકત્ર થઈ શકતી નથી. (બદ્મઝહબો) કુફ્ફારો જેઓ ખુદા રસૂલના દુશ્મનો છે (તેઓ) દુશ્મન હોવા જોઈએ, તેમને હેઠા પાડવાની કોશિશ કરવી જોઈએ. તેમને કોઈપણ પ્રકારની ઈજ્જત આપવી જોઈએ નહીં અને અભાગીઓને પોતાની મજલિસોમાં આવવા દેવા જોઈએ નહીં. તેમનાથી મેળ મેળાપ, મૈત્રી કરવી જોઈએ નહીં, તેમજ તેમની સાથે આકરી સખ્તીના માર્ગે વર્તવુ જોઈએ. *(મક્તૂબ : ૧૬૫, ૧/૧૬૬)*

૩૨. હુઝૂરે અકરમ ﷺ તરફ પહોંચાડનાર આ જ માર્ગ છે. જો આ માર્ગને છોડી દેવામાં આવશે તો તે જનાબ સુધી પહોંચવું દુશ્વાર છે. હાય અફસોસ !

**હાય પહોંચું કિસ તરહ તા કૂએ યાર**
**રાહમેં હૈ પુર ખતર કોહ ઔર ગાર**

*(મક્તૂબ : ૧૬૫, ૧/૧૬૯)*

## ખલીફાએ રાશિદ

# હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ رضی اللہ عنہ

• કાર્યાલય •

**(ઉમવી દૌરનો તે ખુદાથી ડરનાર હુકમરાં જેણે હજારો વિરોધો તથા નારાજીઓ છતાં સમાજને ઈસ્લામી અહકામનો પાબંદ કરી આપ્યો.)**

*ઈસ્લામના ખલીફાઓ કેટલી ઈમાનદારી સાથે દેશનો વહિવટ કરતા હતા અને હરામ ખાવાથી કેટલા દૂર રહેતા હતા, ખુદાનો ખૌફ દિલમાં કેવો હતો અને પ્રજાના હક્કોની સાચવણી કેવી રીતે કરતા હતા, સગાવાદથી કેટલા દૂર હતા, તેને વાંચો અને સમજો કે ઈસ્લામ કેવો પાકીઝા મઝહબ છે. આજે તો સામાન્યતઃ રાજકારણમાં પડીને સત્તા જ એટલા માટે મેળવવામાં આવે છે કે લોકોના હક્કો મારીને હરામની સંપત્તિ ભેગી કરવામાં આવે ! સરપંચ જેવા પદ માટે ખૂનો થઈ જાય છે ! કેમ કે સત્તા કે હોદ્દા મળતાં હરામ ખાવાનો ચાન્સ મળે ! તેમજ જેઓ બયતુલ માલ કે રીલીફ માટે સંસ્થાઓ ચલાવતા હોય તેમણે પણ આ લેખથી બોધ લેવાનો છે કે સહાય માટે કે દીનના કામો માટે ભેગી કરેલી રકમ અંગત સ્વાર્થ માટે કે ખોટા માર્ગે ન વપરાય જાય, નહીં તો કયામતમાં સખત પકડ થશે. અલ્લાહ આપણને નેક રાહે ચલાવે, ભ્રષ્ટાચાર તથા નાજાઈઝ, હરામ માલથી બચાવે. (આમીન) –તંત્રી બરકાતે ખ્વાજા (માસિક)*

❑ ❑ ❑

ઉમવી ખલીફા સુલૈમાન બિન અબ્દુલ અઝીઝની કફન દફનની વ્યવસ્થા કર્યા બાદ હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ رضی اللہ عنہ એ નમાઝે જનાઝા પઢાવી અને જાતે પોતે તેમને કબરમાં ઉતાર્યા. જ્યારે તે કબ્રસ્તાનથી ઘરે જવા લાગ્યા તો ખલીફા તરીકે તેમને શાહી સવારીઓ પેશ કરવામાં આવી, પરંતુ હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝે એ સવારીઓ પરત કરી આપી અને ફર્માવ્યું, "મારા માટે મારો ખચ્ચર જ પૂરતો છે." ત્યારબાદ પોલીસ ઓફિસર પોતાના સિપાહીઓ સાથે હિફાઝત (સિક્યૂરિટી) માટે આગળ વધ્યા, તો આપે તેમને પરત કરી આપ્યા અને ફર્માવ્યું, "મને કોઈનાથી કોઈ ખતરો નથી, હું પણ સર્વ મુસલમાનોની જેમ એક મુસલમાન છું."

દફનક્રિયાથી ફારિગ થઈને હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ رضی اللہ عنہ પોતાના ખચ્ચર પર સવાર થઈને પરત જતા રહ્યા. લોકોનો ખયાલ હતો કે આપ શાહી મહેલમાં રહેવા આવશે, પરંતુ આપે ફર્માવ્યું, "ત્યાં માજી ખલીફા સુલૈમાનના બીવી બચ્ચાં છે જેથી મારું ત્યાં જવું મુનાસિબ નથી."

બનૂ ઉમૈયાના ખલીફાઓને ત્યાં દસ્તૂર હતો કે જ્યારે ખલીફાનો ઈન્તેકાલ થતો તો તેના વપરાશમાં રહેલી ચીજો તેની ઔલાદને મળી જતી અને વણવપરાયેલી ચીજો ખલીફાની માલિકીમાં આવી જતી હતી. ખાનદાનવાળાઓએ એ તરીકાના પ્રમાણે સુલૈમાન બિન અબ્દુલ મલિકની ચીજોની વહેંચણી કરવા ચાહ્યું, પરંતુ હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ બિન મરવાન બિન હકમ (હિ. ૧૦૧ : વફાત)એ એવું કરવાથી મના કર્યું અને ફર્માવ્યું, "આ ચીજો ન મારી છે, ન સુલૈમાનની અને ન તમારી." અને પછી પોતાના ગુલામ મુજાહિમને હુકમ આપ્યો, "આ સર્વ ચીજોને

બયતુલ માલમાં જમા કરી દો."

*(સીરતે ઈબ્ને અબ્દુલ હકમ, પેજ–૩૫)*

## ★ ખિલાફતનો પ્રથમ ખુત્બો ★

ત્યારબાદ હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ મસ્જિદમાં તશરીફ લાવ્યા અને મિમ્બર પર ઉભા થઈને લોકોની સામે એક ખુત્બો આપ્યો જેનો સાર આ પ્રમાણે છે : લોકો ! મારી ખ્વાહિશ અને આમ મુસલમાનોની ખ્વાહિશ વિના મને ખિલાફતની જિમ્મેદારીઓમાં નાખી દેવામાં આવ્યો છે. એટલા માટે મારી બયતનો જે તોક઼ તમારી ગરદનમાં છે તેને હું ખુદ ઉતારી દઉં છું, તમો જેને ચાહો પોતાનો ખલીફા નિયુક્ત કરી લો.

આ ખુત્બાને સાંભળીને લોકોએ ઉંચા અવાજે કહ્યું, અમે આપને ખલીફા બનાવ્યા છે અને અમો સૌ આપનાથી રાજી છીએ, આપ ખુદાનું નામ લઈને કામ શરૂ કરો.

જ્યારે આપને એ વાતનું યક઼ીન થઈ ગયું કે હવે કોઈ વ્યક્તિને તેમની ખિલાફતથી ઈન્કાર નથી ત્યારે આપે આ મહાન બોજનો સ્વીકાર કર્યો અને મુસલમાનોની સામે તક઼રીર કરી જેમાં તક઼વા તથા ફિક્રે આખેરતની તલ્ક઼ીન અને ઈસ્લામના ખલીફાની અસલ હક઼ીક઼ત સ્પષ્ટ કરી. હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝે ફર્માવ્યું :

"લોકો ! તમારા નબી બાદ બીજો નબી આવનાર નથી અને અલ્લાહે તેના પર જે કિતાબ ઉતારી છે એના જેવી બીજી કિતાબ આવનારી નથી. અલ્લાહ તઆલાએ જે ચીજ હલાલ કરી આપી છે તે ક઼યામત સુધીના માટે હલાલ છે અને જે ચીજ હરામ કરી દીધી છે તે ક઼યામત સુધીના માટે હરામ છે. હું (મારા તરફથી) કોઈ ફૈંસલો કરનારો નથી બલ્કે કેવળ રબના હુકમોને લાગુ પાડનારો છું. ખુદ મારા તરફથી કોઈ નવી વાત કરનારો નથી, બલ્કે કેવળ પયરવી કરનારો છું. કોઈને એ હક્ક઼ નથી કે અલ્લાહ તઆલાની નાફર્માનીમાં તેની આજ્ઞાનુ પાલન કરવામાં આવે. હું તમારામાંથી કોઈ વિશિષ્ટ વ્યક્તિ નથી બલ્કે માલૂલી વ્યક્તિ છું. અલ્બત્ત તમારી સરખામણીમાં અલ્લાહ તઆલાએ મારા પર અધિક બોજ રાખી દીધો છે.

લોકો ! જે શખ્સ અલ્લાહ તઆલાની ઈતાઅત (આજ્ઞાપાલન) કરે તેની ઈતાઅત વાજિબ છે અને જે શખ્સ તેની નાફર્માની કરે તેનું આજ્ઞાપાલન જાઈઝ નથી. જ્યાં સુધી હું અલ્લાહની ઈતાઅત (ફર્માંબરદારી) કરું ત્યાં સુધી મારી ઈતાઅત (અજ્ઞાપાલન) કરો, જો હું તેની નાફર્માની કરું તો મારી ફર્માંબરદારી તમારા પર ફર્ઝ નથી.

લોકો ! અલ્લાહ તઆલાના ખૌફ તથા તક઼વાને લાઝિમ (અનિવાર્યપણે) પકડો, કેમ કે અલ્લાહ તઆલાનો ખૌફ દરેક ચીજનો બદલ છે પણ તેનો કોઈ બદલ નથી.

લોકો ! મારાથી પહેલાં અમુક હાકિમોને ખુશ રાખવા તમો એટલા માટે જરૂરી સમજતા હતા કે જેથી એ રીતે તમો એમના જુલ્મથી મેહફૂઝ રહી શકો.

લોકો ! હું માલ દૌલતને તમારાથી બચાવી બચાવીને રાખીશ નહીં, બલ્કે મને જ્યાં હુકમ આપવામાં આવ્યો છે ત્યાં ખર્ચ કરીશ. સાંભળી લો ! ખાલિક઼ની નાફર્માનીમાં મખ્લૂક઼ની ફર્માબરદારી જાઈઝ નથી."

ત્યારબાદ આપ મિમ્બરથી નીચે ઉતરી આવ્યા અને લોકોને ચાલ્યા જવાનો હુકમ આપ્યો.

*(તારીખે ઈબ્ને અષીર, ૫/૧૬,*
*સીરતે ઈબ્ને અબ્દુલહકમ, પેજ ૩૮–૩૯)*

**બીજો ખુત્બો** : હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ જ્યારે ખિલાફતની ગાદી પર બિરાજમાન થયા તો બીજા વિસ્તારોથી કેટલાય લોકો પોતપોતાની

જરૂરતોના માટે દારુલ ખુલફામાં આવેલા હતા. આપે એ સર્વ લોકોને ભેગા કર્યા અને તેમની સામે નીચે પ્રમાણોના ખુત્બો આપ્યો :

''લોકો ! પોત પોતાના વિસ્તારોમાં પાછા ચાલ્યા જાવ, કેમ કે જ્યારે તમે મારી પાસે હોવ છો તો ભૂલી જઉં છું અને જ્યારે તમે પોત પોતાની જગા પર હોઉ છો તો મને સારી રીતે યાદ રહો છો.

જુઓ ! મેં કેટલાક લોકોને તમારા પર હાકિમ નિયુક્ત કરેલા છે. હું એવું કહીશ નહીં કે એ તમારામાંથી બેહતર માણસ છે, હા ! એવું કહી શકુ છું કે તે ઘણા બધા લોકોથી સારા છે. જો કોઈ શખ્સ પર તેનો હાકિમ જુલ્મ કરે છે તો હું માહિતગાર કરી દેવા ચાહું છું કે તેને મારા તરફથી એ વાતની ઈજાઝત નથી. (ખબર મળતાં તેની વિરૂધ્ધ કાર્યવાહી કરવામાં આવશે) અને જેના પર કોઈ પ્રકારનો જુલ્મ નથી થયો (જે આમ જ અહીં આવેલો છે) તેણે પોતાના સ્થળે પરત જવું જોઈએ. હવે પછી હું તેને અહીં ન જોઉં.

જુઓ ! મેં મારા માટે અને મારાં બીવી બચ્ચાં માટે આ માલને મના ઠરાવી રાખેલો છે, જો હવે તમને આપવામાં પણ કંજૂસાઈ કરું તો પછી હું પ્રથમ કક્ષાનો કંજૂસ કહેવાઉ. જો હું કોઈ સુન્નતને બુલંદ ન કરી શકું અથવા હક્ક઼ તથા ન્યાયના માર્ગો ન ચાલી શકું તો હું એક ઘડી પણ જીવતો રહેવા ઈચ્છીશ નહીં.''

હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ જ્યારે ખિલાફતની ગાદી પર બિરાજમાન થયા તો તેમની સમક્ષ એ હતું કે ઉમ્વી હુકૂમતને ખિલાફતે રાશિદામાં બદલી નાખવી જાઈએ. તે ચાહતા હતા કે ખિલાફતની વ્યવસ્થામાં એક મહાન ક્રાંતિ લાવવામાં આવે. તેમની નજર સમક્ષ એ પણ હતું કે જ્યારે તેઓ આ સંબંધે અમલી ક઼દમ ઉઠાવશે તો તેમના વિરોધમાં એક તોફાન ખડુ થઈ જશે. પરંતું આપે પાકો ઈરાદો કરી લીધો કે ખિલાફત વ્યવસ્થામાં જરૂરથી તબદીલી લાવીને તેને અસલ પ્રમાણે પરત લાવીશું. જેથી આપણે એના બારામાં બે જરૂરી કામ કરવાનો ઈરાદો કર્યો :
૧. હડપ કરેલા માલ તથા જાયદાદને પરત લેવું અને
૨. બાગે ફિદકનો મામલો.

શાહી ખાનદાન તથા અમીરોને આપવામાં આવેલ પાછલા હાકિમોના નાજાઈઝ તોહફાઓ, બયતુલ માલથી હોદ્દેદારોના અંગત ખર્ચાઓ, પબ્લિક પર જાલિમાના ટેકસ, ગૈર મુસલમાનો પર ટેક્ષની જાલિમાના પધ્ધતિ, એ સૌને સૈયદિના ઉમર બિન અબ્દુલ અઝીઝને મૂળ સ્થિતિ પ્રમાણે પરત કર્યું.

**★ હડપ કરેલો માલ તથા જાયદાદની વાપસી ★**

હઝરત ઉપર બિન અબ્દુલ અઝીઝ رضی اللہ عنہ થી પહેલાં ખલીફાઓએ પ્રજાના માલ તથા સંપત્તિ પર જુલ્મની રીતે કબજો કરી લીધો હતો, એ માલોને તેમના અસલ માલિકોને પરત કરવાનું તેમણે પોતાના ઉપર ફર્ઝ ઠરાવ્યું. જેથી એના અનુસંધાનમાં આપે સૌ પ્રથમ અમલી ક઼દમ પોતાની જાત અને પોતાના ખાનદાનથી શરૂ કર્યું. આપની પાસે ઘણી મોટી વારસાગત જાગીર હતી. આપના અમુક શુભેચ્છકોએ આપને મશ્વરો આપ્યો કે જો તમો જાગીર પરત કરશો તો ઔલાદના માટે શું વ્યવસ્થા કરશો ? ફર્માવ્યું, ''હું એમને અલ્લાહ તઆલાને સોંપુ છું.'' ત્યારબાદ આપે બની મરવાનને ભેગા કર્યા અને તેમને ફર્માવ્યું, ''હે બની મરવાન ! તમને ઉચ્ચતા તથા દૌલતનો ખૂબ જ મોટો હિસ્સો મળેલો છે. મારો ખયાલ છે કે ઉમ્મતનો અડધો કે ૨/૩ માલ તમારા કબજામાં છે.''

એ લોકો ઈશારો સમજી ગયા અને હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ رضی اللہ عنہ ને સંબોધીને કહ્યું, ''ખુદાની ક઼સમ ! જ્યાં સુધી અમારાં માથાં શરીરથી

અલગ નહીં થાય ત્યાં સુધી અમો આ સંપત્તિ પરત નથી કરી શકતા. ખુદાની કસમ ! ન અમારા બાપદાદાઓને કાફિર બનાવી શકીએ છીએ અને ન અમારી ઔલાદને મુફલિસ બનાવી શકીએ છીએ."

હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝે બની મરવાનની જીભેથી આ શબ્દો સાંભળ્યા તો આપે ફર્માવ્યું, "ખુદાની કસમ ! જો આ હક્કની અદાયગીમાં તમો મારી મદદ નહીં કરો તો હું તમને સૌને ઝલીલ તથા રુસ્વા કરીને છોડીશ."

*(સીરતે ઉમર બિન અબ્દુલ અઝીઝ,*
*અઝ : ઈબ્ને જવઝી, બૈરૂત, ૧૯૮૪, પેજ–૧૦૮)*

ત્યારબાદ હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝે આમ મુસલમાનોને મસ્જિદમાં ભેગા થવાનો હુકમ આપ્યો. જ્યારે સર્વ લોકો મસ્જિદમાં ભેગા થઈ ગયા તો આપે એમની સમક્ષ તકરીર કરી :

"એ લોકો (ઉમવી ખલીફાઓ)એ અમને ખાનદાનના સભ્યોને એવી જાગીરો તથા તોહફાઓ આપ્યા કે ખુદાની કસમ ! જેને આપવાનો ન એમને કોઈ હક્ક હતો અને ન અમને એને લેવાનો. હવે હું એ સૌને તેમના અસલી હક્કદારોને પરત કરું છું અને મારી જાત અને મારા ખાનદાનથી શરૂ કરું છું.

આ તકરીર પછી હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ رضی اللہ عنہ એ પોતાના ગુલામ મુઝાહિમને હુકમ આપ્યો કે તે શાહી દસ્તાવેજ લાવે જેમાં જાગીરોના એલોટમેન્ટના (અર્પણના) હુકમો હતા. જેથી મુઝાહિમ દસ્તાવેજ લાવ્યા અને વાંચી સંભળાવતા જતા હતા, અને ઉમર બિન અબ્દુલ અઝીઝ رضی اللہ عنہ તેને કાતર વડે કાપી કાપીને ફેંકતા જતા હતા. ઝોહરની નમાઝ સુધીમાં આપે સર્વ જાગીરો મૂળ હક્કદારોને પરત કરી આપી, ત્યાં સુધી કે એક નગીનો પણ પોતાની પાસે ન રહેવા દીધો. *(તબકાતે ઈબ્ને સઅદ, પેજ–૨૫૨)*

ઈમામ જલાલુદ્દીન સિયૂતી رضی اللہ عنہ તારીખે ખુલફામાં લખે છે : ઉત્બા બિન સઈદ બિન અબુલ આસ, હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝની પાસે આવ્યા અને અર્ઝ કરી, અમીરુલ મો'મિનીન ! આપનાથી પહેલાં બની ઉમૈયાના ખલીફાઓ અમને માલ સામાન તથા ભેટો અર્પણ કરતા હતા, પણ આપે એ ક્રમ બંધ કરી દીધો છે.

હઝરત ફર્માવ્યું, તમે મહેનત તથા તકલીફ ઉઠાવીને કામ કરો અને તમારી રોજી કમાવ. પછી ફર્માવ્યું, હે ઉત્બા ! તમે મૌતને અધિકતર યાદ કરો જેથી તમો તંગદસ્ત છો તો તેમાં વિશાળતા પેદા થાય, અને જો તમે વિશાળતા તથા સમૃધ્ધિવાળા છો તો તમને તંગી મેહસૂસ થાય." *(તારીખે ખુલફા, પેજ–૩૨૩)*

## ★ પત્નીનો માલ તથા ઝવેરાત બયતુલ માલમાં દાખલ કરવું ★

આપની પત્ની ફાતિમા અબ્દુલ માલિકની પુત્રી હતાં. અબ્દુલ મલિકે શાદી વખતે ઘણા બધાં ઘરેણાં અને એક ઘણો જ મોઘો કિંમતી પથ્થર તેણીને આપ્યો હતો અને આ પથ્થર તથા ઘરેણાં ફાતિમા બિન્તે અબ્દુલ મલિક પાસે સુરક્ષિત હતાં. આપે પોતાની પત્નીને કહ્યું, "તમારી પાસે જે ઘરેણાં તથા કિંમતી પથ્થર છે એ સૌ બયતુલ માલમાં જમા કરાવી દો. જો તમે એ ઘરેણાં વગેરે પોતાની પાસે રાખ્યા ચાહતી હોવ તો પછી મને છોડવા માટે તૈયાર થઈ જાવ !"

આજ્ઞાંકિત પત્નીએ જવાબ આપ્યો, "આપ મારાં સર્વે ઘરેણાં તથા કિંમતી પથ્થર ખુશીપૂર્વક બયતુલ માલમાં જમા કરાવી દો, હું ઘરેણાની સરખામણીમાં તમને અગ્રતા આપુ છું."

જ્યારે હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ رضی اللہ عنہ નો ઈન્તેકાલ થઈ ગયો અને વસિયત પ્રમાણે યઝીદ બિન અબ્દુલ મલિક ખલીફા બન્યો તો તેણે

આપનાં પત્ની સાહેબા (પોતાની બહેન ફાતિમા)ને કહ્યું, "જો તમે ચાહો તો તમારાં સર્વ ઘરેણાં બયતુલ માલથી પરત લઈને તમને આપી દઉં."

ફાતિમાએ લેવાથી ઈન્કાર કરી આપ્યો અને કહ્યું, "જે ચીજ હું મારી મરજીથી મારા પતિની જિંદગીમાં આપી ચૂકી છું, હવે એમના મૃત્યુ બાદ પરત લઈશ નહીં."

## ★ બાગે ફિદકને છોડી આપવું ★

ફિદક ખૈબરનું એક ગામ હતું. ખૈબરની ફતહ બાદ રસૂલે અકરમ ﷺએ તેને "ખાલસા" ઠરાવ્યું હતું, હુઝૂરે અકરમ ﷺની વફાત પછી હઝરત અબૂ બક્ર رضی اللہ عنہ ખલીફા બન્યા તો હઝરત ફાતિમાએ તેની માગણી કરી પરંતું હઝરત અબૂ બક્રએ ઈન્કાર કરી આપ્યો અને ફર્માવ્યું કે, "રસૂલુલ્લાહ ﷺનો ઈર્શાદ છે કે અંબિયાના માલમાં વારસો લાગુ નથી થતો. *(સુનને અબૂ દાઊદ, ૨૯૬૯)*

ત્યારબાદ મરવાન બિન હકમે બાગે ફિદકને પોતાની અંગત જાગીર બનાવી લીધી, અને વારસા રૂપે એ હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ رضی اللہ عنہના કબજામાં આવ્યો. સુનને અબૂ દાઊદમાં છે : "હઝરત અબ્દુલ્લાહ બિન જરીર, મુગીરાથી રિવાયત કરે છે કે હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ બિન મરવાન બિન હકમ જે વખતે ખલીફા બનાવવામાં આવ્યા તો તેમણે મરવાનના પુત્રોને ભેગા કર્યા અને તેમને સંબોધીને ફર્માવ્યું કે : રસૂલુલ્લાહ ﷺનો જે બાગે ફિદક હતો આપ ﷺ તેની આવક પોતાના અહલો અયાલ, ફકીરો તથા મિસ્કીનો પર ખર્ચ કરતા હતા, અને એના વડે બની હાશિમના નાના બાળકો પર એહસાન કરતા હતા, અને વિધવા સ્ત્રીઓના નિકાહ પર પણ ખર્ચ કરતા હતા. રસૂલુલ્લાહ ﷺ પાસે હઝરત ફાતિમાએ ફિદકનો સવાલ કર્યો હતો, એટલે કે ફિદક મને આપી દેવામાં આવે. તો નબીયે રહમત ﷺએ હઝરત ફાતિમાને ફિદક ન આપ્યો. જ્યારે હુઝૂર ﷺની વફાત થઈ અને હઝરત અબૂ બક્ર સિદ્દીક رضی اللہ عنہ ખલીફા બન્યા તો તેની સ્થિતિ જે હતી તે એ જ પ્રમાણે રહી જે રસૂલુલ્લાહ ﷺના જમાનામાં હતી. જ્યારે હઝરત અબૂ બકર સિદ્દીક઼ની વફાત થઈ અને હઝરત ઉમર ખલીફા બન્યા તો તેમણે એ જ પ્રમાણે અમલ કર્યો જેવી રીતે હુઝૂર ﷺ પોતાની જિંદગીમાં પોતાનાં ઘરવાળાઓ તથા બનૂ હાશિમ ભાઈઓ પર અને વિધવાઓના નિકાહ પર ખર્ચ કરતા હતા, એવું જ હઝરત ઉમર ફારૂક઼ رضی اللہ عنہએ કર્યું. ત્યાં સુધી કે હઝરત ઉમર ફારૂક઼ની વફાત થઈ પછી મરવાન બિન હકમે તેને પોતાની અંગત જાગીર બનાવી લીધી. અને તેણે આ કામ હઝરત ઉષ્માન رضی اللہ عنہની ખિલાફતમાં કર્યું. તેના પછી ફિદક હવે મારા કબજા હેઠળ આવેલ છે. મેં એ બાબત જોઈ છે કે રસૂલુલ્લાહ ﷺએ તેને હઝરત ફાતિમાને આપ્યો ન હતો જેથી મારા માટે પણ એને રાખવો દુરુસ્ત નથી, અને હું તમને લોકોને ગવાહ બનાવું છું કે ફિદકની જે હાલત રિસાલતકાળમાં હતી એને એ જ સ્થિતિમાં પરત કરું છું."

હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝે મદીના શરીફના ગવર્નર અબૂ બક્ર બિન મુહમ્મદ બિન અમ્ર બિન હઝમને એક પત્ર લખ્યો કે મને તેહકીક઼ાત બાદ માલૂમ પડયું છે કે ફિદકથી ફાયદો ઉઠાવવો મારા માટે જાઈઝ નથી, એટલા માટે હું તેને એ જ સ્થિતિમાં લાવવા ચાહું છું જે રસૂલુલ્લાહ ﷺ અને ખુલફાએ રાશિદીનના સમયમાં હતી. જ્યારે તમને મારો આ પત્ર મળે તો તેને એક એવા શખ્સના કબજામાં આપો જે સર્વ હક્ક઼ોની રક્ષાની સાથે તેની નિગરાની કરે." *(ક્રમશઃ)*

*(સુન્ની દા'વતે ઈસ્લામી-મંથલી, ફેબ્રુઆરી-૨૦૨૧)*

# મીલાદુન્નબી صلی اللہ علیہ وآلہٖ وسلم ની બરકત અને બિદઅતની હકીકત



• કાર્યાલય •

૧૨ રબીઉલ અવ્વલ શરીફના રોજ સોમવારે સુબ્હ સાદિક્ના સમયે આપણા પ્યારા આક઼ા મહબૂબે ખુદા, બેકસોના કસ, બેસહારાઓના સહારા, યતીમોના આશરા, બેવાઓના ચહેરાને ખુશીઓથી ચમકાવનાર, મઝલૂમોને ન્યાય અપાવનાર, ગરીબોના દાતા, ગુમરાહોના હાદી....એવા અલ્લાહના પ્યારા રસૂલ ﷺ દુનિયામાં તશરીફ લાવે છે.

## ★ આખરી નબી હુઝૂર ﷺની વિલાદત અને અહલે કિતાબ ★

શાઈરે દરબારે રિસાલત હઝરત હસ્સાન બિન ષાબિત رضی اللہ عنہને અલ્લાહ તઆલાએ લાંબી ઉમર અતા કરી. ૬૦ વરસો આપે જેહાલતમાં ગુજાર્યા અને ૬૦ વરસો એક સાચા મોમિનની હૈસિયતથી ગુજાર્યા. આપ ફર્માવે છેઃ મારી ઉમર સાત આઠ વરસની હતી. મારામાં એટલી સમજબુઝ હતી કે જે હું જોતો અને સાંભળતો હતો તે મને યાદ રહેતુ હતું. એક દિવસ વહેલી સવારે એક ઉંચા ટેકરા પર યષરબ (મદીના)માં એક યહૂદીને મેં બૂમો પાડતો જોયો. તે એલાન કરી રહ્યો હતો : "હે યહૂદીઓના ગિરોહ ! મારી પાસે ભેગા થઈ જાવ !" તેઓ તેનું એલાન સાંભળીને દોડતા ભાગતા તેની પાસે એકત્ર થઈ ગયા અને તેને પૂછયું કે બતાવો શું વાત છે ? તેણે કહ્યું કે તે તારો ઉગી ગયો છે જેણે આ રાતમાં ઉગવાનુ હતું, જે અહમદ ﷺની વિલાદતની રાત છે.

કઅબ અહબાર કહે છે કે મેં તૌરાતમાં જોયું કે અલ્લાહ તઆલાએ હઝરત મૂસા علیہ السلامને નબી કરીમ ﷺની વિલાદતના સમયથી માહિતગાર કર્યા હતા. અને મૂસા علیہ السلامએ પોતાની કૌમને એ નિશાની બતાવી દીધી હતી. આપે ફર્માવ્યું હતું કે, તે તારો તમારી નજીક ફલાણા નામથી મશહૂર છે તે જ્યારે પોતાની જગાએથી હરકત કરશે તો તે સમય મુહમ્મદ ﷺની વિલાદતનો હશે. અને એ વાત બની ઈસ્રાઈલમાં એવી આમ હતી કે ઉલમા એક બીજાને બતાવતા હતા અને પોતાની આવનારી નસલને એનાથી ખબરદાર કરતા હતા.

*(અસ્સીરતુન્નબવિય્યહ, અહમદ બિન ઝયની દહલાન, ૧/૪૮, બહવાલા ઝિયાઉન્નબી ﷺ, ૧/૩૧)*

હઝરત આઈશા رضی اللہ عنہاથી મરવી છે. આપ એ લોકોથી રિવાયત કરે છે જેઓ વિલાદત બાસઆદત વખતે મૌજૂદ હતા. આપે કહ્યું : મક્કામાં એક યહૂદી રહેતો હતો. જ્યારે તે રાત આવી જેમાં અલ્લાહના પ્યારા રસૂલની વિલાદત બા સઆદત થઈ તો તે યહૂદીએ કુરૈશની એક મેહફિલમાં જઈને પૂછયું કે હે કુરૈશ ! શું આજે રાતે તમારે ત્યાં કાંઈ બાળક પેદા થયું છે ? કૌમે પોતાની અજાણતા પ્રદર્શિત કરી. યહૂદીએ કહ્યું કે મારી વાત સારી રીતે યાદ કરી લો, આજે રાતે આ આખરી ઉમ્મતનો નબી પેદા થયો છે. અને હે કુરેશીઓ ! એ તમારા કબીલામાંથી હશે અને તેના ખભા પર એક જગાએ વાળોનો ગુચ્છો હશે. લોકો આ વાત સાંભળીને પોત પોતાનાં ઘરો પર ચાલ્યા ગયા. દરેક શખ્સે પોતાનાં ઘરવાળાઓને પૂછયું. તેમને બતાવવામાં આવ્યું કે આજે રાતે અબ્દુલ્લાહ બિન અબ્દુલ મુત્તલિબને ત્યાં એક ફરઝંદ પેદા થયો છે જેને મુહમ્મદનુ બાબરકત નામ આપવામાં આવેલ છે. લોકોએ યહૂદીને આવીને જણાવ્યું. તેણે કહ્યું, મને લઈ

ચાલો અને મને તે જન્મેલ બાળક બતાવો. જેથી તેઓ તેને લઈને હઝરત આમિનાના ઘરે આવ્યા. તેમણે હઝરત આમિનાને કહ્યું કે અમને ફરઝંદ બતાવો. તેણી બાળકને ઉઠાવીને તેમની પાસે લઈ આવ્યાં. તેમણે એ બાળકની પીઠ પરથી કપડુ હટાવ્યું. તે યહૂદી વાળોના તે ગુચ્છાને જોઈને બેહોશ થઈને પડી ગયો. જ્યારે તેને હોશ આવ્યો તો લોકોએ પૂછયું, તમને શું થઈ ગયું ? તો તેણે સેંકડો અફસોસ સાથે કહ્યું કે બની ઈસ્રાઈલથી નબુવ્વત ખત્મ થઈ ગઈ ! હે કુરૈશના કબીલા ! તમે ખુશીઓ મનાવો, મૌલૂદ મસ્ઊદની બરકતથી પૂર્વ તથા પશ્ચિમમાં તમારી અઝમતનો ડંકો વાગશે.

*(હવાલો ઉપર મુજબ, ૧/૪૮)*

આ પ્રકારની અસંખ્ય રિવાયતો છે જેમાં અહલે કિતાબના ઉલમાએ નબી કરીમ ﷺની વિલાદત બાસઆદતની ખુશ ખબરીઓ આપી છે.

## ★ વિલાદતે પાક અને અબ્દુલ મુત્તલિબનો અનુભવ ★

હઝરત અબ્દુલ મુત્તલિબ ફર્માવે છે : હું એ રાતે કા'બામાં હતો. મેં મૂર્તિઓને જોઈ દરેક મૂર્તિ પોત પોતાની જગાએ સજદામાં માથુ રાખીને માથા ભેર ગબડી પડી. અને કા'બાની દીવાલથી આ અવાજ આવી રહ્યો છે : ''મુસ્તફા તથા મુખ્તાર પેદા થયો. તેના હાથોથી કાફિરો હલાક થશે અને કા'બા મૂર્તિઓની ઈબાદતથી પાક થશે અને તે અલ્લાહની ઈબાદતનો હુકમ આપશે જે હકીકી બાદશાહ અને સર્વ કાંઈ જાણનાર છે.'' *(ઝિયાઉન્નબી ﷺ, ભાગ : ૧)*

## ★ મીલાદુન્નબી ﷺ પર ખુશી કેમ મનાવાય છે ?! ★

*નિષાર તેરી ચહલ પહલ પર હઝારોં ઈદે રબીઉલ અવ્વલ*
*સિવાયે ઈબ્લીસ કે જહાંમેં સભી તો ખુશિયાં મના રહે હૈં*

રબ તઆલાનું ફર્માન છે :

قُلْ بِفَضْلِ اللّٰهِ وَ بِرَحْمَتِهٖ فَبِذٰلِكَ فَلْيَفْرَحُوْا ؕ هُوَ خَيْرٌ مِّمَّا يَجْمَعُوْنَ

''હે હબીબ ! તમે ફર્માવો, અલ્લાહના જ ફઝ્લ અને તેની રહમત, અને તેના પર જોઈએ કે ખુશી મનાવે તે એમની સર્વ ધન દૌલતથી બેહતર છે.''

*(સૂ. યૂનુસ, ૧૦/૫૮, કન્ઝુલ ઈમાન)*

આ આયતમાં હુકમ આપવામાં આવ્યો કે જ્યારે અલ્લાહ તઆલાનો ફઝલ અને તેની રહમત થાય તો ખુશી આનંદને પ્રદર્શિત કરે. **અલ્લાહના રસૂલ ﷺના આગમનથી વધીને** કઈ ચીજ ફઝ્લ તથા રહમત તથા નેઅમત કહેવાશે ?! જેથી જ તો મુસ્લિમ ઉમ્મત સદીઓથી અલ્લાહ તઆલાની સૌથી શ્રેષ્ઠ નેઅમત પર અલ્લાહના શુક્ર સાથે ખુશીઓ મનાવતી આવી છે. દર વર્ષે ઈસ્લામી જગતના દરેક ગામ તથા શહેરમાં ઈદે મીલાદુન્નબી ﷺ મનાવવાનું આયોજન થાય છે. અને દિવસ તથા રાતોમાં ઝિક્ર ફિક્રની મેહફિલો ગોઠવાય છે. જેમાં અલ્લાહ તઆલાની શાને કિબ્રિયાઈ તથા તેના મહબૂબે મુકર્રમ શફીઉલ મુઝનબીન ﷺની શાનની ઉચ્ચતા તથા મહાનતાની ચર્ચાઓ કરવામાં આવે છે. તકરીરો થાય છે, નઅતો પઢાય છે અને એ રીતે મહબ્બતે રસૂલનું પ્રદર્શન કરવામાં આવે છે. મહોલ્લા સજાવાય છે, ખુશ્બુઓ ફેલાવવામાં આવે છે, નિયાઝો કરવામાં આવે છે, ભૂખ્યાઓને જમાડાય છે, ગરીબોને સદકા આપવામાં આવે છે, જાણે કે ઈસ્લામના ગુલશનમાં તે દિવસે નવેસરથી વસંત ખીલી ઉઠે છે.

## ★ મીલાદુન્નબી ﷺની બરકતો વિશે મહાન ઈમામોના કથનો ★

**ઈમામ અબૂ શામા જે ઈમામ નવવી શારેહે બુખારીના ઉસ્તાઝુલ હદીષ** છે તે ફર્માવે છે : ''અમારા જમાનામાં જે બેહતરીન નવુ કામ કરવામાં

આવે છે તે એ છે કે લોકો દર વર્ષે હુઝૂર ﷺના મીલાદના દિવસે સદકા ખૈરાત કરે છે, અને ખુશી પ્રદર્શિત કરવા માટે પોતાના ઘરો, ગલી કૂચાઓને શણગારે છે. કેમ કે એમાં કેટલાય ફાયદા છે, ફકીરો તથા મિસ્કીનો સાથે એહસાન અને મુરવ્વતનો વર્તાવ થાય છે, તેમજ જે શખ્સ આ કામ કરે છે તેના પરથી માલૂમ થાય છે કે તેના દિલમાં અલ્લાહ તઆલાના મહબૂબની મહબ્બત તથા અઝમતનો ચિરાગ ઝગારા મારે છે. અને સૌથી મહાન વાત એ છે કે અલ્લાહ તઆલાએ પોતાના રસૂલે કરીમ ﷺને પેદા કરીને અને રહમતુલ્ લિલ્આલમીન બનાવીને મોકલ્યા છે, એ અલ્લાહ તઆલાનુ પોતાના બંદાઓ પર ઘણુ જ મહાન એહસાન છે જેનો શુક્ર અદા કરવાના માટે આ ખુશી આનંદનું પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે"

*(સીરતુલ હલબિયા, ૧/૮૦)*

એક અન્ય **મુહદ્દિષ ઈમામ સખાવી** رحمۃ اللہ علیہ લખે છે : વર્તમાન સ્થિતિમાં અને મેહફિલે મીલાદનું આયોજન કુરૂને ષલાષા પછી શરૂ થયું. પછી ત્યારથી સર્વ દેશોમાં અને સર્વ શહેરોમાં મુસલમાનો મીલાદ શરીફની મેહફિલોનું આયોજન કરતા રહ્યા છે. તેની રાતોમાં સદકા ખૈરાતથી ફકીરો મિસ્કીનોની દિલદારી કરે છે, હુઝૂરની વિલાદત બાસઆદતના બનાવને પઢીને ઘણા જ આયોજનપૂર્વક સંભળાવવામાં આવે છે અને **આ અમલની બરકતોથી અલ્લાહ તઆલા પોતાના ફઝ્લે અમીમની એમના પર વર્ષા કરે છે.**

**ત્રીજા મુહદ્દિષ ઈમામ જવઝી** ફર્માવે છે કે : "મેહફિલે મીલાદની ખાસ બરકતોમાંથી એ છે કે જે એને ગોઠવે છે તે એની બરકતથી આખુ વરસ હિફઝો અમાનમાં રહે છે અને પોતાના મકસદ તથા હેતુઓની જલ્દી પ્રાપ્તિ માટે આ એક બશારત છે."

સારાંશ કે આગલા મહાન બુઝુર્ગોએ એને મનાવવું જાઈઝ, નેક નસીબી તથા બરકતો પામવાનો સબબ કહ્યું છે, નાજાઈઝ તથા હરામ કોઈએ નથી કહ્યું.

## ★ મીલાદ વિશે આજકાલના દેવબંદી મોલ્વીઓ શું કહે છે ?! ★

દેવબંદી પેશવા **મોલ્વી રશીદ અહમદ ગંગોહી** લખે છે : કોઈ ઉર્સ અને મીલાદમાં શરીક થવું દુરુસ્ત નથી. અને કોઈ પ્રકારનો ઉર્સ તથા મૌલુદ દુરુસ્ત નથી. (ફતાવા રશીદિયા, પેજ–૧૪૮) એ જ કિતાબના પેજ નં. ૮૩ પર છે : મજલિસે મીલાદ ગોઠવવી **હર હાલમાં નાજાઈઝ છે.**

તેમજ બીજી જગાએ લખે છે : હવે દરરોજ કેવી વિલાદત (પેદાઈશ) થાય છે ! તો પછી આ દરરોજ વિલાદતનું દોહરાવવું (મિલાદ પઢવું) તો એવું છે જેમ કે હિંદુઓ **કનૈયાના જન્મ દિવસનો સ્વાંગ** દર વર્ષે રચે છે. .........**આ ખોટી ક્રિયા, નિંદાને પાત્ર તથા "હરામ" તથા "ગુનો" છે."**

*(બરાહીને કાતિઅહ, પેજ–૧૫૨)*

વિચારો ! મેહફિલે મીલાદમાં શું હોય છે ? એ જ કે કુર્આન શરીફની તિલાવત, હુઝૂર ﷺની નઅતે પાક તથા નબી પાક ﷺની મીલાદે પાકનું વર્ણન મોઅતબર બુઝુર્ગોની કિતાબોના હવાલાથી થાય છે, દુરૂદ શરીફ પઢવામાં આવે છે, સલાતો સલામ પઢવામાં આવે છે ............ વગેરે તો **આમાંની કઈ ચીજ શરીઅતની રૂએ નાજાઈઝ તથા ગુનો છે?** બસ, એમના દિલોમાં નબી પાક ﷺની જે દુશ્મની ભરેલી છે તે આ રીતે છલકાય રહી છે.

*શિર્ક ઠહરે જિસમેં તાઝીમે હુઝૂર*
*ઉસ બુરે મઝહબપે લઅનત કીજિયે*

## ★ જો મેહફિલે મીલાદુન્નબી ﷺ બુરી બિદઅત છે તો પછી... ★

જે વાતોમાં જે કામોમાં હુઝૂર ﷺની તાઝીમ

તથા આપની શાન જાહેર થતી હોય છે એવી દરેક વાતથી વહાબી દેવબંદીઓને ચીડ થાય છે, અને તેઓ અદાવતમાં શિર્ક, હરામ, બિદઅતનો મારો ચલાવે છે અને ભોળીભાળી અવામને વસવસામાં નાખવા કોશિશો કરે છે. કેટલાક બદમઝહબો મેહફિલે મીલાદ મનાવવાને બિદઅત કહે છે અને બિદઅત પણ તે જ બુરી તથા ગુમરાહી છે. જો બિદઅતનો ભાવાર્થ એ છે કે તે અમલ જે રિસાલતકાળ તથા ખિલાફતકાળમાં ન હતો અને એના બાદ જાહેર થયો તો બિદઅત છે અને બુરી બિદઅત છે અને તેના પર અમલ કરનાર ગુમરાહ છે, અને જહન્નમનું બળતણ છે, તો પછી એ હુકમ હેઠળ કેવળ મીલાદુન્નબી ﷺની મેહફિલ જ નહીં આવે બલ્કે ઉમ્મતની કોઈ વ્યક્તિ પણ તેનાથી બચી શકશે નહીં.

એ ઈલ્મો જેને શીખવાડવા માટે મોટા મોટા મદ્રસાઓ તથા જામિયા તથા યુનિવર્સિટીઓ સ્થાપિત કરવામાં આવી છે અને જેના પર કરોડો રૂપિયા ખર્ચ કરવામાં આવી રહ્યા છે, એ ઈલ્મોમાંથી મોટાભાગના તે ઈલ્મો છે જેમનું ખયરે કુરૂનમાં કયાં તો વજૂદ જ ન હતું અથવા હતું તો વર્તમાન સ્થિતિમાં છે તેવું ક્યાંય અસ્તિત્વ ન હતું. સર્ફ, નહ્‌વ, મઆની, બલાગત, ઉસૂલે ફિક્હ, ઉસૂલે હદીષ આ સર્વ ઈલ્મો બાદની પેદાવાર છે. શું જે ઉલમા તથા ફાઝિલોએ આ ઈલ્મોને સંપાદિત કર્યા અને પોતાની અમૂલ્ય જિંદગીઓ, પોતાની કિંમતી કાબેલિયતો તથા સમયો, તેમને કમાલની કક્ષાએ પહોંચાડવા માટે ખર્ચ કર્યા શું તેઓ સૌ બિદઅતી હતા ? અને આ બિદઅતમાં પડવાના કારણે તેઓ સૌ આ હઝરાત (દેવબંદી વહાબીઓ)ના ફત્વા હેઠળ જહન્નમનું બળતણ બની ગયા ? તો પછી ૧૪૦૦ સદીઓમાં ઈસ્લામના દામનમાં કોણ રહી જાય છે જેને જન્નતના હક઼દાર ઠરાવવામાં આવે ?!

એ જ પ્રમાણે ઉલૂમે કુર્આન તથા ફિક્હનું સંપાદન તો ખયરે કુરૂનમાં કરવામાં આવેલ નથી, એ પણ બાદમાં આવનાર ઉલમા, ફાઝિલોની રાત દિવસની તનતોડ મહેનતો તથા કોશિશોનું ફળ છે. વળી તે ઈલ્મો જેમનું વજૂદ જ બિદઅતનો ઢાંચો છે, તેની તદરીસના માટે જે જામિઆ તથા યુનિવર્સિટીઓ આજ સુધી બનાવવામાં આવી અથવા હવે પછી બાંધવામાં આવશે અને એના પર કરોડો રૂપિયા ખર્ચ કરવામાં આવી રહ્યા છે તો શું એ સૌ બુરી બિદઅતો છે ?! અને અલ્લાહના ગઝબને દાવત દેવાના સબબો છે ? આ અઝીમુશ્શાન મસ્જિદો અને તેના ગગનચુંબી મીનારાઓ અને તેને કલાકૃતિવાળા મેહરાબો રિસાલતકાળમાં ક્યાં હતા ? તો શું એ સૌને બિદઅત કહીને તમો તોડી પાડવાનો હુકમ આપશો ? મોડર્ન પ્રેસમાં છપાતાં કુર્આનો, કિતાબો, તથા મોબાઈલ થકી તેમનું વાંચન, અભ્યાસ વગેરેને કઈ બિદઅત કહેશો ? શું એને પણ બંધ કરી દઈએ ?! શું તમો બિદઅતનો ખાત્મો કરનાર કહેવડાવવાના જુનૂનમાં ઈસ્લામી ફોજો પાસેથી ટોપો, ટેન્કો, બોમ્બર વિમાનો સૌ છીનવી લેશો અને તેના બદલે તેમના હાથોમાં તીર કમાન આપીને જંગના મેદાનમાં મોકલશો ? તમારા મોલ્વીઓ તથા તબ્લીગી જમાતો બસો, ટ્રેનો, વિમાનો દ્વારા દેશ વિદેશ ઘુમી રહેલ છે તો એને બિદઅત નહીં કહો ? **તમારી બિદઅતની વ્યાખ્યા કે દરેક બિદઅત ગુમરાહી છે એ જાહેરી અર્થ પર છે તો જેટલી નવી ચીજો દીની કામોમાં કે દુનિયવી કામોમાં વપરાય છે તેને ત્યજી દો અને પગપાળા કે ખચ્ચર, ગધેડાં, ઊંટોની સવારીથી જ કામ ચલાવો, નહીં તો તમારા જ ફત્વાથી તમો જ ગુમરાહ બનશો.** અલ્લાહ બેદીનોની ગુમરાહીઓથી સુન્નીઓને બચાવે. (આમીન).

આ કુદરતનો નિયમ છે કે માણસ બાળપણ, યુવાવસ્થા તથા ભરપૂર જવાનીની વસંત જોયા બાદ ઘડપણના ઓટલે આવીને બેસી જાય છે.

અલ્લાહ તઆલા ફર્માવે છે :

وَمَنْ نُّعَمِّرْهُ نُنَكِّسْهُ فِي الْخَلْقِ ؕ اَفَلَا يَعْقِلُوْنَ ﴿٦٨﴾

''અમે જેને લાંબી ઉમર આપીએ છીએ તેને તાકત તથા સ્વભાવમાં (બાળપણ તથા કમજોરી) તરફ વાળી દઈએ છીએ, શું તેઓ અક્કલ નથી રાખતા.'' *(યાસીન–૩૬/૬૮)*



## હુઝૂર ﷺ નો વયોવૃધ્ધ લોકો સાથે સદ્વર્તાવ

**''વૃદ્ધોની ઈજ્જત તથા તા'ઝીમની તાકીદ તથા મહત્વ એનાથી વિશેષ શું હોઈ શકે છે કે હદીષે નબવીમાં તેમની ઈજ્જતને અલ્લાહ عزوجل تعالیٰની ઈજ્જતના સમાન ઠરાવેલ છે.''**

એટલે કે મોટી ઉમરના લોકો પોતાની કમજોરી, નબળાઈ તથા મોટી વયના લીધે શારીરિક તથા માનસિક રીતે બાળકો જેવા થઈ જાય છે. જે કાલ સુધી અન્યોનો ભાર પોતાનાં ખભે ઉંચકતા હતા તેઓ આજે જીવનની આ ઘડીએ બીજાઓના મોહતાજ થઈ જાય છે, અને તેમની ખિદમત તથા મહોબ્બતના સહારે જીવે છે. આ સ્થિતિમાં હુસ્ને સુલૂક (સદ્વર્તાવ)નો તકાઝો એ છે કે તેમને નોકરો અથવા સંજોગોના ભરોસે છોડી દેવાને બદલે તેમની કમજોરીઓ તથા નબળાઈઓ દૂર કરવાની કોશિશ કરવામાં આવે. કોઈની થોડી સરખી મહોબ્બત અને ભાવના ભેર લેવામાં આવતુ ધ્યાન તેઓને એ ઉંમરે જીવવાની નવી રાહ આપી શકે છે, અને તેના બદલામાં અલ્લાહની બારગાહથી મોટુ ઈનામ અર્પણ થાય છે. ઘરડા માણસોની સાથે હુસ્ને સુલૂકના બારામાં રહમતે આલમ ﷺની હદીષો ઘણી સ્પષ્ટ તથા મહત્વ ધરાવનારી છે.

### ★ તમે ઘરડાંની ઈજ્જત કરો તો.... ★

હઝરત અનસ رضی اللہ عنہ રિવાયત કરે છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું :

ما أكرم شاب شيخا لسنه إلا قيض الله له من يكرمه عند سنه

''જે યુવાન કોઈ ઘરડાની મોટી ઉમરના લીધે તેની ઈજ્જત કરે છે તો અલ્લાહ તઆલા તે યુવાન માટે કોઈને નક્કી કરી દે છે જે તેના ઘડપણમાં તેની ઈજ્જત કરશે.'' *(તિર્મિઝી, હદીષ–૨૦૨૨)*

ઈસ્લામ એક વિશ્વવ્યાપી દીન છે, જેમાં જીવન વીતાવવા માટેના બધા તરીક઼ા અને માનવતાની જરૂરતો પૂરી પાડવાની વિગતો મળે છે. માનવ હક્ક઼ોની કાળજી અને સન્માનના બારામાં જેટલું જોર ઈસ્લામમાં મળે છે તે બીજા ધર્મોમાં ક્યાંય નથી મળતુ. વળી માનવીઓના હક્કોમાં ખાસ કરીને મોટી વયના લોકોના હક્ક઼ોની વાત હોય તો ઈસ્લામનું વલણ કેવળ ન્યાય સુધી નથી હોતુ બલ્કે તેનાથી આગળ ભલાઈ કરવાના હુકમો પર આધારિત છે.

### ★ વૃધ્ધોની ક઼દરનું અમલી દૃષ્ટાંત ★

આપણો દીન એટલો સુંદર તથા સરળ છે કે મોટી વયના લોકોની ખિદમત તથા તેમના સન્માનને બરકતનો સબબ ઠરાવી દીધો છે. હુઝૂર નબી કરીમ ﷺની સીરતનો ઉંડાણપૂર્વક અભ્યાસ કરવાથી જાણવા મળે છે કે હુઝૂર મોટી ઉમરના લોકોનો ખૂબ જ આદર કરતા હતા, જેની એક ઝલક

રજૂકતા : પટેલ અબ્દુર્રહમાન મિસ્બાહી (પારેખત) *(રિસર્ચ સ્કોલર : જામિઆ અશરફિયહ–મુબારકપુર)*

આપણને ફત્હે મક્કા બાદ થનારા પ્રસંગોમાં જોવા મળે છે. જ્યારે હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہના ઘરડા વાલિદને ઈસ્લામ કબૂલ કરવા માટે હાજર કરવામાં આવ્યા તો હુઝૂર صلی اللہ علیہ وسلمએ તેમના સન્માનમાં કયા શબ્દો ઈર્શાદ ફર્માવ્યા ?

હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ ફર્માવે છે :

جئت بأبي أبي قحافة رضي الله عنه إلى رسول الله صلى الله عليه وآله وسلم فقال هلا تركت الشيخ حتى آتيه

"હું મારા વાલિદ હઝરત અબૂ કુહાફાને હુઝૂર નબી કરીમ صلی اللہ علیہ وسلمની બારગાહમાં લાવ્યો, તો હુઝૂરે ફર્માવ્યું, તમે તમારા વાલિદને ઘરે જ રહેવા દેતા, હું પોતે ત્યાં આવી જતો."

આ મોટી વયના લોકોના આદરનું અમલી ઉદારણ છે. હુઝૂરે તેમનો આદર કરતી વેળા એમ ન વિચાર્યું કે અબૂ કુહાફા લાંબા સમય સુધી કુફ્રની હાલતમાં રહ્યા, હવે કુફ્ર ભાગી પડયું ત્યારે તે મુસલમાન બની રહ્યા છે. અમુક વખતે માણસ પહેલાંના મતભેદને લઈને કોઈનો આદર કરવાથી રોકાઈ જાય છે. અહીં એવા લોકો માટે નમૂનો છે કે ઘરડા લોકોનો દરેક હાલતમાં આદર કરવામાં આવે. હુઝૂર صلی اللہ علیہ وسلمએ વૃધ્ધની તાઝીમને અલ્લાહની શાનની નિશાની બતાવી છે.

## ★ વૃધ્ધોનો આદર ખુદાની શાનનો તથા નબીની તા'ઝીમનો હિસ્સો ★

હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہથી રિવાયત છે કે નબી કરીમ صلی اللہ علیہ وسلمએ ઈર્શાદ ફર્માવ્યો :

إن من إجلال الله إكرام ذي الشيبة المسلم

"વૃધ્ધ મુસલમાનનો આદર કરવો અલ્લાહની શાનનો એક હિસ્સો છે."

*(અબૂ દાઊદ શરીફ, હદીષ–૪૮૪૩)*

એ જ રીતે વૃધ્ધોના આદરના બારામાં હઝરત અનસ رضی اللہ عنہ રિવાયત કરે છે કે હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું : إن من إجلالي توقير الشيخ من أمتي "બેશક ! મારી ઉમ્મતના મોટી વયના લોકોનો આદર મારી તાઝીમનો હિસ્સો છે." *(કન્ઝુલ ઉમ્માલ–૩૧૦૬)*

## ★ નમાઝમાં પણ વૃધ્ધો પ્રત્યે સહાનુભૂતિ ! ★

હુઝૂર નબી કરીમ صلی اللہ علیہ وسلمની વૃધ્ધો સાથે સહાનુભૂતિનું એનાથી મોટુ ઉદાહરણ શું હોઈ શકે કે હુઝૂર નમાઝની જમાઅતમાં મોટી વયના લોકોની હાજરીના કારણે કિરાઅત્ ઓછી કરવાની ખૂબ તાકીદ ફર્માવતા હતા, જેમ કે હદીષ શરીફથી સાબિત છે. હઝરત અબૂ મસઊદ અન્સારી رضی اللہ عنہ ફર્માવે છે :

أن رجلا قال والله يا رسول الله إني لأتأخر عن صلاة الغداة من أجل فلان مما يطيل بنا فما رأيت رسول الله صلى الله عليه وآله وسلم في موعظة أشد غضبا منه يومئذ ثم قال إن منكم منفرين فأيكم ما صلى بالناس فليتجوز فإن فيهم الضعيف والكبير وذا الحاجة

"એક શખ્સે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم ખુદાની કસમ ! હું સવારની નમાઝમાંથી ફલાણાના કારણે રહી જાઉં છું જે અમને નમાઝ પઢાવે છે. મેં તે દિવસથી વધુ નારાઝગી સાથે નસીહત કરતા હુઝૂરને ક્યારેય નથી જોયા. ઈર્શાદ ફર્માવ્યો, તમારામાંથી અમુક લોકો નફરત પેદા કરનારા છે. જે તમારામાંથી લોકોને નમાઝ પઢાવે તે હળવી (ટૂંકી) પઢાવે કેમ કે લોકોમાં કમજોર, વૃધ્ધ તથા જરૂરતમંદ પણ હોય છે." *(બુખારી, હદીષ : ૬૮૦)*

હઝરત હસન બિન મુસ્લિમથી રિવાયત છે કે હુઝૂર નથી કરીમ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું :

من تعظيم جلال الله تعظيم ذي الشيبة المسلم

"અલ્લાહની તાઝીમમાંથી છે કે તે મુસલમાનનો આદર કરવામાં આવે જેના વાળ સફેદ થઈ ગયા હોય." *(બયહકી–૧૦૯૮૭)*

### ★ આવી પ્યારી તાલીમ ઈસ્લામમાં જ જોવા મળશે ! ★

હઝરત સહલ બિન સઅ્દ رضی اللہ عنہથી રિવાયત છે :

"હુઝૂર નબી કરીમ ﷺની બારગાહમાં એક પ્યાલો પેશ કરવામાં આવ્યો તો હુઝૂરે તેમાંથી પીધુ અને આપની જમણી બાજુ એક નવયુવાન હતા અને ડાબી બાજુ મોટી ઉમરના લોકો હતા, તો ઈર્શાદ ફર્માવ્યો, હે છોકરા ! શું તું પરવાનગી આપે છે કે હું મોટી વયના લોકોને આપી દઉં." *(બુખારી–૨૨૨૪)*

આ હદીષમાં વિચારવા જેવી વાત એ છે કે હુઝૂરે મોટી વયના લોકો ડાબી બાજુ બેઠા હતા તેમ છતાં એ વાતનો પ્રવાસ કર્યો કે પીણાને પીવાની શરૂઆત મોટા લોકોથી જ થાય, એના માટે બાળકની પરવાનગી પણ માગી. ઉપરોક્ત હદીષોથી મોટી વયના લોકોનો આદર કરવાનો દર્સ આપણને રસૂલુલ્લાહ ﷺની મુબારક સીરતથી મળે છે.

દરેક પ્રકારના સામાજિક મામલામાં પણ નબી કરીમ ﷺએ વૃધ્ધોના આદર તથા એહતેરામનો હુકમ આપ્યો છે. હઝરત અબ્દુલ્લાહ બિન સહ્લ અને હઝરત મહીસા બિન મસ્ઊદ ખૈબર પહોંચ્યા તો તે બંને બાગોમાં એક બીજાથી અલગ થઈ ગયા. તે દરમ્યાન જ હઝરત અબ્દુલ્લાહ બિન સહલને શહીદ કરી દેવામાં આવ્યા, તો હઝરત અબ્દુર્રહમાન બિન સહલ અને મસ્ઊદના પુત્ર હુવૈસા તથા મહ્‌ીસા હુઝૂર ﷺની ખિદમતમાં હાજર થયા, અને પોતાના સાથીના બારામાં વાતચીત કરી. જેની શરૂઆત હઝરત અબ્દુર્રહમાને કરી, જ્યારે કે તે સૌથી નાના હતા. તેના પર હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, كبر الكبر "મોટા વ્યક્તિના દરજ્જા અને આદરનો ખ્યાલ રાખો." *(બુખારી, હદીષ–૫૭૯૧)*

ઉપરોક્ત હદીષથી એ વાત બિલ્કુલ સાફ થઈ જાય છે કે હુઝૂરે દરેક પ્રસંગે મોટી વયના લોકોનો લેહાઝ કર્યો અને હુઝૂરે માણસાઈના આધારે તેમનો આદર કર્યો. દરેક પ્રકારની રિશ્તેદારી તથા સંબંધથી વધીને હુઝૂરે વૃધ્ધના આદરને મહત્વ આપ્યું.

હુઝૂર નબી કરીમ ﷺએ જેવી રીતે આર્થિક, સામાજિક, તથા સંસ્કારિક હક્કોની અદાયગીનો હુકમ આપ્યો છે તેવી જ રીતે ખાસ કરીને મોટી વયના લોકોને ઘણા હક્કો આપ્યા છે. તેમને આદર તથા એહતેરામ અને રહમત તથા બરકતના લાયક ગણાવ્યા છે.

હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہથી રિવાયત છે કે નબી કરીમ ﷺએ ફર્માવ્યું : البركة مع أكابركم "બરકત તમારા મોટાઓ સાથે જ છે." *(મુસ્તદરક હાકિમ, ૨૧૦)*

### ★ જેમ ઉમર વધે છે તેમ રબનાં ઈનામો વધે છે ! ★

હઝરત અનસથી જ રિવાયત છે કે નબી ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :

مَا مِنْ مُعَمَّرٍ يُعَمَّرُ فِي الْإِسْلَامِ أَرْبَعِينَ سَنَةً إِلَّا صَرَفَ اللّٰهُ عَنْهُ ثَلَاثَةَ أَنْوَاعٍ مِنَ الْبَلَاءِ الْجُنُونَ وَالْجُذَامَ وَالْبَرَصَ فَإِذَا بَلَغَ خَمْسِينَ سَنَةً لَيَّنَ اللّٰهُ عَلَيْهِ الْحِسَابَ فَإِذَا بَلَغَ سِتِّينَ رَزَقَهُ اللّٰهُ الْإِنَابَةَ إِلَيْهِ بِمَا يُحِبُّ فَإِذَا بَلَغَ سَبْعِينَ سَنَةً أَحَبَّهُ اللّٰهُ وَأَحَبَّهُ أَهْلُ السَّمَاءِ فَإِذَا بَلَغَ الثَّمَانِينَ قَبِلَ اللّٰهُ حَسَنَاتِهِ وَتَجَاوَزَ عَنْ سَيِّئَاتِهِ فَإِذَا بَلَغَ تِسْعِينَ غَفَرَ اللّٰهُ لَهُ مَا تَقَدَّمَ مِنْ ذَنْبِهِ وَمَا تَأَخَّرَ وَسُمِّيَ أَسِيرَ اللّٰهِ فِي أَرْضِهِ وَشَفَعَ لِأَهْلِ بَيْتِهِ

"જ્યારે મુસલમાન બંદો ચાળીસ વરસનો થઈ

જાય છે તો અલ્લાહ તઆલા તેનાથી ત્રણ પ્રકારની બલાઓ દૂર કરી દે છે : પાગલપણુ, કોઢ અને સફેદ દાગની બીમારી. અને જ્યારે પચાસ વરસનો થઈ જાય છે તો તેના હિસાબમાં નરમી કરે છે. અને જ્યારે સાઈઠ વરસનો થઈ જાય છે તો અલ્લાહ તઆલા તેને પોતાની તરફ ઝુકવાની તૌફીક઼ આપે છે. અને જ્યારે સિત્તેર વરસનો થઈ જાય છે તો આસમાનવાળા તેની સાથે મહોબ્બત કરવા લાગે છે. અને જ્યારે એંસી વરસનો થઈ જાય છે તો અલ્લાહ તઆલા તેની નેકીઓ બાકી રાખે છે અને તેની બુરાઈઓ મિટાવી દે છે. અને જ્યારે નેવું વરસનો થઈ જાય છે તો અલ્લાહ તઆલા તેના આગલા પાછલા ગુનાહ માફ ફર્માવી દે છે અને તેના ઘરવાળાઓ બાબતે તેને શફાઅત કરનાર બનાવે છે અને આસમાનો પર લખી દેવામાં આવે છે કે આ અલ્લાહની જમીનમાં એનો ક઼ેદી છે અને તેના ઘરવાળાઓના હક્ક઼માં એની સિફ઼ારિશ ક઼બૂલ ફર્માવે છે."

## ★ ખિલાફ઼તે રાશિદામાં વૃધ્ધોની ક઼દર ★

રિસાલતકાળના ઉપરાંત ખિલાફતે રાશિદામાં પણ વૃધ્ધ લોકોના હક્કોનો ખાસ ખયાલ રાખવામાં આવ્યો અને તેમને કેટલીય રાહતો આપવામાં આવી. જે વૃધ્ધો કામકાજને પાત્ર ન હતા તેમના માટે વઝીફો (પેન્શન) નિશ્ચિત કરી દેવામાં આવતો. મુસલમાનો ઉપરાંત ગૈર મુસ્લિમ વૃધ્ધોની પણ મદદ કરવામાં આવતી.

એકવાર હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ એક જગાએથી પસાર થતા હતા. જોયું કે એક વૃધ્ધ ભીખ માગી રહ્યો છે. આપે ભીખ માગવાનો સબબ પૂછયો તો તેણે કહ્યું, જિઝિયા તથા આર્થિક જરૂરતે મને મજબૂર કરી આપ્યો છે. હઝરત ઉમર رضی اللہ عنہએ તેનો હાથ પકડયો અને પોતાના ઘરે લઈ જઈને કાંઈક આપ્યું પછી બૈતુલ માલમાં લઈ જઈને ખજાનચીને હુકમ આપ્યો, આ તથા આના જેવા અન્ય હાજતમંદોની છાનબીન (તપાસ) કરો. એ ઈન્સાફ ન થશે કે આપણે જવાનીમાં તેમનાથી ફાયદો ઉઠાવ્યો અને હવે વૃધ્ધાવસ્થામાં આપણે તેમને ભૂલી જઈએ. સારાંશ તેનો અને તેના જેવા બીજા સન્માન પાત્ર લોકોના બૈતુલ માલથી વઝીફો ચાલુ થઈ ગયો અને તેમનાથી જિઝિયો માફ થઈ ગયો. *(અબૂ ઓબૈદા ક઼ાસિમ, કિતાબુલ અમ્વાલ, પેજ–૫૭, હદીષ નં. ૪૧૩)*

આજે આપણે હઝરત ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہના આ અમલની ચર્ચા તો કરીએ છીએ કે તેમણે મુસ્લિમ તથા ગૈર મુસ્લિમ પ્રજાના અધિક ઉમરવાળી વ્યક્તિઓના માટે એક વઝીફો (પેન્શન) નિશ્ચિત કર્યો, જ્યારે કે આપણો હાલ આપણાને સૌને ખબર છે ! જો આપણે એના પર વિચારણા કરીએ તો વૃધ્ધ લોકો સાથે થનારા અન્યાયનું કારણ સમજવામાં મુશ્કેલી નહીં પડે.

આજે વર્તમાનકાળની નવયુવાન પેઢીને ઈસ્લામ ધર્મની તાલીમાત અને અમલી દષ્ટાંતો થકી માનવ વર્ગોમાં ખાસ કરીને વૃધ્ધ લોકોના માન જાળવવા બાબતે માર્ગદર્શન આપવાની જરૂર છે જેથી તેઓ નબી કરીમ ﷺના બેહતરીન નમૂનાઓ ઉપર અમલ કરતા થઈને માનવોના આ મહત્વના તબક઼ા (વર્ગ) સાથે નરમીથી વાતચીત, સદવર્તાવ, અને ખૈર ખ્વાહી (ભલુ ચાહવા)નો જઝબો અપનાવે. તેમના હક્કો સારામાં સારા તરીક઼ાથી અદા કરે. વૃધ્ધાવસ્થાના કારણે ચીડિયાપણુ એ ફિતરી (સ્વભાવિક) તક઼ાઝો છે, જેથી વૃધ્ધોની તેમના સ્વભાવ વિરૂધ્ધની વાતો પર સંયમ તથા સહન શક્તિથી કામ લે, જેથી ઘર તથા સમાજ બંને અમ્નો શાંતિનુ ગુલશન બની શકે.

*(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, ફેબ્રુઆરી–૨૦૨૧)*

## મૌતુલ આલિમ મૌતુલ આલમ !

**હોલેન્ડ** : તા. ૯–૯–૨૦૨૧, ૧–સફર હિ.સ. ૧૪૪૩, જુમેરાતના રોજ મશ્હૂર મુફક્કિર, અદીબ, શાઈર તથા ડઝનબંદી કિતાબોના લેખક પીરે તરીક્ત, મુફક્કિરે ઈસ્લામ **હઝરત અલ્લામા મૌલાના અલ્હાજ બદરુલ ક઼ાદરી મિસ્બાહી** رحمۃ اللہ علیہનો હોલેન્ડમાં ઈન્તેક઼ાલ થઈ ગયો છે. તેમણે અડધી સદી સુધી પુર ખુલૂસ રીતે દીની, ક઼ૌમી, અદબી તથા તબ્લીગી ખિદમતો અંજામ આપી છે. ઘણી જ ખૂબીઓના માલિક હતા. આપની કિતાબ *''ઈસ્લામ ઔર અમ્ને આલમ''*ને નાચીઝે ગુજરાતી કરીને અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા થકી બે વાર પ્રકાશિત કરેલ છે, અલ્હમ્દુલિલ્લાહ ! અલ્લાહ તઆલા એમની ખિદમતોને ક઼બૂલ ફર્માવે અને કરવટ કરવટ જન્નત નસીબ ફર્માવે અને દરજાત બુલંદ ફર્માવે. આમીન યા રબ્બલ આલમીન બિજાહિન્નબીકરીમ ﷺ. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## :: ઈન્તેક઼ાલ પુરમલાલ ::

- **ટંકારી બંદર** : (તા. જંબુસર) ખાતે સાદિક સુલેમાન કંડકટર તા. ૧૨–૦૬–૨૦૨૧, ૦૧ ઝિલ્ ક઼અદ, હિ.સ. ૧૪૪૨, શનિવારના રોજ અલ્લાહની રહ઼મતમાં પહોંચી ગયા છે. તેમના ઈસાલે સવાબ અર્થે તેમના સુપુત્ર ઈરફાન તરફથી ''બરકાતે ખ્વાજા'' (માસિક)ને રૂા. ૧૦૦૦/– લિલ્લાહ મળ્યા છે. મર્હૂમ ઈમાનદાર, નેક નમાઝી, પાકા સુન્ની, મસ્જિદના મુતવલ્લી હતા. બરકાતે ખ્વાજા મંથલીના તથા સુન્ની દા'વતે ઈસ્લામીના ખૂબ ચાહક હતા. અલ્લાહ એમની નેકીઓને ક઼બૂલ ફર્માવે. અલ્લાહ તબારક વ તઆલા મર્હૂમની કરવટ કરવટ મગફિરત ફર્માવે અને જન્નતુલ ફિરદોસમાં આ'લા મક઼ામ અતા કરે અને કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. (આમીન)
- **દયાદરા** : (તા.જિ. ભરૂચ) સાદિક અબ્દુલ સાંખી (માસ્ટર મટીરિયલવાળા) તા. ૨૪–૦૮–૨૦૨૧, ૧૫ મુહર્રમુલ હરામ, હિ.સ. ૧૪૪૩ મંગળવારના રોજ અલ્લાહની રહ઼મતમાં પહોંચી ગયા છે. ❑ શરીફાબહેન ઐયૂબ તેલીયા તા. ૩–૯–૨૦૨૧, ૨૪ મુહર્રમુલ હરામ હિ.સ. ૧૪૪૩ જુમ્આના રોજ અલ્લાહની રહ઼મતમાં પહોંચી ગયા છે. ❑ ઈસ્માઈલ અહમદ કીડીવાલા તા. ૭–૦૯–૨૦૨૧ ૨૯ મુહર્રમુલ હરામ હિ.સ. ૧૪૪૩ મંગળવારના રોજ અલ્લાહની રહ઼મતમાં પહોંચી ગયા છે.
- **નરસંડા** : અમારા મુખ્લિસ મિત્ર જનાબ અબ્દુલ કૈયૂમભાઈના પિતા અબ્દુર્રહમાન ગફૂર વોરાનો તા. ૬–૯–૨૦૨૧, હિ.સ. ૧૪૪૨ મંગળવાર ૨૮ મુહર્રમુલ હરામ સોમવારના રોજ ઈન્તેક઼ાલ થયો છે.
- **બોલ્ટન** : યુ.કે. ખાતે હાજી યૂનુસભાઈ હાફેઝી (નબીપુરવાલા) તા. ૨૮–૦૮–૨૦૨૧, ૧૮ મુહર્રમુલ હરામ, હિ.સ. ૧૪૪૩ શનિવારના રોજ અલ્લાહની રહ઼મતમાં પહોંચી ગયા છે.
- **ઉમરાજ** : લંડનથી અમારા મિત્ર મુહમ્મદ મોજીના જણાવ્યાનુસાર લંડન સ્થિત સલીમભાઈના વાલિદ સાહબ ગફૂર ઈસા ભાઈજીનો ૭૮ વરસની વયે ઉમરાજ ગામે તા. ૧૦–૯–૨૦૨૧ના રોજ ઈન્તેક઼ાલ થયો છે.

*રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદક઼ામાં મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** તથા **દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ** ખાતે કુર્આન શરીફનો ખત્મ કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી. –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## દયાદરામાં જશ્ને મખ્દૂમે સિમ્નાં તથા શાહ વજીહુદ્દીન અલ્વી رحمۃ اللہ علیہما

રવિવાર તા. ૫–૯–૨૦૨૧ના રોજ હઝરત મખ્દૂમે સિમ્નાં હઝરત મખ્દૂમ જહાંગીર સિમ્નાની رحمۃ اللہ علیہના ઉર્સના મોક઼ા નિમિત્તે મુખ્તારુલ મસાજિદ–દયાદરામાં અસર બાદ "સુન્ની દા'વતે ઈસ્લામી"સુન્ની ઈજતેમામાં જશ્ને મખ્દૂમે સિમનાં મનાવાયો જેમાં હઝરત મૌલાના ઝહીર મિસ્બાહી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર)એ હઝરત મખ્દૂમ સાહબની શાનમાં, આપના કમાલાત પર ઈમાન અફરોઝ બયાન કર્યું હતું. તેમજ આપના ઈર્શાદાત વર્ણવી આપના નક઼્શે ક઼દમ ચાલવા નસીહત કરી હતી. એ જ પ્રમાણે તા. ૧૨–૫–૨૦૨૧ના રોજ અસર બાદ સુન્ની ઈજતેમામાં હઝરત શાહ વજીહુદ્દીન અલ્વી ગુજરાતી رحمۃ اللہ علیہની જિંદગીના હાલાત, આપની દીની ખિદમતો, આપનો ઈલ્મ તથા કરામતો વિશે ઈમાનને તાજગી બખ્શતું બયાન મૌલાના ઝહીર સાહબે કર્યું હતું.

શાદી મુબારક

**જાંબિયા** : લુસાકા ખાતે નઝીર અલી પટેલના નેક ફરઝંદ (તંત્રી : બરકાતે ખ્વાજા–માસિકના સગા ભત્રીજા) હાફિઝ મુહમ્મદજાબિરના નિકાહ સાહિસ્તા (D/o. સાજિદ અબ્દુલ્લાહ શેરપુરાવાળા દયાદરા) સાથે તા. ૨૧–૦૮–૨૦૨૧ શનિવારે અસર બાદ મસ્જિદે ગૌષિયામાં રાખવામાં આવ્યા. તેની ખુશીમાં નઝીર પટેલ તરફથી રૂા. ૫૦૦/– "અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા"માં આપવામાં આવ્યા. જઝાકલ્લાહ ! મુબારકબાદ ! રબ્બે કરીમ તેના પ્યારા હબીબ صلی اللہ علیہ وسلمના સદક઼ામાં દુલ્હા દુલ્હન, સર્વ કુટુંબીજનોને બંને જહાનની નેઅમતો, ખુશીથી માલામાલ રાખે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

તશરીફે જહાં

**ભરૂચ** : (મુમતાજ પાર્ક) ખાતે જનાબ યૂસુફ અલી ગડિમલના સુપુત્ર ઐયૂબને ત્યાં પુત્રીનો જન્મ થયો જેનું નામ "સારાહ" રાખવામાં આવ્યું. આ મુબારક અવસરની ખુશીમાં દાદા તરફથી "બરકાતે ખ્વાજા" મંથલીને રૂા. ૧૦૦૦/– લિલ્લાહ મળ્યા છે. *(જઝાકલ્લાહ ! મુબારકબાદ ! અલ્લાહ તઆલા તેના હબીબ صلی اللہ علیہ وسلمના સદક઼ામાં "સારહ"ને દીન દુનિયાની નેઅમતોથી નવાઝે, મા, બાપ, દાદા, દાદી, કુટુંબીજનોની આંખોની ઠંડક બનાવે. (આમીન) –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## દયાદરામાં ઉર્સે અઝીઝી મનાવાયો

મુહર્રમ શરીફના છટ્ઠા ચાંદે દયાદરા ખાતે **હઝરત સૈયદ અઝીઝ અહમદ ઉર્ફે બળા સાહબ ચિશ્તી નિઝામી** رحمۃ اللہ علیہના ઉર્સની તક઼રીબાતમાં અસર બાદ મુરીદો અક઼ીદતમંદોની હાજરીમાં જાનશીને બળા સાહબ હઝરત સૈયદ નૂરાનીબાવા તેમજ હઝરત સૈયદ ફરીદબાવાની હાજરીમાં સંદલ શરીફની વિધિ બાદ સલાતો સલામ સાથે દુઆ ગુજારવામાં આવી હતી. મગરિબ બાદ, દરગાહ પર આવનાર સર્વ ગામના તથા બહારના મહેમાન હઝરાતને ન્યાઝ જમાડવામાં આવી હતી.

## જશ્ને હુઝૂર મુફ્તીએ આ'ઝમ મનાવાયો

**દયાદરા** : મુખ્તારુલ મસાજિદમાં ૧૪ મુહર્રમના રોજ મુજદ્દિદ ઈબ્ને મુજદ્દિદ, વલીયે કામિલ **હુઝૂર મુફ્તીએ આ'ઝમ મુસ્તફા રઝાખાં** رحمۃ اللہ علیہના ઉર્સ નિમિત્તે રવિવાર તા. ૨૨–૦૮–૨૦૨૧ ના રોજ અસર બાદ સુન્ની દા'વતે ઈસ્લામીના સુન્ની ઈજતેમામાં **"જશ્ને મુફ્તીએ આ'ઝમ"** મનાવાયો જેમાં હઝરત મૌલાના ઝહીર મિસ્બાહી સાહબ (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર)એ આપના તક઼્વા, તહારત તથા શરીઅત પર અડગતા વિશે તેમજ આપની કરામતો તથા કમાલાત વર્ણવ્યા હતા.